**આંક :–**

**–:: નમુનો–અ:–**

**જુનાગઢના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ**
**ચુકાદાની તા. ૨૦/૦૪/૨૦૨૬**
**સેશન્સ કેસ નં. ૫૧/૨૦૧૩**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૧૨૦–બી,૪૪૭, આર્મ એકટની કલમ–૨૫(૧)(બી)એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | નં. ફ.૧૬૪/૧૨ |
| પોલીસ સ્ટેશન | જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર (ફરીયાદી:–રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુ) |
| ફરીયાદપક્ષ તરફે વિ. વ.શ્રી: | વિ. સ્પે.પી.પી. શ્રી ડી.આર.કરકર . |
| આરોપી પક્ષ | (૧) જુસબ ઉર્ફે જુસો અલારખા સાંઘ, ઉ.વ.૩૭, રહે. રવની તા. વંથલી<br>(૨) સીકન્દર ઉર્ફે સીકલો સુલેમાન હાલા ગામેતી, ઉ.વ.૨૪, રહે. જોશીપરા, આદિત્ય શાક માર્કેટ સામે, જુનાગઢ<br>**(૩) સલીમ ઉર્ફે અઠીયો સુલેમાન હાલા(એબેટ) ઉ.વ.૩૫, રહે. જોશીપરા, આદિત્ય શાક માર્કેટ સામે, જુનાગઢ**<br>(૪) હાજી જુમા સમા ડફેર, ઉ.વ.૩૭, રહે. બાલવા તા. જામ જોધપુર, હાલ નાંદરખી, તા. જુનાગઢ<br>(૫) યુસુફ ઉર્ફે ઇસા જુમાભાઇ કેવર ડફેર, ઉ.વ.૩૭, રહે. શાપુર, તા. વંથલી<br>(૬) હારૂન આમદ ગંભીર સાંઘ ગામેતી, ઉ.વ. ૨૩, રહે. સકકરબાગ, રામદેવપરા, હુસેની ચોક, જુનાગઢ<br>**(૭) જાવીદખાન ઉર્ફે જાવલા કાસમખાન આગવાન પઠાણ(એબેટ)** |

DISTRICT & SESSIONS COURT JUNAGADH * JUNAGADH DISTRICT *

| | |
|---|---|
| | **ઉ.વ.૨૩, રહે. સુખનાથ ચોક, જમાલવાડી,જુનાગઢ**<br>**(૮) નગા લખમણ રાઠોડ,(એબેટ)**<br>**ઉ.વ.૫૧, રહે. જુનાગઢ જોશીપરા, પુનિતનગર, મુળ ઝાંજરડા ગામ,**<br>**(૯) રામા નગા રબારી (એબેટ)**<br>**ઉ.વ.૨૪, રહે. જુનાગઢ જોશીપરા, પુનિતનગર, મુળ ઝાંઝરડા ગામ**<br>(૧૦) સલીમ ઉર્ફે ભુરીયો હુસેન સોઢા ગામેતી, ઉ.વ.૩૨, રહે. જુનાગઢ મજેવડી દરવાજા, ભારત મીલના ઢોળા ઉપર,<br>**(૧૧) અવતારસિંહ ઉર્ફે ફેન્સી જોગેન્દરસીંગ લબાના શીખ(એબેટ)**<br>**ઉ.વ.૨૦, રહે. દોલતપરા, ભુમેશ્વરી સોસાયટી,જુનાગઢ** |
| આરોપી તરફે વિ. વ.શ્રી: | વિ. વ.શ્રી ડી.એ.ચાદવ, વકીલ શ્રી આર.કે.બુચ તથા વિ. વકીલ શ્રી જે.આર.જોશી તથા વિ. વકીલ શ્રી આર.ડી.ઠાકર |

**-: નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૧/૧૨/૧૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૧૨/૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨૪/૦૩/૧૩ |
| તહોમતનામુ/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૮/૧૦/૧૮ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮/૧૨/૧૮ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ---- |
| ચુકાદાની તારીખ | ૨૦ /૦૪ /૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

-: આરોપીની વિગત :-

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ /દોષ** | **કરવા માં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH DISTRICT सत्यमेव जयते

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુસબ ઉર્ફે જુસો અલારખા સાંઘ, | **૦૫–૦૧–૧૩** | –– | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૪૪૭,૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | ––– | ૦૫–૦૧–૧૩ થી જયુડી. કસ્ટડીમાં |
| ૨ | સીકન્દર ઉર્ફે સીકલો હાલા ગામેતી, | ૨૨–૧૨–૧૨ | ૧૯-૦૩-૧૪ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૪૪૭,૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | ––– | ૧ વર્ષ, ૨ માસ, ૨૫ દિવસ |
| **૩** | **સલીમ ઉર્ફે અઠીયો સુલેમાન હાલા (એબેટ)** | **૨૨–૧૨–૧૨** | **૨૩-૧૧-૧૩** | **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૪૪૭,૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** | **–––** | **–––** | **૧૧ માસ, ૧ દિવસ** |
| ૪ | હાજી જુમા સમા ડફેર, | ૨૫–૧૨–૧૨ | ૩૧-૧૦-૧૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૪૪૭,૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | ––– | ૧૦ માસ, ૦૫ દિવસ |
| ૫ | યુસુફ ઉર્ફે ઇસા જુમાભાઇ કેવર ડફેર, | ૨૫–૧૨–૧૨ | ૨૧-૦૩-૧૪ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૪૪૭,૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | ––– | ૧ વર્ષ, ૨ માસ, ૨૪ દિવસ |
| ૬ | હારૂન આમદ ગંભીર સાંઘ ગામેતી, | ૨૫–૧૨–૧૨ | ૨૨-૦૮-૧૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૪૪૭,૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | ––– | ૭ માસલ ૨૮ દિવસ |
| **૭** | **જાવીદખાન ઉર્ફે જાવલા** | ૦૮–૦૨–૧૩ | ૨૩-૦૫-૧૬ | **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯** | **–––** | **–––** | **૩ વર્ષ ૦૩ માસ માસ ૧૫ દિવસ** |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH.
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **કાસમખાન આગવાન પઠાણ (એબેટ)** | | | **,૩૦૨,૩૪,૩૮૭, ૪૨૭,૪૪૭,૧૨૦ –બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** | | | |
| ૮ | **નગા લખમણ રાઠોડ, (એબેટ)** | ૨૬–૧૨–૧૨ | ૦૯-૦૮-૧૩ | **ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭,૧૪૮,૧૪૯ ,૩૦૨,૩૪,૩૮૭, ૪૨૭,૪૪૭,૧૨૦ –બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** | ––– | ––– | ૭ માસ, ૧૪ દિવસ |
| ૯ | **રામા નગા રબારી (એબેટ)** | ૨૬–૧૨–૧૨ | ૧૫-૦૭-૧૩ | **ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭,૧૪૮,૧૪૯ ,૩૦૨,૩૪,૩૮૭, ૪૨૭,૪૪૭,૧૨૦ –બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** | ––– | | ૬ માસ, ૧૯ દિવસ |
| ૧૦ | સલીમ ઉર્ફે ભુરીયો હુસેન સોઢા | ૦૧–૦૧–૧૩ | ૦૬-૧૧-૧૩ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭,૧૪૮,૧૪૯ ,૩૦૨,૩૪,૩૮૭, ૪૨૭,૪૪૭, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | | ૧૦ માસ, ૫ દિવસ |
| ૧૧ | **અવતારસિંહ ઉર્ફે ફેન્સી જોગેન્દરસીંગ લબાના શીખ(એબેટ)** | ૦૧–૦૧–૧૩ | **૩૦-૧૦-૧૩** | **ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭,૧૪૮,૧૪૯ ,૩૦૨,૩૪,૩૮૭, ૪૨૭,૪૪૭, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ–૧૩૫** | ––– | | ૯ માસ, ૨૯ દિવસ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
* JUNAGADH DISTRICT *

**–: નમુનો–ક:–**

**:: સાહેદોનું લીસ્ટ ::**

**અ.ફરીયાદપક્ષ તરફે સાહેદો :–**

| **આંક** | **નામ** | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 Exh.143 | જીતેન્દ્રભાઇ હમીરભાઇ બામરોટીયા | ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ |
| PW-2 Exh.145 | અતુલકુમાર દામજીભાઇ કોરાટ | ફરીયાદીએ બનાવમાં મરણ જનારની કાર બતાવતા તે કાર નં. જી.જે.૧૧ એબી |

| | | |
|---|---|---|
| | | ૨૦૦૮ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-3<br>Exh. 148 | પરબતભાઈ કાનાભાઈ અખેડ | ફરીયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-4<br>Exh.150 | નાથાભાઈ પરબતભાઈ ઓડેદરા | આરોપી સીકંદર તથા આરોપી સલીમ નાઓની શરીરિસ્થતિનું અટક પંચનામુ તથા આરોપી સીકંદર પાસેથી કબજેક રેલ સ્વીછટ ડીઝાયર બકાર નં. જી.જે.૨૪ એ ૪૮૪૯ માંથી મળી આવેલ સાટાકરાર કબજે કર્યાના તથા મોબાઈલ કબજે કર્યાનાપંચનામાના પંચ સાહેદ |
| PW-5<br>Exh.152 | માલદેભાઈ રાણાભાઈ ચાવડા | આરોપી સીકંદર તથા આરોપી સલીમ નાઓની શરીરિસ્થતિનું અટક પંચનામુ તથા આરોપી સીકંદર પાસેથી કબજે કરેલ સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જી.જે.૨૪ એ ૪૮૪૯ માંથી મળી આવેલ સાટાકરાર કબજે કર્યાના તથા મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-6<br>Exh.154 | નગાભાઈ સવદાસભાઈ પરમાર | આરોપી સીકંદર ઉર્ફે સકલા એ જે જગ્યાએ હથિયારનું કારતીસ ફેકી દીધેલ તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-7<br>Exh.159 | દિનેશભાઈ કનુભાઈ વાસણ | આરોપી સીકંદર ઉર્ફે સકલા એ જે જગ્યાએ હથિયારનું કારતીસ ફેકી દીધેલ તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-8<br>Exh.160 | દિનેશભાઈ માંડણભાઈ સોલંકી | આરોપી યુસુફ તથા આરોપી હાજી નાઓનું અટક |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH DISTRICT
सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| | | પંચનામાના તથા આરોપી યુસુફ પાસેથી મો.સા. નં.જી.જે.૧ બીએન પરપ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-9 Exh.163 | કમલેશભાઇ મોહનભાઇ વાઘેલા | આરોપી હારૂન આમદભાઇની શરીરસ્થિતિના અટક પંચનામાના પંચ સાહેદ |
| PW-10 Exh.165 | લખમણભાઇ પ્રેમજીભાઇ ટાંક | સાહેદ ઇન્દ્રીશ નાઓએ આરોપી હારૂનભાઇએબ નાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-11 Exh.169 | રાજુભાઇ બાવનભાઇ ભારાઇ | આરોપી હારૂનનાઓએ ગુનામાં ઉપયોગ કરેલ મો.સા. નં. જી.જે.૦૩ ઇએસ ર૧૦૩ વાળુ સાહેદ ઇન્દ્રીશભાઇ નાઓએ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-12 Exh.171 | અખતરભાઇ મજીદખાન બાબી | આરોપી હારૂનનાઓએ ગુનામાં ઉપયોગ કરેલ મો.સા. નં. જી.જે.૦૩ ઇએસ ર૧૦૩ વાળુ સાહેદ ઇન્દ્રીશભાઇ નાઓએ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-13 Exh.176 | ભરતભાઇ કલ્યાણભાઇ સરધારા | આરોપીએ બનાવવાળી જગ્યા બતાવતા તે જગ્યાનું વીડીયો શુટીંગ કરનાર સાહેદ હરેશભાઇએ એક ડી.વી.ડી. પંચો રૂબરૂ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-14 Exh.183 | વિમલભાઇ ચંદુભાઇ અકબરી | આરોપીએ વ્વિાદવાળી જમીનનો કંમ્પાઉન્ડનો ડેલો લઇ ગયેલ અને તે ડેલો ભંગાર લેનાર કરનભાઇ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| | | નાઓએ પંચો રૂબરૂ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-15 Exh.185 | જેન્તીભાઇ સવજીભાઇ કોટડીયા | આરોપીઓ વિવાદવાળી જમીનનો કંમ્પાઉન્ડનો ડેલો લઇ ગયેલ અને તે ડેલો ભંગાર લેનાર કરનભાઇ નાઓએ પંચો રૂબરૂ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-16 Exh.190 | સાગર જશવંતભાઇ દવે | વિવાદીત જમીનના દસ્તાવેજ જમીન આરોપી સીકંદર નાઓએ પંચ સાહેદો રૂબરૂ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-17 Exh.192 | હિતેશભાઇ મગનભાઇ વાછાણી | વિવાદીત જમીનના દસ્તાવેજ જમીન આરોપી સીકંદર નાઓએ પંચ સાહેદો રૂબરૂ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-18 Exh.195 | સરફરાજભાઇ હનીફભાઇ સરધારીયા | આરોપી જાવીદખાનની શરીરસ્થીતીના અટક પંચનામાના પંચ સાહેદ |
| PW-19 Exh.197 | ચેતનભાળ સુરેશભાઇ માલખીયા | આરોપી જાવીદખાનની શરીરસ્થીતીના અટક પંચનામાના પંચ સાહેદ |
| PW-20 Exh.198 | હરીભાઇ પીઠાભાઇ પરમાર | આરોપીએ બનાવવાળી જગ્યા બતાવતા તે જગ્યાનું વીડીયો શુટીંગ કરનાર સાહેદ હરેશભાઇએ એક ડી.વી.ડી. પંચો રૂબરૂ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-21 Exh.200 | હિંમતભાઇ ભીખુભાઇ વેગડા | આરોપી જુસબની શરીરસ્થીતીના અટક પંચનામાના પંચ સાહેદ |

SESSIONS COURT, DISTRICT & SESSIONS COURT JUNAGADH DISTRICT सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-22<br>Exh.202 | અલારખા શેરખાનભાઈ પઠાણ | આરોપી જુસબની શરીરસ્થીતીના અટક પંચનામાના પંચ સાહેદ |
| PW-23<br>Exh.204 | જયેશભાળ મેરામભાઇ જલુ | આરોપી જુસબે જે તમંચામાંથી ફાયરીંગ કરેલ તે ફુટેલ કારતીસનું ખોખુ જે જગ્યાએ ફેકેલ તે જગ્યાએથી કારતીય કાઢી આપેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-24<br>Exh.206 | યાજ્ઞિક નરેન્દ્રભાઇ પુરોહિત | આરોપી જુસબે જે તમંચામાંથી ફાયરીંગ કરેલ તે ફુટેલ કારતીસનું ખોખુ જે જગ્યાએ ફેકેલ તે જગ્યાએથી કારતીય કાઢી આપેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-25<br>Exh.208 | વિરમભાઇ હરદાસભાઇ પીઠીયા | આરોપી સીકંદર નાઓએ આરોપી સીકંદર ઉર્ફે સીકલો બનાવવાળી<br>જગ્યા સ્વખુશીથી બતાવવા માગતા હોય તે જગ્યાએ જતા ત્યાંથી એક સુતરનું દોરડુ તથા સ્ટીલની ગાગર કબજે કરેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-26<br>Exh.214 | મહેબુબ ઓસમાણ ખુમાણ | ઓળખપરેડ જેમની હાજરીમાં થયેલ છે તે ઓળખપરેડના પંચનામાના પંચ સાહેદ |
| PW-27<br>Exh.230 | હિતેશભાઇ સામતભાઇ વાજા | આરોપી સીકંદરનાઓ બનાવવાળી જગ્ય્ા બતાવવા માગતા હોય તે જગ્યાએથી એક સુતરનું દોરડુ તથા સ્ટીલની ગાગર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-28<br>Exh.231 | રામભાઇ હરદાસભાઇ દીવરાણીયા | ઓળખપરેડ જેમની હાજરીમાં થયેલ છે તે ઓળખપરેડના પંચનામાના પંચ સાહેદ |
| PW-29<br>Exh.246 | માલદેભાઇ ઉગાભાઇ નંદાણીયા | ઓળખપરેડ જેમની હાજરીમાં થયેલ છે તે ઓળખપરેડના પંચનામાના પંચ સાહેદ |
| PW-30<br>Exh.248 | ઇમરાન હુસેનભાઇ મકરાણી | આરોપી સલીમ તથા આરોપી અવતારસીંગ નાઓને ટ્રાન્સફર વોરંટના આધારે અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-31<br>Exh.251 | સંજયભાઇ ગોવિંદભાઇ કાલરીયા | આરોપી સીકંદર આરોપી હારૂન તથા આરોપી યુસુફ તથા આરોપી હાજી જુમા તથા આરોપી સલીમ નાઓના બ્લડના નમુના કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-32<br>Exh.261 | સીકંદર લીયાકતઅલી બુખારી | આરોપી સલીમ તથા આરોપી અવતારસીંગ નાઓને ટ્રાન્સફર વોરંટના આધારે અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-33<br>Exh.267 | કાનાભાઇ નાથાભાઇ બોરખતરીયા | આરોપી જુસબે જે જગ્યાએ તમંચો સંતાડેલ તે જગ્યા શોધી બતાવતા તે અંગેના ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ |
| PW-34<br>Exh.277 | કલ્પેશભાળ વિનોદભાઇ સાંગાણી | ઓળખપરેડ જેમની હાજરીમાં થયેલ તે અંગેના પંચનામાના પંચ સાહેદ |
| PW-35<br>Exh.297 | જુબાદભાઇ હોથીભાઇ મકવાણા | આરોપી જુસબે જે જગ્યાએ તમંચો સંતાડેલ તે જગ્યા શોધી બતાવતા તે અંગેના ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH DISTRICT
सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-36 Exh.301 | કિશોરભાઇ બાબુભાઇ સાંગાણી | ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ |
| PW-37 Exh.315 | ડો. ડાયાલાલ ભનાાઇ સાગઠીયા | આરોપી હાજી જુમા તથા આરોપી યુસુફ તથા આરોપી હારૂન ના જરુરી તબીબી નમુનાઓ લેનાર સાહેદ |
| PW-38 Exh.318 | ડો. કમુબેન ડાયાલાલ સાગઠીયા | આરોપી સીકંદર તથા આરોપી સુલેમાન તથા આરોપી સલીમ ના જરુરી તબીબી નમુનાઓ લેનાર સાહેદ |
| PW-39 Exh.337 | વૃજલાલ નાજાભાઇ પરમાર | બનાવવાળી જગ્યાનો નકશો બનાવનાર |
| PW-40 Exh.345 | ડો. પારૂલબેન રમેશભાઇ વાઘેલા | મરણ જનારનું પી.એમ. કરનાર ડોકટર |
| PW-41 Exh.358 | મીતાબેન મનસુખલાલ જોશી | ઓળખપરેડ કરનાર મેજી. |
| PW-42 Exh.400 | કેતનકુમાર હર્ષદભાઇ દાફડા | આર્મ્સ એકટ અંગે મંજુરી માગવા અંગેની પ્રક્રિયા કરનાર કલેકટર/ડીસ્ટ્રીકટ મેજી. કચેરીના સાહેદ |
| PW-43 Exh.410 | મનસુખભાઇ ગોવિંદભાઇ દેલદાડીયા | બનાવ વખતે ભડાકાનો અવાજ સાંભળ્યા બાદ જયનગરના રોડ ઉપર સીલ્વર કલરની સ્વીફ્ટ ડીઝાયર કારમાં બે માણસો બેસી ભાગેલા તે જોનાર તથા વેન્ટો કારમાં સાધુને જોનાર સાહેદ |
| PW-44 Exh.411 | જસ્મીનભાઇ રસીકભાઇ રામાણી | આરોપી સીકલા સાથે દીવાલ પાડવા જેસીબી લઇને જનાર અને ત્યાં આરોપી સીકલાના ભાઈ અઠીયાને જોનાર સાહેદ |

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-45 Exh.415 | લલીતભાઇ જગજીવનભાઇ પીઠીયા | બનાવના દિવસે એક વ્યકિતને આ સાહેદની દુકાનમાંથી લોખંડનો નાનો સળીયાનો ટુકડો લઈ ઉતાવળે ઉતાવળે સીલ્વર કલરની ગાડીમાં બેસેલા તે જોનાર સાહેદ |
| PW-46 Exh.419 | ચિંતનભાઇ ભરતભાઇ દવે | આરોપી સીકંદર આ સાહેદને ત્યાં કાગળો ઝેરોક્ષ કરવા આવેલા ત્યારે આ સીકંદરને જોયેલ તે સાહેદ |
| PW-47 Exh.426 | કાનદાસ મોહનદાસ દુધરેજીયા | આ સાહેદની રીક્ષામાં બાબુભાઈ, રવિભાઈ, રામભાઈ, હાજી ડફેર, સલીમ ભુરીયો ખેતલીયા દાદાના મંદિરની પાછળ વોકળામાં ગયેલ અને ત્યાં સલીમ ભુરીયો અને હાજી ડફેર મો.સા. ઉપર આવેલ જેમાં આ બધા વચ્ચે જમીન અંગે વાતચીત થયેલ તે સાંભળનાર સાહેદ |
| PW-48 Exh.430 | લલીતભાઇ ભીમજીભાઇ સુવાગીયા | આ સાહેદને રામભારતીએ ફોન કરીને બોલાવેલ જેથી આ સાહેદ ખેતલીયા દાદાના આશ્રમે ગયેલ અને ત્યાં પ્રવિણ ટાંક, ધીરુભાઈ ગોહિલ, રામભારતી વચ્ચે જમીન બાબતને ચર્ચા થયેલ તેના સાહેદ |
| PW-49 Exh.433 | મુકેશભાઇ છગનભાઇ ભુવા | આ સાહેદની જમીન વેચવા |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
* JUNAGADH DISTRICT *
सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| | | બાબતે આરોપી અવતારસીંગ અને સલીમ ભુરીયાએ ધમકી આપી સહીઓ લીધેલ તે સાહેદ |
| PW-50 Exh.439 | જયંતભાઇ કાંતીભાઇ ગગલાણી | નોટરી એડવોકેટ જેઓએ કરાર જેમાં સલીમ હુસેનભાઈ ખરીદનાર અને વેચાણ આપનાર છગન ભુવા વગેરે હતા તેનું નોટરી કરનાર સાહેદ |
| PW-51 Exh.441 | ઇન્દ્રીશભાઇ આમદભાઇ ગંભીર | આરોપી હારૂનભાઇએ બનાવ વખતે પહેરેલ કપડા આ સાહેદે રજુ કર્યા તે પંચનામુ કરી કબજે કર્યાના સાહેદ તથા મો.સા. રજુ કરનાર સાહેદ |
| PW-52 Exh.446 | વિજયકુમાર ગીરધરલાલ તન્ના | સાટાકરાર જે વેચનાર મણીબેન લખમણભાઈના વારસદારો સાથે થયેલ તેના પક્ષકાર સાહેદ |
| PW-53 Exh.449 | વિરમભાઇ નગાભાઇ રાઠોડ | બનાવના દિવસે તેમના ભાણેજ સાથે પાણીની ગાગર લઈને બનાવ સ્થળે જનાર સાહેદ |
| PW-54 Exh.450 | દીલીપભાઇ બચુભાઇ સોલંકી | બનાવના દિવસે એન્ગલ કાઢવા માટે મજુરીએ જનાર સાહેદ |
| PW-55 Exh.451 | સુરેશભાઇ ગોવિંદભાઇ સીંગલ | પ્રવિણભાઈ ટાંક સાથે બનાવવાળી જગ્યાનો સોદો થયેલ તેના સાહેદ |

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-56<br>Exh.456 | ઓઘડભાઇ લખમણભાઇ રાઠોડ | આરોપી અઠીયાએ મજુરી કામ માટે બોલાવેલ સાહેદ અને સ્થળ ઉપર દીવાલ પાડતા હતા ત્યાં જનાર અને જોનાર તથા એંગલ સ્થળ ઉપરથી કાઢેલા અને ત્યાં ગુજ. ને સ્થળ ઉપર જોનાર અને સ્થળ ઉપર સીકંદરે આરોપી જુસબ સાથે વાત કરેલી તેના નજરે જોનાર સાહેદ |
| PW-57<br>Exh.461 | રાજેશકુમાર મગનભાઇ સોલંકી | વાહનનું વજન કરનાર અને વે બ્રીજ ઉપર નોકરી કરનાર તથા વજન અંગે આપેલ પહોંચના સાહેદ |
| PW-58<br>Exh.469 | દિનેશભાઇ પોલાભાઇ બોરીચા | આરોપી જુસબે બનાવ વખતે આ સાહેદને વાત કરવા માટે ફોન માગેલો તેટલા પુરતા સાહેદ |
| PW-59<br>Exh.474 | બાબુભાઇ લખમણભાઇ રાઠોડ | ઝાંઝરડા સર્વે નં. ૩૭ ની જમીન આ સાહેદના જણાવ્યા મુજબ તેમના દાદા હિરા નથુને મળેલી અને વારસામાં આ સાહેદના પિતા લખમણભાઈ તથા આ સાહેદના મોટાબાપા જેઠા હિરાના નામે દાખલ થયેલ અને તે જમીન રુા. ૩૪ લાખમાં સુરેશભાઈ સીંધલને આપવાનો સોદો કરેલ અને ત્યારબાદ આ કબજો સુરેશભાઈ સોંપેલો અને તે અંગે અવેજ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| | | મળ્યાની પહોંચ લખી આપેલી અને ત્યારબાદ આ જમીન ઉપર ઉભેલ ઈમલો ઉતારવાની મજુરી પ્રવિણભાઈએ રુા. ૩૦ હજાર આપેલ અને ત્યારબાદ આ જમીન સલીમ હુસેન સોઢાને લખી આપવાનું કરારનામુ કરી આપેલ અને તે બદલ ૨૫ લાખનો અવેજ મેળવેલ અને ત્યારબાદ આ જમીનનો કબજો સલીમ ભુરીયો અને જુસલા એ લીધેલો તે બાબતના |
| PW-60 Exh.477 | પ્રતાપભાઈ નારણભાઈ કટારીયા | ધર્મેન્દ્ર ડી. ભાનુશાળીના પાવર ઓફ એટર્ની હોલ્ડર અને તે અંગે પ્રવિણ ટાંક પાસેથી આશા ડેવલપર્સ નામનો દસ્તાવેજ કરાવેલો અને ગુજરનાર આ જમીનની સાર સંભાળ રાખતા અને બનાવ વખતે ગુજરનારે આ સાહેદ પાસે બનાવવાળી જગ્યાના કાગળો માટે ફોન કરેલો તે સાહેદ |
| PW-61 Exh.482 | હરેશભાઈ વિનોદકુમાર સોની | આરોપી સીકદંર ઉર્ફે સીકલાએ બનાવવાળી જગ્યા બતાવેલી તેના તથા બનાવ સંદર્ભે ગુજરનારની લાશના તથા ગુજરનારની કારના ફોટા લીધેલ તથા વીડીયો શુટીંગ કરેલ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-62<br>Exh.487 | જયદેવભાઈ રસીકલાલ જોષી | નોટરી એડવોકેટ અને બનાવની જગ્યા અંગે સલીમભાઈ હુસેનભાઈ અને વેચનાર ગુજરનાર લખમણભાઈ વગેરેના વારસો વચ્ચે થયેલ કરારની નોટરી કરનાર સાહેદ |
| PW-63<br>Exh.493 | બહાદુરભાઈ લખમણભાઈ રાઠોડ | બનાવવાળી જગ્યાના વારસ અને છેલ્લે આરોપી સલીમ ભુરીયા સાથે કરાર કરનાર સાહેદ |
| PW-64<br>Exh.497 | હરસુખલાલ ઠાકરલાલ મોદી | એફ.એસ.એલ.ના બેલેસ્ટીક અધિકારી |
| PW-65<br>Exh.514 | અશ્વીન અમૃતલાલ મણીયાર | પુર્ણ અવેજની પહોંચ અંગે નોટરી કરનાર સાહેદ નોટરી એડવોકેટ |
| PW-66<br>Exh.521 | મહમદભાઈ હાસમભાઈ સીડા | બનાવના દિવસે આરોપી જુસબે ડ્રાઈવીંગ કરવા માટે આ સાહેદને બોલાવેલ અને ત્યાં આરોપી જુસબે એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેશન બનાવ બાબતે કરેલ અને સ્વીફટ સીલ્વર કલરની ગાડી ચલાવી અને સ્કોર્પીયો ગાડી ત્યારબાદ આ સાહેદ ચલાવનાર અને તે ગાડીમાં આરોપી સીકલો અને અઠીયો પણ હતા અને ગાડી બસ સ્ટેન્ડ પાસે આરોપી સીકલો અને અઠીયાને ઉતારી દીધેલ અને ત્યાં બ્રીજ પાસે આરોપી |



DISTRICT & SESSIONS COURT, JUNAGADH * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

| | | |
|---|---|---|
| | | જુસબને છોડનાર સાહેદ |
| PW-67<br>Exh.526 | ધીરજલાલ ગોરધનભાઈ પરમાર | પી.એસ.એ. |
| PW-68<br>Exh.542 | હરેશભાઈ બાવનજીભાઈ વોરા | આરોપી નં.૧ જુસબને અટક કરનાર પોલીસ સાહેદ |
| PW-69<br>Exh.561 | હમીરભાઈ રાજશીભાઈ ભાટુ | તપાસ કરનાર અમલદાર |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો**

| આંક | વિગત |
|---|---|
| **144<br>P-1/PW-1** | ઈન્કવેસ્ટ પંચનામુ |
| **146<br>P-1/PW-2** | મરનારની કાર કબજે કર્યાનું પંચનામુ |
| **156<br>P-2/PW-2** | આરોપી નં.૨ અને ૩ નાએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| **149<br>P-1/PW-3** | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| **151<br>P-1/PW-4** | આરોપી નં.૨ અને ૩ ની અટક સાથેનું ડીસ્કવરી પંચનામુ |
| **155<br>P-1/PW-6** | આરોપી નં.૨ સાથેનું ડીસ્કવરી પંચનામુ |
| **161<br>P-1/PW-8** | આરોપી નં.૪ અને ૫ નું અટક પંચનામુ |
| **164<br>P-1/PW-9** | આરોપી નં.૬ નું અટક પંચનામુ |
| **166<br>P-1/PW-10** | આરોપી નં. ૬ નાએ બનાવ વખતે પહેરેલ કપડા તેના ભાઈએ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ |
| **167<br>P-2/PW-10** | આરોપી નં.૪ અને ૫ નાએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| **170<br>P-1/PW-11** | આરોપી નં.૬ નાએ બનાવમાં ઉપયોગમાં લીધેલ મો.સા. તેના ભાઈએ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ |

| | |
|---|---|
| **177 P-1/PW-13** | બનાવવાળી જગ્યાનું પંચનામુ કરતી વખતે કરેલ વીડીયોગ્રાફીની કેસેટ કબજે લીધાનું પંચનામુ |
| **184 P-1/PW-14** | તપાસ સોંપવા અંગે પી.એસ.ઓ.એ કરેલ યાદી |
| **191 P-1/PW-16** | જમીન પડાવી લેવા તૈયાર કરેલ દસ્તાવેજનું પંચનામુ |
| **196 P-1/PW-18** | આરોપી નં.૭ નું અટક પંચનામુ |
| **201 P-1/PW-21** | આરોપી નં.૧ નું અટક પંચનામુ |
| **205 P-1/PW-23** | ફાયરીંગ બાદ કારતીસનું ખોખુ ફેકેલ તેનું પંચનામુ |
| **209 P-1/PW-25** | આરોપી નં.ર નાએ સ્થાનિક જગ્યા બતાવેલ તેનું પંચનામુ |
| **215 P-1/PW-26** | આરોપી નં.૧ ની ઓળખ પરેડ કર્યાનું પંચનામુ |
| **232 P-1/PW-28** | આરોપી નં.૪, ૫ અને ૬ ની ઓળખપરેડનું પંચનામુ |
| **248 P-1/PW-30** | આરોપી નં.૧૦ અને ૧૧ નું અટક પંચનામુ |
| **252 P-1/PW-31** | મરનાર તથા આરોપી નં.૪, ૫ અને ૭ ના નમુના કબજે કર્યાનું પંચનામુ |
| **267 P-1/PW-33** | આરોપી નં. ૧ નું ડીસ્કવરી પંચનામુ |
| **268 P-2/PW-33** | આર્ટીકલ 'એ' માંથી નીકળેલ સહીવાળી ચીઠ્ઠી |
| **302 P-1/PW-36** | એકિઝ. મેજી.શ્રી, જુનાગઢનાઓને ઇન્કવેસ્ટ ભરવા કરેલ યાદી |
| **316 P-1/PW-37** | આરોપી નં.૪, ૫ અને ૬ ના બ્લડ સેમ્પલ લેવા અંગે મેડીકલ ઓફિસર, જુનાગઢને કરેલ યાદી |
| **317 P-2/PW-37** | મેડીકલ ઓફિસર, જુનાગઢનાઓએ આરોપી નં. ૪, ૫ અને ૬ ના બ્લડ સેમ્પલ પી.એસ.આઇ. તાલુકાને મોકલ્યાની યાદી |
| **319 P-1/PW-38** | આરોપી નં.ર, ૩ ના બ્લડ સેમ્પલ લેવા અંગે મેડીકલ ઓફિસર, જુનાગઢને કરેલ યાદી |
| **320 P-2/PW-38** | મેડીકલ ઓફિસર, જુનાગઢનાઓએ આરોપી નં. ૪, ૫ અને ૬ ના |

| | |
|---|---|
| | બ્લડ સેમ્પલ પી.એસ.આઇ. તાલુકાને મોકલ્યાની ચાદી |
| **338 P-1/PW-39** | બનાવવાળી જગ્યાનો નકશો |
| **346 P-1/PW-40** | તાલુકા પી.એસ.એઆઇ.એ. પી.એમ. કરી અભિપ્રાય આપવા અંગે મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ ચાદી |
| **347 P-2/PW-40** | મરણોત્તર ફોર્મ |
| **348 P-3/PW-40** | પી.એસ.આઇ. તાલુકાએ મરણ જનારનું પી.એમ.કરતી વખતે તપાસણી અભિપ્રાય આપવા અંગે મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ ચાદી |
| **349 P-4/PW-40** | એકસ–રે |
| **350 P-5/PW-40** | પી.એમ. નોટ |
| **351 P-6/PW-40** | કોઝ ઓફ ડેથ સર્ટી. |
| **352 P-7/PW-40** | મેડીકલ ઓફિસર, જુનાગઢનાએ મરણ જનારના શરીર પરથી લીધેલ નમુના પી.એસ.આઇ. તાલુકાને મોકલેલ તે અંગેની ચાદી |
| **359 P-1/PW-41** | પી.એસ.આઇ. જુનાગઢ તાલુકાનાએ આરોપીહારૂન, ચુસુફ તથા હાજીભાઇનાઓની ફરીયાદી સાહેદ દવારા ઓળખપરેડ કરવા માટે એકિઝ. મેજી.ને કરેલ ચાદી |
| **360 P-2/PW-41** | ઓળખપરેડ માટે આરોપી નં. ૪, ૫ અને ૬ ને હાજર રખાવવા એકિઝ.મેજી. જુનાગઢનાઓએ પી.એસ.આઇ. તાલુકાને કરેલ ચાદી |
| **361 P-3/PW-41** | તા.પી.એસ.આઇ.એ આરોપીના ઓળખપરેડનું કરેલ પંચનામુ આપવા એકિઝ. મેજી.શ્રી જુનાગઢને કરેલ ચાદી |
| **362 P-4/PW-41** | રીમાન્ડ પરના આરોપીની ઓળખપરેડ માટે ફરીયાદીને હાજર રખાવવા પી.એસ.આઇ. તાલુકાને કરેલ ચાદી |
| **363 P-5/PW-41** | એકિઝ. મેજી. જુનાગઢનાઓએ આરોપીની ઓળખપરેડ માટે ફરીયાદીને હાજર રખાવવા પી.એસ.આઇ. તાલુકાને કરેલ ચાદી |
| **364 P-6/PW-41** | આરોપી નં.૧ નું બ્લડ સેમ્પલ લેવા અંગે મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ ચાદી |
| **401 P-1/PW-42** | જુનાગઢ તા.પો.સ્ટે. તરફથી આર્મ એકટની કલમ–૨૫(૧)(બી)(એ) મુજબની મંજુરી મળવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| **402**<br>**P-2/PW-42** | પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાઓએ આર્મ એકટની કલમ–૨૫(૧)(બી)(એ) ના કામે પ્રોસીકયુસન મંજુરી માટે જિલ્લા મેજી.શ્રીને કરેલ રીપોર્ટ |
| **403**<br>**P-3/PW-42** | મુદામાલ પાવતી નં. ૧૧/૧૩ ની ખરી નકલ |
| **404**<br>**P-4/PW-42** | જિલ્લા મેજી.શ્રી, જુનાગઢનાઓએ આર્મ એકટની કલમ–૨૫(૧)(બી)(એ) ના કામે પ્રોસીકયુસન મંજુરીનો આપેલ હુકમ |
| **405**<br>**P-5/PW-42** | જિલ્લા મેજી.શ્રીના હથિયારબંધી જાહેરનામાની નકલ |
| **434**<br>**P-1/PW-49** | અસલ સાટાખત |
| **440**<br>**P-1/PW-50** | નોટરી શ્રી ગગલાણીના નોટીરીચલ રજી.નો ઉતારો |
| **448**<br>**P-1/PW-52** | પુર્ણ અવેજની પહોંચ અને કબજા સોંપણીનો કરાર |
| **452**<br>**P-1/PW-55** | સ્ટેમ્પ વાળુ કબજા કરારખત તથા ટાયટલ પુર્ણ અવેજની પહોંચ અને કબજા સોંપણીનો કરાર |
| **Tenti.464**<br>**P-1/PW-57** | દીપક વે બ્રીજની પહોંચ |
| **Tenti.465**<br>**P-2/PW-57** | દીપક વે બ્રીજની પહોંચ |
| **475**<br>**P-1/PW-59** | આર્ટીકલ નં.૩૫ વાળો કબજા સોંપણીનો કરાર |
| **478**<br>**P-1/PW-60** | કનૈયાલાલ દયારામ કટારીયા વગેરે–૨ એ પ્રતાપ એન. કંટારીયાને કરી આપેલ કુલમુખત્યારનામુ |
| **Tenti.483**<br>**P-1/PW-61** | મરનારની લાશના કુલ ફોટા–૯ તથા મરનારની કાર ઉપર ફાયરીંગ કરેલ તે કારના ફોટા–૭ |
| **484**<br>**P-2/PW-61** | હરેશભાઇ સોની વીડીયોગ્રાફરને વીડીયોગ્રાફી કરવા કરેલ યાદી |
| **Tenti.485**<br>**P-3/PW-61** | મુદામાલ આર્ટીકલ નં. ૩૧ વાળી ડી.વી.ડી. પંચો રૂબરૂ કબજે કરેલ તે |
| **488**<br>**P-1/PW-62** | આર્ટીકલ નં.૨૩ વાળો દસ્તાવેજ |
| **Tenti.494**<br>**P-1/PW-63** | ઇમલા વેચાણ આપ્યાનો કરાર |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| **Tenti.495 P-2/PW-63** | કુલમુખત્યારનામુ |
| **498 P-1/PW-64** | તા.પો.સ્ટે. જુનાગઢનાએ ફોરેન્સીક સાયન્સ કચેરી ગાંધીનગરને મુદામાલ પૃથ્થકરણ કરવા કરેલ ચાદી |
| **499 P-2/PW-64** | એફ.એસ.એલ. ગાંધીનગરને મુદામાલ મળ્યાની પહોંચ |
| **500 P-3/PW-64** | એફ.એસ.એલ. ગાંધીનગરનો મૃદામાલ પૃથ્થકરણ રીપોર્ટ |
| **501 P-4/PW-64** | એફ.એસ.એલ. ગાંધીનગરે મુદામાલ મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર |
| **515 P-1/PW-65** | નોટરી રજીસ્ટરરની સીરીયલ નં. ૨૫૧૨ વાળી ખરી નકલ |
| **Tenti.516 P-2/PW-65** | પુર્ણ અવેજની પહોંચ તથા કબજા સોંપણીનો કરાર |
| **517 P-3/PW-65** | નોટરી રજીસ્ટરની સીરીયલ નં. ૫૨૧ વાળી ખરી નકલ |
| **527 P-1/PW-67** | દવાખાના પોલીસ ચોકી ડી.ઓ. નં.૭૫૪૮/૧૨ |
| **528 P-2/PW-67** | એફ.આઇ.આર.ની ખરી નકલ |
| **529 P-3/PW-67** | ભારે ગુનાનો સ્પે. રીપોર્ટ |
| **530 P-4/PW-67** | પી.આઇ. ક્રાઇમ બ્રાંન, જુનાગઢે આરોપી તથા કાગળો સંભાળવા અંગે તાલુકા પી.એસ.આઇ.ને કરેલ ચાદી |
| **543 P-1/PW-68** | મુદામાલ આર્ટકીલ નં.૩૬ વાળો કબજે લીધેલ દસ્તાવેજ |
| **544 P-2/PW-68** | મુદામાલ આર્ટીકલ નં.૫ વાળી હકક પત્રક નોંધ નં.૨૩૧૬ સર્વે નં. ૩૫૩૭ ની વિગત |
| **545 P-3/PW-68** | આર્ટીકલ નં. ૬ થી રજુ થયેલ અરજી નં. ૧૯૭ ની વિગતના કાગળો |
| **546 P-4/PW-68** | મુદામાલ આર્ટીકલ નં.૭ થી સર્વે નં. ૩૭ ની અરજદાર બહાદુર લખમણ રાઠોડની ખરી નકલ મળવાની અરજી |
| **547 P-5/PW-68** | મુદામાલ આર્ટીકલ નં.૧૯ થી રજુ ઝાંજરડાની જંગલ બુકની માપણી |
| **548 P-6/PW-68** | મુદામાલ આર્ટીકલ નં.૧૦ થી રજુ ઝાંઝરડાના સર્વે નં. ૩૫–૩૭ થી |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| | ૭–૧૨ અને ૮–અ અને સી.ર. નં. ૮૯૦/૦૪ ની ચોપડીની નકલ |
| **549 P-7/PW-68** | મુદામાલ આર્ટીકલ નં.૧૧ થી રજુ હકક પત્રક નમુના નં. ૬ ની નોંધ નં. ૪૭, સર્વે નં.૩૫ વગેરેની નોંધ |
| **550 P-8/PW-68** | મહાનગરપાલીકા, જુનાગઢની વેરા પહોંચ–ર સંતોકબેન વગેરેની |
| **551 P-9/PW-68** | મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૩ રજુ ભુવા છગન ભીખાભાઇનું ચુંટણી કાર્ડની નકલ |
| **552 P-10/PW-68** | મુદામાલ આર્ટીકલ નં.૧૪ થી રજુ એફ.એસ.એલ.નો અભિપ્રાય |
| **553 P-11/PW-68** | ક્રાઇમ બ્રાંન્ચ જુનાગઢે આરોપી નં.૧ ને અટક કરી પી.એસ.આઇ. તાલુકાને કાગળો મોકલ્યાની યાદી |
| **562 P-1/PW-69** | ફરીયાદીની અસલ ફરીયાદ |
| **563 P-2/PW-69** | ફરીયાદ રજી. કરવા અંગે કરેલ યાદી |
| **564 P-3/PW-69** | પી.એસ.આઇ. તાલુકાએ સ્વીછટ ડીઝાયર કાર નં. જી.જે.ર૪ એ ૪૮૪૯ ની માહિતીઆપવા અંગે આર.ટી.ઓ. પાટણને કરેલ યાદી |
| **565 P-3/PW-69** | પી.એસ.આઇ. તાલુકાએ પ્રો.પી.એસ.આઇ. જે.જે.જાડેજાને આરોપીની તપાસ કરવા અંગે કરેલ યાદી |
| **566 P-4/PW-69** | પી.એસ.આઇ. એસ.ઓ.જી. એ સ્ટે.ડા.માં નોંધ કરી આગળ કાર્યવાહી કરવા માટે તા.પી.એસ.આઇ.ને લખેલ પત્ર |
| **567 P-5/PW-69** | આઇ.પી.સી. કલમ–૩૮૭,૩૪૧,૧૨૦(બી),૪૨૭ નો ઉમેરોક રવા અંગે એડી.ચીફ જયુડી.મેજી.શ્રીને કરેલ યાદ |
| **568 P-6/PW-69** | ક્રાઇમ બ્રાંન્ચ જુનાગઢે અટક કરેલ આરોપી તથા કાગળો સંભાળી લેવા પી.એસ.આઇ. ધારીને કરેલ યાદી |
| **569 P-7/PW-69** | તા.પી.એસ.આઇ. જુનાગઢે કબજે લીધેલ મુદામાલની મુદામાલ પાવતીમાં નોંધ કરવા અંગે પી.એસ.આઇ. ચલાલાને કરેલ યાદી |
| **570 P-8/PW-69** | આરોપી નં.૭ નો કબજો મળવા અંગે એડી. જજશ્રી જુનાગઢને લખેલ પત્ર |
| **571 P-9/PW-69** | બીજા એડી. સેશન્સ જજ, જુનાગઢે આરોપી જાવીદખાનનો કબજો સોંપવા અંગે જિલ્લા જેલ અધિક્ષક રાજકોટને કરેલ યાદી |
| **572 P-10/PW-69** | આરોપીની ઓળખપરેડ કરવા અંગે એકિઝ. મેજી. જુનાગઢને કરેલ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| | ચાદી |
| **573**<br>**P-11/PW-69** | આરોપી નં.૭ ની ઓળખપરેડની ફેરમુદત લેવા માટે એકિઝ. મેજી. જુનાગઢને કરેલ ચાદી |
| **574**<br>**P-12/PW-69** | પી.એસ.આઇ. તાલુકા પો.સ્ટે. એ ઍકઝ. મેજી.શ્રી જુનાગઢને આરોપીની ઓળખપરેડ અંગે કરેલ ચાદી |
| **575**<br>**P-13/PW-69** | મેડીકલ ઓફિસર જુનાગઢ આરોપી નં.૧ ના બ્લડ સેમ્પલ પી.એસ.આઇ. તાલુકાને મોકલેલ તે અંગેની ચાદી |
| **576**<br>**P-14/PW-69** | આરોપી નં. ૪, ૫ અને ૬ ની મેડીકલ તપાસ કરવામાટે મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ ચાદી |
| **577**<br>**P-15/PW-69** | ટ્રાન્સફર વોરંટના આધારે આરોપી નં.૧૦, ૧૧ નો કબજો લેવા ચીફ જયુડી.મેજી.શ્રી, જુનાગઢને કરેલ ચાદી |
| **578**<br>**P-16/PW-69** | આરોપી નં.૧૦, ૧૧ નો કબજો પી.એસ.આઇ. તાલુકાને સોંપવા બાબતે ચીફ જયુડી.મેજી.શ્રી, જુનાગઢે જેલ અધિક્ષક, જુનાગઢને કરેલ ચાદી |
| **579**<br>**P-17/PW-69** | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, જુનાગઢે વાહન નં. જી.જે.૧૪ એ ૪૮૪૯ ની માહિતી આપવા પી.એસ.આઇ. તાલુકાને લખેલ પત્ર |
| **580**<br>**P-18/PW-69** | તાલુકા પી.એસ.આઇ. જુનાગઢે સ્વીફ્ટ કાર નં. જી.જે.૧૪ એ ૪૮૪૯ ની માહિતી આપવા બાબત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ. પાટણને કરેલ ચાદી |
| **581**<br>**P-19/PW-69** | આરોપી નં. ૧ નું બ્લડ સેમ્પલ લેવા અંગે મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ ચાદી |
| **582**<br>**P-20/PW-69** | પી.એસ.આઇ. તાલુકાએ એડી. ચીફ જયુડી.મેજી.શ્રી જુનાગઢને એફ.એસ.એલ. અભિપ્રાય મોકલ્યા બાબતે લખેલ પત્ર |
| **583**<br>**P-21/PW-69** | એફ.એસ.એલ. ગાંધીનગરે મુદામાલ મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર |
| **584**<br>**P-22/PW-69** | એફ.એસ.એલ. ગાંધીનગરનો જીવશાસ્ત્ર પૃથ્થકરણ રીપોર્ટ |
| **585**<br>**P-23/PW-69** | એફ.એસ.એલ. ગાંધીનગરનો સીરોલોજીકલ પૃથ્થકરણ રીપોર્ટ |
| **586**<br>**P-24/PW-69** | પી.એસ.આઇ. તાલુકાએ એડી. ચીફ જયુડી.મેજી.શ્રી, જુનાગઢને એફ.એસ.એલ. અભિપ્રાય મોકલ્યા બાબતેનો લખેલ પત્ર |
| **587** | એફ.એસ.એલ. ગાંધીનગરે મુદામાલ મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર |

| | |
|---|---|
| **P-25/PW-69** | |
| **588**<br>**P-26/PW-69** | એફ.એસ.એલ. ગાંધીનગરનો જૈવીક પૃથ્થકરણ રીપોર્ટ |
| **589**<br>**P-27/PW-69** | એફ.એસ.એલ. ગાંધીનગરનો સીરોલોજીકલ પૃથ્થકરણ રીપોર્ટ |
| **598** | રેવન્યુ રેકર્ડ અને ગામ નમુના નં.૨ ની તપાસનીસેમ ાગેલ ખરી નકલો |
| **599** | સાંઇ આશા ડેવલપર્સ ઝાંઝરડાનાએ બીનખેડવાણ જમીન સ.નં. ૩૫–૩૭ ના કુલ ૧ થી ૫૮ પ્લોટ ખરીદેલ તેની ઝાંજરડા ગામના ગામ નમુના નં.૨ મા ક્રમ નં. ૫૬૭ થી થયેલ નોંધોનો કુલ–૬ કાગળો |
| **600** | સર્વે નં. ૩૭–૩૫ ની નોંધ નં. ૬૧–૬૨–૭૫–૯૨ |
| **601** | સર્વે નં. ૩૫ ની જમીન વહેચણી નોંધ તથા ૩૭ ની વેચાણ નોંધ ૨૬૭–૨૭૧ |
| **602** | સર્વે નં. ૩૫ ની વહેચણી નોંધ તથા ભીખા અરજણની નોંધ–૧૫૧, ૫૪૧ |
| **603** | સર્વે નં. ૩૭ ની ભાઇઓ ભાગે વહેચણી નોંધ ૪૫૦ |
| **604** | સર્વે નં.૩૭ ની જમીન વેચાણ નોંધ હકક ઉઠાવતી નોંધ ૫૧૨ |
| **605** | સર્વે નં.૩૫ ની વહેચણી નોંધ ૫૪૧ |
| **606** | સર્વે નં. ૩૫ ની ભીખાએ પુત્ર છગને આપેલ જમીનની નોંધ ૬૫૧ |
| **607** | સર્વે નં. ૩૫ ની જમીન છગને તેના પિતાશ્રીને આપતા નોંધ ૭૯૦ |
| **608** | સર્વે નં. ૩૭ ની ભીખાએ પુના કચરા પાસેથી વેચાણ રાખતા નોંધ ૭૯૫ |
| **609** | સર્વે નં. ૩૫–૩૭ ની બીનખેતી જમીનની નોંધ ૧૫૧૭ |
| **610** | સર્વે નં. ૩૫–૩૭ ની બીનખેતી થવાની નોંધ ૨૩૧૬ |

## બી.બચાવપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો

| આંક | વિગત |
|---|---|
| --- | ------ |

## ક.કોર્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજો

| આંક | વિગત |
|---|---|

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| --- | --- |

**ડી.મટીરીયલ ઓબ્જેકટ**

| | |
|---|---|
| (૧) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૩/૧૨ માં દર્શાવેલ**<br>(૧) સફેદ કલરની વોલ્કાસ વેગન વીન્ટો કાર નં. જી.જે.૧૧ એબી ૨૦૦૮ |
| (૨) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૪/૧૨ માં દર્શાવેલ**<br>(૧) નોકીયા કંપનીનો મોબાઇલ બેટરરી, સીમકાર્ડ નથી, ભાંગી ગયેલ તે<br>(૨) રૂા. ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર તા. ૨૩–૧૦–૧૨ કરાર દસ્તાવેજ–૧<br>(૩) ૧૦૦ રૂા. ના સ્ટેમ્પ તા. ૫–૧૧–૧૨ સાટા કરાર<br>(૪) ઝાંઝરડા નોંધ નં. ૨૩૧૬ હકક પત્રકની નકલ<br>(૫) ઝાંઝરડા ૨૦૦૨ વાવેતરની વિગત<br>(૬) બહાદુર લખમણ તા. ૨૬–૨–૦૧ ની અરજી<br>(૭) માપણીની જંગલબુક<br>(૮) ઝાંજરડા ૩૩૭ ની વિગત<br>(૯) સી.સ.નં. ૮૯૦/૨૦૦૪<br>(૧૦) નોંધ ૪૭ થી ૨૩૧૬ સુધી હકક પત્રક<br>(૧૧) મહાનગરપાલીકા કર વસુલાત પહોંચ નં. ૦૨૯૩૬૧<br>(૧૨) ભુવા છગન ભીખાનું ચુંટણી કાર્ડ<br>(૧૩) બી ડીવી. થર્ડ ૩૯૫/૧૧ નો અભિપ્રાય<br>(૧૪) સ્વીફટ ડીઝાયર જી.જે.૨૪ એ ૪૮૪૯ |
| (૩) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૫/૧૨ માં દર્શાવેલ**<br>(૧) આરોપી સીકંદર ઉર્ફે સીકલા સુલેમાને પહેરેલ કાળા કલરનું ટ્રેકનું પેન્ટ તથા મોરપછી કલરનું લાંબી બાઇનું શર્ટ અલગ અલગ કપડાની બેગીમાં અલગ અલગ બંધ છે તે<br>(૨) આરોપી સલીમ ઉર્ફે અડીયો સુલેમાને બનાવ વખતે પહેરેલ લાલ કલરનો ચોકડા વાળો શર્ટ તથા વાદળી કલરનું જીન્સનું પેન્ટ અલગ અલગ બેગીમાં સીલબંધ છે તે |
| (૪) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૬/૧૨ માં દર્શાવેલ**<br>(૧) એક સ્ટીલની ગાગર જેના ઉપર પુનાભાઇ ખાખાભાઇ પરમાર, આંબેડકરનગર લખેલ છે તે<br>(૨) સુતરનું દોરડુ છે તે |
| (૫) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૭/૧૨ માં દર્શાવેલ**<br>(૧) લાલ કલરનું ચામાહ મો.સા. જેના નં. જી.જે.૧ બીએન પ૨પ ના છે તે |
| (૬) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૮/૧૨ માં દર્શાવેલ**<br>(૧) સફેદ કલરનો વર્ક વાળો ઝભ્ભો કપડાની બેગીમાં શીલબંધ છે તે<br>(૨) સફેદ કલરનો પાઇજામો કપડાની બેગીમાં શીલબંધ છે તે |
| (૭) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૯૯/૧૨ માં દર્શાવેલ**<br>(૧) આરોપી હાજી જુમાએ પહેરેલ કપડામા આછા કલરનો લાઇનીંગ વાળો શર્ટ અડધી બાઇનો કપડાની બેગીમાં શીલબંધ છે તે<br>(૨) આરોપી હાજી જુમાએ બનાવ વખતે પહેરેલ કાળા કલરનું જીન્સનું પેન્ટ કપડાની બેગીમાં શીલબંધ છે તે |

**Sessions Judge**
**Junagadh**

SESSIONS COURT, JUNAGADH DISTRICT

| | |
|---|---|
| | (૩) આરોપી યુસુફ ઉર્ફે ઇસાએ બનાવ વખતે કોફી બદામી ચોકડા વાળો શર્ટ કપડાની બેગીમાં શીલબંધ છે તે<br>(૪) આરોપી યુસુફ ઉર્ફે ઇસાએ બનાવ વખતે પહેરેલ આછા કલરનું પેન્ટ કપડાની બેગીમાં શીલબંધ છે તે |
| (૮) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૨૦૦/૧૨ માં દર્શાવેલ**<br>(૧) હિરો હોન્ડા સીડી ડીલક્ષ નં. જી.જે.૩ ઇએસ ૨૧૦૩ નું છે તે |
| (૯) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૪/૧૩ માં દર્શાવેલ**<br>(૧) લોખંડના દરવાજા બે ૬ x ૯ ફુટના છે તે |
| (૧૦) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૬/૧૩ માં દર્શાવેલ**<br>(૧) સોની કંપનીનું ડી.વી.ડી.સી.ડી. એક જે કવરમાં શીલબંધ છે તે |
| (૧૧) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૧/૧૩ માં દર્શાવેલ**<br>(૧) દેશી બનાવટનો તમંચો એક<br>(૨) બાર બોરના કાર્ટીઝ નંગ ત્રણ<br>(૩) કપડાની થેલી એક પારદર્શક બોક્ષમાં શીલબંધ છે તે |
| (૧૨) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૨/૧૩ માં દર્શાવેલ**<br>(૧) રૂા. ૧૦૦ ના સ્ટેમ્પ નં.AA965238 તા. ૨૩-૧૦-૧૨ ના રાઠોડ મેણીબેન લખમણભાઇનાનામે ખરીદેલ જેમાં રૂા. ૩૦ લાખમાં ઝાંઝરડા સર્વે નં.૩૭ ના કબજા સોંપણીનું દસ્તાવેજ<br>(૨) રૂા. ૧૦૦ ના સ્ટેમ્પ નં. AB085119 તા. ૦૫-૧૧-૧૨ના છગન ભીખાભાઇ ભુવાના નામે ખરીદેલ જમીન રૂા. એક કરોડમાં વેચાણ આપ્યાનું દસ્તાવેજ છે તે |
| (૧૩) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૪/૧૩ માં દર્શાવેલ**<br>(૧) કપડાની શીલબંધ બેગી જેમાં રામાનંદ ગુરૂ અખંડાનંદના કપઠા (૧) ભગવા કલરનો ઝભ્ભો (૨) ભગવા કલરનો દુપટ્ટો (૩) ભગવા કલરની લુંગી (૪) રૂદ્રાક્ષની માળા લખેલ કાપલી વાળી બેગીમાં છે તે<br>(૨) બુલેટની શીશી શીલબંધ છે તે<br>(૩) વાળના નમુનાની શીલબંધ શીશી તે<br>(૪) પી.એમ. નં.૬૯૬ ના લોહીના નમુનાની શીશી શીલબંધ છે તે<br>(૫) પી.એમ. નં. ૬૯૬ ના ઇજા થયેલ જગ્યાએથી કોટન થ્રેડ ઘસી શીલબંધ શીશી છે તે<br>(૬) પી.એમ. નં. ૬૯૬ ના ચામડીના નમુનાની શીશી શીલબંધ છે તે<br>(૭) આરોપી સીકંદર સુલેમાનના લોહીના નમુના<br>સાદુ લોહીના નમુનાની શીશી શીલબંધ છે તે<br>પાઉડર વાળા લોહીના નમુનાની શીલબંધ શીશી<br>(૮) આરોપી યુસુફ ઉર્ફે ઇસાના લોહીનાના નમુના<br>સાદુ લોહીના નમુનાની શીલબંધ શીશી<br>પાઉડર વાળા લોહીના નમુનાની શીલબંધ શીશી<br>(૯) આરોપી હારૂન આમદના લોહીના નમુના<br>સાદુ લોહીના નમુનાની શીલબંધ શીશી<br>પાઉડર વાળા લોહીના નમુનાની શીશી<br>(૧૦) આરોપી હાજી જુમાના લોહીના નમુના<br>સાદુ લોહીના નમુનાની શીશી શીલબંધ<br>પાઉડર વાળા લોહીના શીલબંધ શીશી<br>(૧૧) આરોપી સલીમ ઉર્ફે અઠીયાના લોહીના નમુના |

| | |
|---|---|
| | સાદુ લોહીના નમુનાની શીલબંધ શીશી<br>પાઉડર વાળા લોહીના નમુનાની શીલબંધ શીશી |
| (૧૪) | **મુદામાલ પાવતી નં. ફ. નં. ૧૫/૧૩ માં દર્શાવેલ**<br>(૧)લાલ કલરનું પ્લાસ્ટીકનું કાર્ટીસનું ફુટેલ ખોખુ એક બાર બોર કાર્ટીસનું છે તે પારદર્શક બોક્ષમાં શીલબંધ છે તે |

## –: જ જ મેન્ટ :–

(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩)

**(૧)** **ફરિયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં ભારતીય ફોજદારી સંહીતા ૧૮૬૦ ને ઈ.પી.કોડ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ને સી.આર.પી.સી. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

ભારતીય પુરાવા ધારાનું નામ હવેથી ધી ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ આપવામાં આવેલ છે અને આ નવુ આપેલ નામ વાળો કાયદો તા. ૧–૭–૨૪ થી અમલમાં આવેલ છે અને ઉપરોકત અધિનિયમની કલમ–૧૭૦ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

170. Repeal and savings.

(1) The Idnian Evidence Act, 1872 is herby repealed.

(2) Notwithstanding such repeal, if, immediately before the date on which this Adhiniyam comes into force, there is any application, trial, inquiry, investigation, proceeding or appeal pending, then, such applicaiton, trial, inquiry, investigation, proceeding or appeal shall be dealt with under the provisions of the Indian Evidence Act, 1872, as in force immediately before such commencement, as if this Adhiniyam had not come into force."

આમ, ઉપરોકત કલમ મુજબ જયારે ઉપરોકત અધિનિયમ અમલમાં આવ્યો ત્યારે આ કેસની ટ્રાયલ ચાલુ હતી તેથી ભારતીય પુરાવા અધિનિયમ જ લાગુ પડશે.

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT JUNAGADH

ઈ.પી.કોડનું નવુ નામ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ આપવામાં આવેલ છે અને આ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ તા.૧–૭–૨૪ થી અમલમાં આવેલ છે અને તે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૮ નીચે મુજબ છે.

358. (1) The Indian Penal Code is hereby repealed.
(2) Notwithstanding the repeal of the Code referred to in sub-section (1), it shall not
affect,—
(a) the previous operation of the Code so repealed or anything duly done or suffered thereunder; or
(b) any right, privilege, obligation or liability acquired, accrued or incurred under the Code so repealed; or
(c) any penalty, or punishment incurred in respect of any offences committed against the Code so repealed; or
(d) any investigation or remedy in respect of any such penalty, or punishment; or
(e) any proceeding, investigation or remedy in respect of any such penalty or punishment as aforesaid, and any such proceeding or remedy may be i nstituted, continued or enforced, and any such penalty may be imposed as if that Code had not been repealed.
(3) Notwithstanding such repeal, anything done or any action taken under the said Code shall be deemed to have been done or taken under the corresponding provisions of this Sanhita.
(4) The mention of particular matters in sub-section (2) shall not be held to prejudice or affect the general application of section 6 of the General Clauses Act,1897 with regard to the effect of the repeal.

વધુમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૫૩૧ નીચે મુજબ છે.

''531. Repeal and savings :-

(1) The Code of Criminal Procedure, 1973 is hereby repealed.

(2) Notwithstanding such repeal-

(a) if, immediately before the date on which this Sanhita comes into force, there is any appeal, application, trial, inquiry or investigation pending, then, such appeal, application, trial, inquiry or investigation shall be disposed of, continued, held or made, as the case may be, in accordance with the provisions of the Code of Criminal Procedure, 1973, as in force immediately before such commencement (hereinafter referred to as the said

**Sessions Judge**
**Junagadh**

Code), as if this Sanhita had not come into force;

(b) all notifications published, proclamations issued, powers conferred, forms provided by rules, local jurisdictions defined, sentences passed and orders, rules and appointments, not being appointments as Special Magistrates, made under the said Code and which are in force immediately before the commencement of this Sanhita, shall be deemed, respectively, to have been published, issued, conferred, specified, defined, passed or made under the corresponding provisions of this Sanhita;

(c) any sanction accorded or consent given under the said Code in pursuance of which no proceeding was commenced under that Code, shall be deemed to have been accorded or given under the corresponding provisions of this Sanhita and proceedings may be commenced under this Sanhita in pursuance of such sanction or consent.

(3) Where the period specified for an application or other proceeding under the said Code had expired on or before the commencement of this Sanhita, nothing in this Sanhita shall be construed as enabling any such application to be made or proceeding to be commenced under this Sanhita by reason only of the fact that a longer period therefor is specified by this Sanhita or provisions are made in this Sanhita for the extension of time."

તે સંજોગોમાં આ કેસની ટ્રાયલ તા.૧–૭–૨૪ ના રોજ પેન્ડીંગ હતી જેથી ઈ.પી.કોડની જોગવાઈઓ જ આ કેસમાં લાગુ પડશે. તેજ રીતે, સી.આર.પી.સી. નું નવુ નામ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ છે અને તેની કલમ–૫૩૧(૨) મુજબ જયારે આ કેસનું ટ્રાયલ તા.૧–૭–૨૪ ના રોજ પેન્ડીંગ હતુ તેથી આ ટ્રાયલને પણ સી.આર.પી.સી. લાગુ પડશે.

**Sessions Judge**
**Junagadh**

(૨) ફરીયાદપક્ષની હકીકત એવી છે કે, ''મારૂ નામ રામકૃષ્ણ ગુરૂ અખાડાનંદ સાધુ ઉ.વ.૨૯, ધંધો–સેવાપુજા, રહે. બડીયા મહાકાળી ધામ, તાબે. જુનાગઢ

રૂબરૂમાં પુછવાથી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવુ છું કે, હું ઉપરમાં લખ્યા સ્થળે રહુ છું અને ખડીયા ગામે મહાકાળી ધામ આશ્રમનું સંચાલન કરી સેવાપુજા કરૂ છું તેમજ નાદરખી ખાતે આવેલ સમર્થ સ્કુલમાં પણ હું ભાગીદાર છું.

આજરોજ સવારના આશરે આઠેક વાગ્યે હું સમર્થ સ્કુલે ગયેલો ત્યાં અમારા ગુરૂભાઈ કે જે ઝાંજરડા રોડ ઉપર આવેલ ખેતલીયા દાદાના મહંત છે તે રામાનંદ ગુરૂ અખંડાનંદ બાપુ પણ હાજર હતા. દરમ્યાન, બપોરના સાડા બારેક વાગ્યે રામબાપુના મહેમાન મુંબઈથી આવેલ જેઓને પરત મુંબઈ જવાનું હોય જેથી સ્કુલના રસોડે તેઓને જમાડેલા અને તેની સાથે થોડીવાર બેસી આશરે બેક વાગ્યાના સુમારે રામબાપુ તેઓની વીનટો કાર નં. જી.જે.૧૧ એબી ૨૦૦૮ માં મજેવડી દરવાજે મુકવા ગયેલા અને હું સ્કુલ ઉપર હતો ત્યારે આશરે ત્રણેક વાગ્યાના અરસામાં રામબાપુનો મારા મોબાઈલ ઉપર ફોન આવેલ અને મને જણાવેલ કે, આપણે ઝાંજરડા ચોકી પાસે જયનગર વાળી જમીન લીધેલ છે જેની દિવાલ ચોબારીનો સીકલો તથા ચાર પાંચ માણસો પાડે છે જેથી તમો આવો તેવી વાત કરતા હું સ્કુલેથી મારી ફીગો ફોર્ડ કાર નં. જી.જે.૧૧ એબી ૯૯૧ ની લઈને આ જગ્યાએ આવેલ ત્યારે ત્યાં રામબાપુ તેની કાર સાથે હાજર હતા અને સીકલો તથા તેના ચાર પાંચ માણસો દિવાલ પાડતા હતા

જેથી અમોએ આ લોકોને કહેલ કે, આ જમીન અમારી છે, તમે કેમ દિવાલ પાડો છો તો સીકલાએ કહેલ કે, જમીન અમારી છે અને અમારી પાસે કાગડીયા છે તમો જુસલાને મળી લ્યો તે દરમ્યાન રામબાપુના મોબાઈલમાં જુસબનો ફોન આવેલ અને કહેલ કે, જમીનનો વહીવટ પતાવવાનો હતો તમે કેમ વહીવટ પતાવેલ નથી જેથી રામબાપુએ કહેલ કે, આ જમીન અમારી છે, કાગડીયા અમારી પાસે છે, શેનો વહીવટ કરવાનો છે જેથી  જુસબે કહેલ કે શેનો વહીવટ કરવાનો છે તે હું જોઈ લઈશ તેવી વાત રામબાપુએ કહેલ અને તે પછી સીકલાને કહેલ કે તારી પાસે જે કાંઈ કાગડીયા હોય તે લઈ આવ તેવુ કહેતા સીકલો તથા તેની સાથે એક માણસ પાતળા બાંધાનો હતો તે બંને ગયેલા અને તે પછી અમો આ જમીન ધીરૂભાઈ ગોહિલ હસ્તક લીધેલ હોય જેથી હું અને રામબાપુ બંને પોત પોતાની ગાડી લઈને ખેતલીયા દાદાના આશ્રમે ગયેલ ત્યાં મારી ગાડી મુકી રામબાપુની ગાડીમાં હું બેસી ગયેલ અને મે ડ્રાઈવીંગ સંભાળેલ અને રામબાપુ બાજુની સીટમાં બેસી ગયેલ અને સીધા અમો બંને ધીરૂભાઈની ઓફિસે ગોલ્ડન સીટીમાં ગયેલા અને ત્યાં ધીરૂભાઈને વાત કરતા પોલીસ કેસ કરવાનું કહેલ.  આ દરમ્યાન સીકલાનો ફરીવાર રામબાપુના મોબાઈલમાં ફોન આવેલ અને કહેલ કે, કાગડીયા અમારી પાસે આવી ગયેલ છે, તમો આવો  આ વખતે પ્રવિણભાઈ ટાંક એ તાલુકા પોલીસ સબ ઈન્સ્પેકટર ભાટુ સાહેબને ફોન કરી વાત કરેલી અને અમો ત્યાંથી રવાના થયેલ અને જયનગર અમારી જમીન તરફ જવાના નાકે રોડ ઉપર ઉભા રહેલ.  આ વખતે આશરે ચાર સવા ચાર વાગ્યાના સમયે એક સીલ્વર

કલરની સ્વીફટ ડીઝાઈર કાર અમારી કારની બાજુમાં રોકાયેલ અને આ કારની ડાબી સાઈડનો દરવાજો ખોલતા જુસલો ઉતરતા બાપુ બોલેલ કે જુસલો છે જેથી મે આ જુસલાને જોતા તેના હાથમાં એક હથિયાર હતુ અને હથિયાર જોતાની સાથે ગાડી ચાલુ કરવા જતા તેમજ વખતે આ જુસબે તેની પાસેના હથિયારથી ફાયરીંગ કરતા આગળનો કાચ તોડીને મારી બાજુમાં બેઠેલ રામબાપુના કપાળમાં જમણી સાઈડે વાગતા લોહી લુહાણ થવા લાગેલ. આ વખતે જુસલો તથા સીકલો ગાડીમાં બેસી ગયેલા અને આ લોકોની ગાડીમાં બીજા ત્રણેક જણા હોય તેવુ જણાયેલ અને તેઓ પોતાની ગાડી લઈને ભાગી ગયેલા અને હું રામબાપુને લોહી લુહાણ થતા સીધો ડો. ચીખલીયા સાહેબના દવાખાને લાવેલ અને દવાખાનામાં લઈ જતા ડોકટર સાહેબે તપાસીને મરણ ગયેલાનું કહેતા ત્યાંથી હું બાપુને સીવીલ હોસ્પીટલ જુનાગઢમાં લાવી અને લલીતભાઈ સુવાગીયા તથા મુકતાનંદબાપુને જાણ કરેલી.

આ બનાવનું કારણ એવુ છે કે, આ જમીન અમે ધીરૂભાઈ ગોહિલ તથા પ્રવિણભાઈ ટાંક પાસેથી વેચાણ લઈ દસ્તાવેજ કરાવેલ છે. જે જમીનના મુળ માલીક નગા લખમણ હરીજન ઝાંજરડા વાળો હોય તેની માલીકીની હોય અને તે જમીન અમોએ ધીરૂભાઈ પાસેથી વેચાતી લીધેલ તે જમીનના મુળ માલીક નગા લખમણને વધુ પૈસા પડાવવા માટે જુસબ તથા સીકલો તથા તેના મળતીયા દવારા આ બાપુનુ ફાયરીંગ કરી ખુન કરેલ છે જેથી ધોરણસર થવા મારી ફરીયાદ છે.''

**Sessions Judge**
**Junagadh**

ઉપર મુજબની ફરીયાદ રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુ એ આપેલી તે આધારે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ફર્સ્ટ ૧૬૪/૨૦૧૨ થી ઈ.પી.કોડની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪, આર્મ્સ એકટની કલમ–૨૫(૧)બી,એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે.

**(૩) પોલીસ તપાસની વિગત :–**

**૩.૧** તપાસ એજન્સી દવારા ફરિયાદ તા.૨૧–૧૨–૨૦૧૨ ના રોજ ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખાડાનંદ સાધુ એ આપેલી છે.

**૩.૨** વધુમાં, તા. ૨૧–૧૨–૧૨ ના રોજ ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુ એ મરણ જનારની લાશ પંચ સાહેદો રબરુ ઓળખી બતાવતા હોય તે અંગેનું મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ (૧) પંચ જીતેન્દ્રભાઈ હમીરભાઈ બારોટીયા તથા (૨) પંચ મહેશભાઈ રામભાઈ દિવરાણીયા રૂબરૂ ભરવામાં આવેલ.

**3.3** વધુમાં, તા.૨૧–૧૨–૧૨ ના રોજ ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુ એ બનાવમાં મરનાર રામાનંદ ગુરૂ અખંડાનંદ બાપુની કાર બતાવતા તે કાર જોતા સફેદ કલરની વોલ્કાસ વેગન વીન્ટો કંપનીની જેના રજી. નં. જી.જે.૧૧ એબી ૨૦૦૮ જે કારના આગળના કાચ ઉપર ડ્રાઈવર

DISTRICT & SESSIONS COURT JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

સીટની બરોબર સામે જમણી સાઈડે કાણુ પડી કાચ તુટી ગયેલ જોવામાં આવે છે અને જે કાચ બહારથી અંદરની સાઈડમાં એન્ટ્રી માર્ક છે અને ગાડીની અંદરની સાઈડમાં લગાડેલ ફીલ્મી પટ્ટી તુટી ઉખડી ગયેલ છે અને કાચમાનું કાણુ ચાર ઈંચના ઘેરાવાનું છે અને ફરતે કાચ ઉપર તીરાડો પડી ગયેલ છે જે કાણાવાળી જગ્યાએથી ફાયર આર્મ્સના અવશેષો મળવાની શકયતા હોય તે જગ્યાએ ફરતે પ્લાસ્ટીક રાખી સેલોટેપથી ચોટાડી સલામત બનાવવામાં આવેલ છે. આ કારની અંદર જોતા ડાબી સાઈડની આગળની સીટ ઉપર તથા દરવાજા ઉપર અને નીચેના ભાગે લોહીથી ખરડાયેલ છે અને લોહીના છાટા પાછળની સીટ સુધી ઉડેલા જોવામાં આવતા નથી કે મળી આવેલ નથી. આ કાર ઉપર ફાયર આર્મ્સથી ફાયરીંગ થયેલાનું જણાયેલ હોય જેથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ પરીક્ષણ માટે કાર કબજે કર્યાનું પંચનામુ (૧) અતુલભાઈ દામજીભાઈ કોરાટ તથા (૨) સંજયભાઈ પુનાભાઈ ધોરાજીયા નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૪** વધુમાં, તા. ૨૧–૧૨–૧૨ ના રોજ એફ.એસ.એલ. દવારા સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવવામાં આવેલ.

**૩.૫** વધુમાં, તા. ૨૨–૧૨–૧૨ રોજ ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુ એ ગુનાવાળી જગ્યા બતાવતા તે બનાવવાળી જગ્યાનું પંચનામુ (૧) પંચ પરબતભાઈ કાનાભાઈ અખેડ તથા (૨) પંચ કેશુભાઈ જેરામભાઈ માલવાણીયા રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ.

**૩.૬** વધુમાં તા. ૨૨–૧૨–૧૨ ના રોજ આરોપી સીકંદર ઉર્ફે સીકલો તથા આરોપી સલીમ ઉર્ફે અઠીયો નાઓની શરીરસ્થિતિનું અટક પંચનામુ તથા આરોપી સીકંદ ઉર્ફે સીકલો પાસેથી કબજે કરવામાં આવેલ સ્વીફટ ડીઝાઈર કાર નં. જી.જે.૨૪ એ ૪૮૪૯ માંથી મળી આવેલ રુપીયા સો ના સ્ટેમ્પ પેપર ઉપર લખાવી લેનાર સલીમ હુસેન સોઢા તથા લખી આપનાર હિરાના વારસો મેણીબેનનું લખાણ, કબજા સાથેનો સાટા કરાર વગેરે કબજે કર્યાનું તથા મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ પંચનામુ (૧) માલદે રાણાભાઈ ચાવડા તથા (૨) નાથા પરબત ઓડેદરા નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૭** વધુમાં, તા. ૨૪–૧૨–૧૨ ના રોજ આરોપી સીકંદર ઉર્ફે સીકલો એ જે જગ્યાએ ગુનો કર્યા પછી જે જગ્યાએ આશરે લીધેલ હોય તે જગ્યા બતાવવાનું કહેતા તે જગ્યા તલીયાધાર ગામ તરફ બીજા વળાંક પાસે નીચે ઉતરી આરોપી સીકંદર ઉર્ફે સીકલાએ રોડની દક્ષિણ તરફ આરોપી જુસબ અલારખાએ આ ગુનો કર્યા પછી પોતાની પાસેના હથિયારનું કારતીસ ફેંકી દીધેલાનું જણાવતા હોય તથા તલીયાધાર સીમ વિસ્તારમાં ગૌચર જમીન આવતા પશ્ચિમ તરફ એક લાકડાથી બનાવેલ દરવાજાથી અંદર તરફ જતા ખુલ્લી જગ્યા આવેલ હોય અને તે જગ્યાએ પોતે તથા સહ આરોપી જુસબ અલારખાએ વાડો બનાવીને રહેતા હોય અને તે જગ્યાએ સદરહું ગુનો કર્યા પછી આ જગ્યાએ આશરે લીધેલ હોય તે

અંગેનું પંચનામુ (૧) નગાભાઈ સવદાસભાઈ પરમાર તથા (૨) દિનેશભાઈ કનુભાઈ વાસણ નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૮** વધુમાં, તા.૨૪–૧૨–૧૨ ના રોજ આરોપી સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન હાલા તથા આરોપી સલીમ ઉર્ફે અઠીયો સુલેમાન હાલા એ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) અતુલભાઈ દામજીભાઈ કોરાટ તથા (૨) પ્રવિણગીરી દયાગીરી ગોસ્વામી નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૯** વધુમાં, તા. ૨૫–૧૨–૧૨ ના રોજ આરોપી સીકંદર ઉર્ફે સીકલો બનાવવાળી જગ્યા સ્વખુશીથી બતાવવા માગતા હોય તે જગ્યાએ જોતા તે જગ્યા ખુલ્લો પ્લોટ છે, જયાં કોઈ દરવાજો આવેલ નથી અને પ્લોટમાં અલગ અલગ દીવાલો આ કામે રામા નગા તથા જુસબ અલારખાના કહેવાથી જેસીબી તથા મજુરોની મદદથી પાડેલ હોવાનું જણાવે છે તથા એક સુતરનું દોરડુ પડેલ છે જે સ્ટીલની ગાગર ઉપર પુના ખાખા પરમાર આંબેડકરનગર લખેલ છે તે ગાગર કબજે કરેલ તેમજ તે જગ્યા અંગે કરેલ વીડીયોગ્રાફી તૈયાર કરી કબજે કરેલ તે અંગેનું પંચનામુ (૧) પંચ વિરમભાઈ હરદાસભાઈ પીઠીયા તથા (૨) હિતેશકુમાર સામતભાઈ વાજા નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૦** વધુમાં, તા.૨૫–૧૨–૧૨ ના રોજ આરોપી યુસુફ ઉર્ફે ઈશા જુમા તથા આરોપી હાજી જુમા નાઓની શરીરસ્થિતિનું અટક કર્યાનું તથા આરોપી યુસુફ ઉર્ફે ઈશા જુમા પાસેથી મોટર સાઈકલ નં. જી.જે.૧ બીએન ૫૨૫ કબજે કર્યાનું પંચનામુ (૧)

દિનેશભાઈ માંડણભાઈ સોલંકી તથા (૨) લાલજીભાઈ અરજણભાઈ ઉટડીયા નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૧** વધુમાં, તા. ૨૫–૧૨–૧૨ ના રોજ આરોપી હારૂન આમદભાઈની શરીરસ્થિતિનું અટક કર્યાનું પંચનામુ (૧) રમેશભાઈ કાનજીભાઈ ચૌહાણ તથા (૨) કમલેશભાઈ મોહનલાલ વાઘેલા નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૨** વધુમાં, તા. ૨૫–૧૨–૧૨ ના રોજ સાહેદ ઈન્દ્રીશ આમદભાઈએ આરોપી હારૂન ઉર્ફે આમદભાઈ નાઓએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) લખમણભાઈ પ્રેમજીભાઈ ટાંક તથા (૨) ડાયાભાઈ રવજીભાઈ પટેલ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૩** વધુમાં તા. ૨૫–૧૨–૧૨ ના રોજ આરોપી હાજી જુમા ડફેર તથા આરોપી યુસુફ ઉર્ફે ઈસો જુમા ડફેર એ બનાવ વતે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) લખમણભાઈ પ્રેમજીભાઈ ટાંક તથા (૨) ડાયાભાઈ રવજીભાઈ પટેલ રુબરુ કરવામાં આવેલ.

DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**૩.૧૪** વધુમાં, તા. ૨૭–૧૨–૧૨ ના રોજ આરોપી હારૂન આમદભાઈ નાઓએ ગુનામાં ઉપયોગ કરેલ મો.સા. નં. જી.જે.૩ ઈએસ ૨૧૦૩ વાળુ તેના ભાઈ ઈન્દ્રીસ આમદભાઈ નાઓ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) રાજુભાઈ બાવનભાઈ ભારાઈ તથા (૨) અખતરખાન મજીદખાન બાબી નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૫** વધુમાં, તા. ૨૯–૧૨–૧૨ ના રોજ એકિઝ. મેજી. રુબરુ આરોપી હારૂન આમદભાઈ ગંભીર, આરોપી યુસુફ ઉર્ફે ઈશા જુમાભાઈ ડફેર તથા આરોપી હાજીભાઈ જુમાભાઈ સમા નાઓનું ઓળખપરેડનું પંચનામુ પંચ (૧) રામભાઈ હરદાસભાઈ દિવરાણીયા તથા (૨) નંદાણીયા માલદેભાઈ ઉગાભાઈ નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૬** વધુમા, તા.૧–૧–૧૩ ના રોજ આરોપી સલીમ ઉર્ફે ભુરીયો તથા આરોપી અવતારસીંગ ઉર્ફે ફેન્સી જોગીન્દરસીંગ નાઓને ટ્રાન્સફર વોરંટના આધારે અટક કરવાના હોય તેઓને અટક કર્યાનું પંચનામુ (૧) સીકંદર લીયાતઅલી બુખારી તથા (૨) ઈમરાન હુસેનભાઈ મકરાણીનાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૭** વધુમાં, તા. ૨–૧૨–૧૨ ના રોજ આરોપીએ બનાવવાળી જગ્યા તે બતાવતા તે જગ્યાનું વીડીયો શુટીંગ કરનાર હરેશકુમાર વિનોદકુમાર નાઓએ એક ડી.વી.ડી. કેસેટ રજુ કરતા તે પંચ સાહેદ રુબરુ કબજે કર્યાનું પંચનામુ (૧) ભરતભાઈ કલ્યાણભાઈ પટેલ તથા (૨) હરીભાઈ પીઠાભાઈ પરમાર નાઓ રુબરુ કરવામાં આવેલ.

**૩.૧૮** વધુમાં, તા. ૩–૧–૧૩ ના રોજ વિવાદવાળી જમીનનો કંમ્પાઉન્ડ દીવાલનો ડેલો આરોપીઓ લઈ ગયેલ હોય તે ડેલો ભંગાર લેનાર કરનભાઈ તીલકરામ પટેલ નાઓ રજુ કરતા હોય તે કબજે કર્યાનું પંચનામુ (૧) વિમલ ચંદુભાઈ પટેલ તથા (૨) જેન્તીભાઈ સવજીભાઈ કોટડીયા નાઓ રુબરુ કરવામાં આવેલ.

DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

1[Provided that if the Court records the evidence through audio-video electronic means. computer or any other electronic device, the provision of this sub-section shall not apply.]

(5) For the purposes of this section,-

(a) information shall be taken to be supplied to a computer if it is supplied thereto in any appropriate form and whether it is so supplied directly or (with or without human intervention) by means of any appropriate equipment;

(b) whether in the course of activities carried on by any official, information is supplied with a view to its being stored or processed for the purposes of those activities by a computer operated otherwise than in the course of those activities, that information, if duly supplied to that computer, shall be taken to be supplied to it in the course of those activities;

(c) a computer output shall be taken to have been produced by a computer whether it was produced by it directly or (with or without human intervention) by means of any appropriate equipment.

**Sessions Judge**
**Junagadh**

Explanation.- For the purposes of this section any reference to information being derived from other information shall be a reference to its being derived there from by calculation, comparison or any other process.]

**૬.૨.3** ઉપરોકત સર્ટીફીકેટ જે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી માં જણાવેલ છે તે આ વે બ્રીજ વાળાઓએ આપવાનું હતુ અને તે સર્ટીફિકેટ આરોપીએ આપવાનું ન હતુ કારણ કે, આ બંને દસ્તાવેજ આ વે બ્રીજના કોમ્પ્યુટરમાં તૈયાર થયેલા છે અને તે સંજોગોમાં ઉપરોકત બંને દસ્તાવેજો માટે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી નું જરુરી નહીં પણ આવશ્યક છે જેથી તેની ગેરહાજરીમાં ઉપરોકત બંને દસ્તાવેજો અગ્રાહ્ય ગણવામાં આવે છે.

ઉપરોકત બાબતે સ્પે.પી.પી. શ્રીએ નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો જે એ.આઈ.આર. ૨૦૧૮ સુપ્રિમ કોર્ટ ૭૧૪ શફી મહમદ વિરુઘ્ધ હિમાચલ પ્રદેશનો રજુ થયેલ છે તે રજુ કરેલ છે જેના નામ. સુપ્રિમ કોર્ટે પેરા–એ અને બી માં નીચે મુજબનો સિઘ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

(A) Evidence Act (1 of 1872), S. 65B(4) - Electronic records - Admis-sibility Requirement of furnishing certificate - Is not mandatory when electronic evidence is produced by party who is not in possession of device, from which such evidence is produced.

(B) Evidence Act (1 of 1872), Ss.
65B(4), 63, 65 - Electronic records Secondary evidence - Permissibility - When electronic evidence is produced by party who is not in possession of de-vice Such party can lead secondary evidence. (Para 14)

**૬.૨.૪** પરંતુ, અસલ સોર્સ ઉપરોકત સાહેદના પઝેશનમાં છે અને તે સંજોગોમાં ઉપરોકત ચુકાદો ઉપરોકત દસ્તાવેજો સંદર્ભે ફરીયાદપક્ષને મદદ કરતા નથી.

**Sessions Judge**
**Junagadh**

**૬.૩ ફોટોગ્રાફસ જે કામચલાઉ આંક–૪૮૩ થી રજુ છે તથા આંક–૪૮૫ થી ડી.વી.ડી. રજુ થયેલ છે તે અંગે :**

**૬.૩.૧** ઉપરોકત બંને દસ્તાવેજોને કામચલાઉ ધોરણે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. ઉપરોકત બાબત અંગે આ ફોટો પાડનાર અને વીડીયો શુટીંગ કરનાર સાહેદ હરેશભાઈને પી.ડબલ્યુ.૬૧ થી તપાસેલા છે અને તેઓએ પેરા–૧ અને ૭ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧)હું જુનાગઢ મુકામે વીડીયો શુટીંગનુ કામ કરુ છુ. તા.૨૧/૧૨/૨૦૧૨ ના રોજ પોલીસે મને ફોટોગ્રાફી માટે સીવીલ હોસ્પીટલ,જુનાગઢ ખાતે બોલાવેલ હતો. મે હોસ્પીટલમા જઈને ડેડ બોડી જે પી.એમ.રૂમમા હતા તેના જુદા–જુદા નવ ફોટાઓ પાડેલા અને તેની મોટરકાર જે બહાર ઉભેલ હતી તેના મે સાત ફોટાઓ કે જેના ઉપર ફાયરીંગ અને લોહીના નિશાન હતા તેના ફોટા પાડેલા હતા. જે **માર્ક ૪૮૧/૦૧ થી લાશના કુલ નવ ફોટા અને માર્ક ૪૮૧/૦૨ થી કુલ સાત ફોટાઓ ડીઝીટલ કેમેરાથી પાડેલા હતા તે જ છે જે તમામ ફોટાઓને હાલ પુરતા કામ ચલાઉ આંક–૪૮૩ આપવામા આવે છે અને આ ફોટાઓની આખરી ગ્રાહયતા ભારતીય પુરાવા અનિધિનયની કલમ–૧૩૬ મુજબ બંને પક્ષકારોને સાંભળ્યા બાદ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)ની જોગવાઈઓ લક્ષમા લઈ નકકી કરવામા આવશે.**

(૭)ત્યારબાદ તેના બે–ચાર દીવસ પછી પોલીસને આ ડી.વી.ડી.તૈયાર કરીને આપેલી જેનુ પંચનામુ કરેલુ જે આંક–૧૭૭ થી રજુ છે. મને મુદામાલ આર્ટીકલ નં.–૩૧ વાળી ડી.વી.ડી.બતાવવામા આવે છે જે મે વીડીયો શુટીંગ કરેલ તેની ડી.વી.ડી.કેસેટ પોલીસને રજુ કરતા તા.૦૨/૦૧/૨૦૧૨ ના રોજ બે પંચો રૂબરૂ કબ્જે કરેલ તે જ છે.**હાલ ડી.વી.ડી.ને કામ ચલાઉ આંક–૪૮૫ આપવામા આવે છે અને આ ડી.વી.ડી.ની આખરી ગ્રાહયતા ભારતીય પુરાવા અનિધિનયની કલમ–૧૩૬ મુજબ બંને પક્ષકારોને સાંભળ્યા બાદ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)ની જોગવાઈઓ લક્ષમા લઈ નકકી કરવામા આવશે.**

**આ ડી.વી.ડી.અદાલતના કોમ્પ્યુટરમા ચાલુ કરીને મને બતાવવામા આવે છે તે જે મે વીડીયોગ્રાફી કરેલી તે જ છે.''**

**૬.૩.૨** ઉપરોકત બાબત અંગે ફરીયાદપક્ષે પાકા આંક આપવા માટે દલીલ કરેલ છે.

**૬.૩.૩** ઉપરોકત ફોટોગ્રાફની નેગેટીવ નથી તેવી હકીકત સાહેદે જણાવેલ છે અને સાહેદે જણાવેલ છે કે, ડીજીટલ કેમેરામાં નેગેટીવ ન હોય. વધુમાં, ઉપરોકત ફોટોગ્રાફસ અને ડી.વી.ડી. માટે કોઈ જ સર્ટીફિકેટ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી નું રજુ થયેલ નથી અને તે સંજોગોમાં જયારે આ સાક્ષીએ આ ફોટા પાડેલા છે, વીડીયો શુટીંગ કરેલ છે અને આ અસલ સોર્સ એટલે કે, કેમેરો કે જેનાથી ફોટા અને વીડીયો રેકોર્ડીંગ કરેલ છે તે રજુ થયેલ નથી કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી નું સર્ટિ. રજુ થયેલ નથી તે સંજોગોમાં આ ઉપરોકત બંને દસ્તાવેજો કામચલાઉ આંક–૪૮૩ અને ૪૮૫ ને અગ્રાહય ગણવામાં આવે છે.

ઉપરોકત બાબતે સ્પે.પી.પી.શ્રીએ નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો જે એ.આઈ.આર. ૨૦૧૮ સુપ્રિમ કોર્ટ ૭૧૪ શફી મહમદ વિરુધ્ધ હિમાચલ પ્રદેશનો રજુ થયેલ છે તે રજુ કરેલ છે જેના નામ. સુપ્રિમ કોર્ટે પેરા–એ અને બી માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

(A) Evidence Act (1 of 1872), S. 65B(4) - Electronic records - Admis-sibility Requirement of furnishing certificate - Is not mandatory when electronic evidence is produced by party who is not in possession of device, from which such evidence is produced.

(B) Evidence Act (1 of 1872), Ss.
65B(4), 63, 65 - Electronic records Secondary evidence - Permissibility - When electronic evidence is produced by party who is not in possession of de-vice Such party can lead secondary evidence. (Para 14)

**૬.૩.૪** પરંતુ, અસલ સોર્સ ઉપરોકત સાહેદના પઝેશનમાં છે અને તે સંજોગોમાં ઉપરોકત ચુકાદો ઉપરોકત દસ્તાવેજો સંદર્ભે ફરીયાદપક્ષને મદદ કરતા નથી.

**૬.૩.૫** ઉપરોકત બાબતે એવી દલીલ કરવામાં આવેલ છે કે,

''તેમજ કલમ ૬૫(બી) ઉપરની વિગતે આંક ૪૮૩ અને ૪૮૫ ના આંક ૪૮૨ ના સાહેદ હરેશભાઈએ પોતેજ ડીઝીટલ કેમેરા થી ફોટા પાડી અને તેની વીડીયોગ્રાફી તૈયાર કરી પોલીસને આપેલ

છે જે ફોટા પાડયા બાદ સાહેદે પોતે આંક ૪૮૩ ના ફોટા પ્રીન્ટ કાઢીને પોલીસને આપેલા છે અને તેમણે પોતેજ બનાવ વાળા સ્થળની વીડીયોગ્રાફી કરી તેની તેમણે પોતેજ ડીવીડી કેસેટ આંક ૪૮૫ વાળી બનાવી આંક ૪૮૪ ના પત્ર મુજબ આપેલ છે ડીઝીટલ કેમેરામાં ઈલેકટ્રોનીક રેકર્ડમાં તેમણે જાતે ફોટા પાડી ડીવીડી બનાવીને આપેલ છે જેથી ૬૫(બી) મુજબ તેને એક દસ્તાવેજ તરીકે ગણવામા આવશે અને સાહેદે જાતે દસ્તાવેજો ફોટાઓ પાડી ડીવીડી તૈયાર કરી ઉપરની વિગતે કરેલ હોય ત્યારે તેના અસલ ડીઝીટલ કેમેરાને રજુ કર્યા વગર સીધા પુરાવા તરીકે આ કામમાં તે પુરાવો ગ્રાહય છે કલક ૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર આપવુ મેન્ડેટરી નથી જે પુરાવો આ કેસની હકીકત અને પુરાવા મુજબ ઘ્યાને લઈ શકાય ૬૫(બી) નું પ્રમાણપત્ર ડાયરેકટરી છે જે કલમ ૬૫(બી) મુજબની કાયદેસરની પ્રકિયાથી આંક ૪૮૩ અને આંક ૪૮૫ ના દસ્તાવેજો હોય પુરાવામાં તેને આખરી આંક આપી ગ્રાહય રાખી ઘ્યાને લેવા અરજ આ દસ્તાવેજો આંક ૪૮૨ ના સાહેદ હરેશકુમારે પોતે ડીઝીટલ કેમેરામાં પાડી આંક ૪૮૩ ના ફોટાઓ અને બનાવની જગ્યાનું વીડીયો શુંટીગ તે આંક ૪૮૫ નું કરેલ અને તેમને ફોટા તથા ડીવીડી તૈયાર કરી આપેલ હોવાથી સાહેદના પુરાવા અધિનિયમ ની કલમ ૬૫(બી) મુજબ અલગ પ્રમાણપત્ર (સટીફીકેટ) આપવાનું રહેતુ નથી અને ઉલટપાસ દરમ્યાન આંક ૪૮૩ ના ફોટાઓ પાડેલાનું અને આંક ૪૮૫ ની ડીવીડી તૈયાર કરેલ તે ચેલેન્જ કરેલ નથી_તે આંક ૪ ૮૩ ના ફોટા મેમરી કાર્ડમાંથી તેના કોમ્પ્યુટર માં લઈ લેબમાં જઈને કાઢેલા છે તે ચેલેન્જ કરેલ નથી અને આ સાહેદ કેસેટ તૈયાર કરેલ નથી તેમ ચેલેન્જ પણ કરેલ નથી તેથી જુબાની પારા ૧૩ મુજબ પોલીસ સ્ટેશનથી નીકળી બાદમાં વીડીયોગ્રાફી કરી તેની કેસેટ આપેલી તે સિવાય વીડીયોગ્રાફી દરમ્યાન બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

આ વિગતે આંક ૪૮૩ અને ૪૮૫ ના સંપુર્ણ ફાયનલ આંક આપી પુરાવમાં ગ્રાહય ગણી ઘ્યાને લેવા અરજ એ.આઈ.આર. ૨૦૧૮ પાનું ૧૪ શ્રીમહમદ શફીના જજમેન્ટ પ્રમાણે કલમ ૬૫(બી)(૪) નું સર્ટીફિકટ મેન્ડેટરી નથી અને તે પ્રમાણપત્ર પ્રોસીજરલ કાર્યવાહી છે જેથી ન્યાયનાં હિત માટે નામદાર કોર્ટે તેને રીલેક્ષ કરી શકે છે. જેથી ઉપરની વિગતે આંક ૪૮૩ અને આંક ૪૮૫ ના દસ્તાવેજો ફરીયાદપક્ષે સંપુર્ણ સાબીત કરેલ હોય આખરી આંક આપી ગ્રાહય ગણવા અરજ છે તે દસ્તાવેજો પ્રમાણે મરનારનું તેની કારમાં બેઠા હતા અને તેના ઉપર ફાયરીંગ કરી ઈજા કરતા કારનાં આગળના કાચમાં થઈને મરનાર અંદર કારમાં બેઠા હતા ત્યાં ફોટામાં દર્શાવ્યા પ્રમાણે કપાળનાં જમણી બાજુના આંખનાં નેણ થી ૧ સે.મી. ઉપરના ભાગે ઈજા થતાં મૃત્યુ થયેલ છે.''

**Sessions Judge**
**Junagadh**

**૬.૩.૬** પરંતુ આ કાયદાની વસ્તુ છે તેથી ઉલટ તપાસમાં કોઈ ચેલેન્જ ન કરે તેનાથી કાયદાની મેન્ડેટરી જોગવાઈનું પાલન ન કરવુ તેવો નિયમ કોઈ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી માં જણાવેલ નથી જે સંજોગોમાં ઉપરોકત દલીલ ફરીયાદપક્ષને મદદ કરી શકે તેમ નથી.

**૬.૪ કામચલાઉ આંક–૪૯૪ અંગે :**

**૬.૪.૧** કામચલાઉ આંક–૪૯૪ થી રાઠોડ બહાદુરભાઈ અને પ્રવિણભાઈ ટાંક વચ્ચે થયેલ ઈમલો વેચાણ આપ્યાનો કરાર થયેલ છે તેની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આ અંગે પેરા–૯ માં પી.ડબલ્યુ.૬૩ નાએ નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૯)મને **માર્ક ૪૭/૮૩/૦૧/૦૨** નો ઈમલા વેચાણ આપ્યાનો કરાર રૂા.૫૦/– સ્ટેમ્પ વાળો બતાવવામા આવે છે તેમા વેચનાર તરીકે મારી સહી છે અને લેનાર તરીકે પ્રવિણ ભાઈ ટાંકની તથા ત્રણ સાક્ષીઓની સહીઓ છે આ સહીઓ કોણે અને કયાં કરાવેલ તે મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે,આ ઈમલાના ત્રીસ હજાર મને મળેલા. જેને **કામચલાઉ રજુ દાખલ આંક–૪૯૪** આપવમાા આવે છે. **(નોંધ:– ઉપરોકત દસ્તાવેજની આખરી ગ્રાહ્યતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૬ મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૧ થી કલમ–૬૮ ની જોગવાઈઓ લક્ષમા લીધા બાદ અને બંને પક્ષકારોને સાંભળ્યા બાદ નકકી કરવામા આવશે.)''**

**૬.૪.૨** આમ, ઉપરોકત અસલ દસ્તાવેજ એટલે કે, પ્રાયમરી ડોકયુમેન્ટ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૨ મુજબ રજુ થયેલ નથી પરંતુ સેકન્ડરી એવીડન્સ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૩ મુજબનો છે પરંતુ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫ મુજબની જે શરતો કલમ–૬૫ (a) (b) to (g) ની શરતો સંતોષાય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને તે સંજોગોમાં ઉપરોકત દસ્તાવેજ ગ્રાહ્ય બનતો નથી.

**૬.૫ કામચલાઉ આંક–૪૯૫ અંગે :**

**૬.૫.૧** કામચલાઉ આંક–૪૯૫ થી અસલ નોટરી રુબરુ થયેલ સુરેશભાઈ અને લખમણભાઈના વારસો વચ્ચે થયેલો કરાર રજુ થયેલ છે જે અસલ છે અને તે અંગે

પેરા–૧૦ માં પી.ડબલ્યુ.૬૩ બહાદુરભાઈનાઓએ નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧૦)મને **માર્ક ૪૭/૧૬૧** બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે, તેમાં બધાની સહીઓ અને ફોટાઓ ઓળખુ છુ પરંતુ તે સહીઓ કયારે લઈ ગયા અને શા માટે લઈ ગયેલા તેની મને ખબર નથી.જેને **કામચલાઉ રજુ દાખલ આંક–૪૯૫** આપવમાા આવે છે. **(નોંધ:– ઉપરોકત દસ્તાવેજની આખરી ગ્રાહયતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૬ મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૧ થી કલમ–૬૮ ની જોગવાઈઓ લક્ષમા લીધા બાદ અને બંને પક્ષકારોને સાંભળ્યા બાદ નકકી કરવામા આવશે.)''**

**૬.૫.૨** આમ, ઉપરોકત સાહેદ આ દસ્તાવેજમાં રહેલી સહીઓ સ્પષ્ટપણે ઓળખી બતાવે છે અને આ દસ્તાવેજ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૨ માં પડતો દસ્તાવેજ છે તે સંજોગોમાં ઉપરોકત દસ્તાવેજ ગ્રાહ્ય ગણવામાં આવે છે.

**૬.૬ કામચલાઉ આંક–૫૧૬ અંગે :**

**૬.૬.૧** આ કામમાં પ્રવિણભાઈ પરસોતમભાઈ અને સંતોકબેન ભુવા વગેરે વચ્ચે થયેલ પુન: અવેજની પહોંચ તથા કબજો સોંપણી કરાર રજુ થયેલ છે જે ઝેરોક્ષ નકલ છે. ઉપરોકત બાબત અંગે સાહેદ અશ્વીનભાઈએ પી.ડબલ્યુ.૬૫ તરીકે આંક–૫૧૪ થી પેરા–૪ મા નીચે મુજબની હકીકતન જણાવેલ છે.

''(૪)મને **માર્ક ૪૭/૧૬૦** બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે, તે મે નોટરાઈઝ કરેલ કરાર છે પરંતુ તે ઝેરોક્ષ હોવાથી **હાલ પુરતો કામ ચલાઉ આંક–૫૧૬ આપવામા આવે છે અને આ કરારની આખરી ગ્રાહયતા ભા.પુ.અધિનિયમની કલમ–૧૩૬ મુજબ ભા.પુ.અ.ની કલમ–૬૧ થી કલમ ૬૬ ની વિગેરે જોગવાઈઓ લક્ષમા લઈ બંને પક્ષકારોને સાંભળ્યા બાદ નકકી કરવામા આવશે.''**

**૬.૬.૨** આમ, આ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૩ મુજબનો સેકન્ડરી એવીડન્સ છે. આમ, ઉપરોકત અસલ દસ્તાવેજ એટલે કે, પ્રાયમરી ડોકયુમેન્ટ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૨ મુજબ રજુ થયેલ નથી પરંતુ સેકન્ડરી એવીડન્સ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૩ મુજબનો છે પરંતુ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫ મુજબની

જે શરતો કલમ–૬૫ (a) (b) to (g) ની શરતો સંતોષાય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને તે સંજોગોમાં ઉપરોકત દસ્તાવેજ ગ્રાહય બનતો નથી.

**પક્ષકારોની દલીલો :**

**(૭) વિ. સ્પે.પી.પી.શ્રીની દલીલ.**

આ કામે સરકાર પક્ષે વિ. સ્પે.પી.પી.શ્રીએ આંક–૬૧૮ થી લેખિત દલીલ કરેલ છે જેની મુખ્ય વિગતો આ ચુકાદામાં યથાસ્થાને ચર્ચેલ છે.

**(૮) આરોપીઓ તરફે દલીલો :**

**૮.૧ આરોપીઓ તરફે દલીલ કરવામાં આવેલ છે કે,** આ કામમાં નજરે જોનાર સાહેદનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને તેથી ફરીયાદપક્ષ કોઈ નજરે જોનાર સોહદ રજુ કરી શકેલ નથી.

**૮.૨ વધુમાં દલીલ કરેલ છે કે,** મોટા ભાગના સાક્ષીઓ હોસ્ટાઈલ થયેલા છે અને હોસ્ટાઈલ થયા બાદ પણ ફરીયાદપક્ષને અને આરોપીઓને સંડોવતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**૮.૩ વધુમાં દલીલ કરેલ છે કે,** આ કામમાં ફરીયાદપક્ષે મહત્વની એ હકીકત પુરવાની હતી કે, આ જગ્યાનો કબજો કોનો હતો અને આ હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી અને જયારે બે હકીકતો અદાલતના રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીઓને નિર્દોષતા તરફ લઈ જાય તે હકીકત અદાલતે માનવાની રહે છે અને છેલ્લા ફરીયાદપક્ષે રજુ કરેલા દસ્તાવેજો મુજબ કબજો અમુક આરોપીઓનો હતો અને તેથી ફરીયાદપક્ષનો કબજો હતો અથવા તો ફરીયાદપક્ષનું ટાયટલ હતુ તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી.

૮.૪ વધુમાં દલીલ કરેલ છે કે, ડીસ્કવરી પંચનામાઓ કાયદાની જોગવાઈઓ અને પ્રસ્થાપિત થયેલ થયેલ ચુકાદાઓના સીધ્ધંતો મુજબ સાબીત થઈ શકેલ નથી.

**૮.૫ વધુમાં દલીલ કરેલ છે કે,** આરોપ જુસબ પાસેથી તમંચો કે તેના કારતુસો કબજે કરવામાં આવેલા છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરવામાં આવેલ નથી જેથી તમંચા અંગે જે એફ.એસ.એલ.નો પુરાવો છે તે માનવા લાયક રહેતો નથી એટલે કે, તેનાથી આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી.

**૮.૬ વધુમાં દલીલ કરેલ છે કે,** સ્થળ ઉપર આરોપી જુસબ હતા તેવો એકપણ પુરાવો વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી.

**૮.૭ વધુમાં દલીલ કરેલ છે કે,** એફ.એસ.એલ.માં જે બાયોલોજીકલ અને સીરોલોજીકલનું પૃથ્થકરણ નમુનાઓ અંગે રજુ થયેલ છે તેમાં આરોપીઓની કોઈ સંડોવણી પુરવાર થતી નથી.

**૮.૮ વધુમાં દલીલ કરેલ છે કે,** કોઈ ડેલો કોઈને ત્યાં વેચવામાં આવે તેનાથી કે બનાવ સંદર્ભનો પુરાવો છે તેવુ માની ન શકાય તે સંજોગોમાં ફરીયાદપક્ષ તહોમતનામા મુજબનું તહોમત વ્યાજબી શકથી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવવા દલીલ કરેલ છે.

૮.૯ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દલીલ કે, ફરીયાદ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડે છે પરંતુ તે દલીલ કાયદા મુજબની નથી તેવી દલીલ આરોપી તરફે કરેલ છે.

**(૯) પોઈન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી. કલમ–૩૫૪(ડી) મુજબ.**

**૯.૧)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૮ અને ૯ નાઓએ પોતાના વડીલો પાર્જીત ઝાંજરડા ગામના સર્વે નં. ૩૫,૩૭ જયનગર નામથી ઓળખાતી

જમીન સાહેદ નં.૧૭, ૧૮ ના વડીલોને વેચેલાનું જાણતા હોવા છતા તે જમીનનો કબજો રાખી તેના વધુ રૂપીયા પડાવવાના ઈરાદે સાહેદ નં. ૧૦ પાસેથી રૂપીયા ૩૪ લાખ મેળવી લીધેલ હોવા છતા વધુ રૂપીયા પડાવવાના ઈરાદે આરોપી નં.ર ને જમીનનો કબજો કરવા હવાલો આપી આરોપી નં.ર, ૩ ની મદદથી જમીનનો કબજો કરી આરોપી નં.૪, ૧૦ ને સામેલ કરી આરોપી નં.૧૦, ૧૧ નાએ આ જમીનના મુળ માલીક સાહેદ નં. ૧૭, ૧૮ ને ધાક ધમકી આપી કબજા હકક સાટાખત કરાવવા ખેતલીયા દાદાના મંદિર પાસે આરોપી નં. ર થી પ તથા ૮ થી ૧૧ નાઓએ એકઠા થઈ જમીન વેચાણના ૫૦ % રૂપીયા મેળવવા કાવતરુ રચી આરોપી નં.૧૦ નાએ રૂપીયા ૧(એક) કરોડમાં જમીન ખરીદ કર્યાનું નોટરી રૂબરૂ સાહેદ નં. ૪૮ નાઓ પાસેથી સાટાખત તૈયાર કરી આરોપી નં.૧ ના પ્રેરક બળથી આરોપી નં.ર, ૩ ના અને ૧૦ નાએ કંમ્પાઉન્ડ દીવાલ કરેલ તે તોડી પથ્થર લોખંડનો ડેલો વેચી નુકસાન કરી કબજો કરી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા તા. ર૧–૧ર–૧ર ના આરોપી નં.ર, ૩ નાએ દીવાલ પડાવતા મરનાર રામાનંદ સાધુએ દીવાલ પાડવાની ના પાડતા આરોપી નં. ૧ થી ૭ નાઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા આરોપી નં.ર ના હવાલાની સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જી.જે.ર૪ એ ૪૮૪૯ માં તા. ર૧–૧ર–૧ર ના કલાક ૧૬–૧૫ વાગ્યે ઝાંજરડા ચોકડી જયનગરના રસ્તે ફરીયાદી તથા મરનાર રામાનંદ ગુરૂ અખંડાનંદ સાધુ ઉ.વ.ર૯ નાઓ પોતાની વીન્ટો કાર નં. જી.જે.૧૧ એ.બી. ર૦૦૮ માં બેઠેલ ત્યાં જઈ મરનારને મારી નાખવાના ઈરાદે આરોપી નં.૧ નાએ પોતાની પાસેની ગેરકાયદેસર પાસ પરવાના વગરના તમંચામાંથી ફાયરીંગ કરી રામાનંદ ગુરૂ

અખંડાનંદ સાધુના કપાળમાં ગોળી મારી મોત નિપજાવી આરોપીઓ પોતાની કારમાં નાસી જઈ ઈ.પી.કોડની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૪, ૩૮૭, ૪૨૭, ૧૨૦–બી તથા ઈ.પી.કોડની કલમ–૪૪૭ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)એ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૯.૨)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે વિ. જિલ્લા મેજી.શ્રી, જુનાગઢનું હથિયારબંધી જાહેરનામુ અમલમાં હતુ તેમ છતા આરોપીઓએ તમંચો જેવુ હથિયાર જાહેરમાં ધારણ કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૯.૩) શું આખરી હુકમ ?**

**(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**૧૦.૧)** મુદા નં.૯.૧ માં ચર્ચા કર્યા મુજબ : ''નકારમાં''

**૧૦.૨**) મુદા નં.૯.૨ માં ચર્ચા કર્યા મુજબ : ''નકારમાં''

**૧૦.૩)** આખરી હુકમ મુજબ. : આખરી હુકમ મુજબ

## : : કારણો : :

**(૧૧) સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**Sessions Judge**
**Junagadh**

**૧૧.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઈએ નહીં.

**૧૧.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ–૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :– આ** સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૧.૩** **એ**ટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.–પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે. Beyond reasonanle doubt એટલે શું ?

**૧૧.૪** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી કોઈપણ ગુન્હો પુરવાર થાય છે કે કેમ તે નકકી કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt – અંગે વિધ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich " જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

૧૧.૫ **આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે,** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice" વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents [@page537] Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated. ..."

**Sessions Judge**
**Junagadh**

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

**૧૧.૬ શું સાબીત કરવાનું છે ?**

**૧૧.૭ ભા.પુ.ધા.માં સાબીતીની વ્યાખ્યા કલમ–૩ માં નીચે મુજબ આપેલ છે.**

3. **Interpretation clause** :–

......

**"proved" .– A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists**.

૧૧.૮ આમ, ઉપરોકત વ્યાખ્યા મુજબ કોઈપણ પક્ષકારો જે સાબીત કરવાનું છે તેમાં ગુના અંગેની હકીકત સાબીત કરવાની છે.

૧૧.૯ હકીકતની વ્યાખ્યા ઉપરોકત ભા.પુ.ધા.ની કલમ–૩ માં નીચે મુજબ આપેલ છે.

""**Fact** ".''**Fact**" **and includes**–(1) **anything, state of things, or relation of things, capable of being perceived by the senses;**

(2) **any mental condition of which any person is conscious**."**Relevant**".– **One fact is said to be relevant to another when the one is connected with the other in any of the ways referred to in the provisions of this Act relating to the relevancy of facts**.

**"Facts in issue".- The expression "facts in issue" means and includes- any fact from which, either by itself or in connection with other facts, the existence, non- existence, nature, or extent of any right, liability, or disability, asserted or denied in any suit or proceedings, necessarily follows.**

**Explanation- Whenever, under the provisions of the law for the time being in force relating to Civil Procedure, any Court records an issue of fact, the fact to be asserted or denied in the answer to such issue, is a fact in issue.**

**Illustrations A is accused of the murder of B. At his trial the following facts may be in issue : That A caused Bs death; that A intended to cause Bs death; that A had received grave and sudden provocation from B; that A at the time of doing the act which cause Bs death, was by reason of unsoundness of mind, incapable of knowing its nature.**

૧૧.૧૦ આમ, હકીકત એટલે કે, ઉપર જણાવેલી બાબતો.

૧૧.૧૧ વધુમાં, મૌખિક અને લેખિત પુરાવો હોય તો હકીકત કઈ રીતે સાબીત કરવી પડે તે માટે ભા.પુ.ધા.માં શું જોગવાઈ આપેલ છે તે જોવામાં આવે તો ભારતીય પુરાવા ધારાની કલમ-૫૯ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

"59. **Proof of facts by oral evidence** :-

All facts, except contents of documents or electronic records may be proved by oral evidence."

કોઈપણ હકીકત, દસ્તાવેજની અને ઈલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઈ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં નીચે મુજબ આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે,

**EVIDENCE :-Evidence means and EVIDENCE :-Evidence means and includes -**

**1. all statemens which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry such statements are called oral evidence,**

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**"60. Oral Evidence must be direct :**

**Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;**

**If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;**

**If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a**

witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly ofered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

આમ, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઈન્દ્રીય પૈકી કોઈ એક ઈન્દ્રીયથી કે એક કરતા વધારે ઈન્દ્રીયથી કોઈ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

૧૧.૧૨ જો સીધો પુરાવો ન હોય તો ફરીયાદપક્ષે તેની હકીકત ભા.પુ.ધા.માં સીધા પુરાવાના અપવાદો આપેલા છે તેનાથી સાબીત કરવાની હોય છે. આ અપવાદોમાં રેસ ગેસ્ટેના સીધ્ધાંતોમાં આવતા પુરાવા એટલે કે કલમ–૬ થી ૯ અને ૧૪ માં આવતા પુરાવાનો સમાવેશ થાય છે.

૧૧.૧૩ તેમજ ભા.પુ.ધા.ની કલમ–૩૨ માં આવતા પુરાવાનો કે ભા.પુ.ધા.ની કલમ–૧૭ થી ૩૦માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે

**તેનાથી સાબીત કરવાની હોય છે.જો કે સાંયોગિક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરુરીયાત રહે છે.**

**(૧ર) તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–**

**૧ર.૧** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

**(૧૩)** આ કામમાં ફરીયાદપક્ષે બનાવમાં સીધા પુરાવા ઉપર તથા આરોપી નં.૧ ના એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેશન ઉપર, સાંયોગિક પુરાવાઓ જેવા કે, ડીસ્કવરી પંચનામા થકી જે હકીકત આરોપીઓની સંડોવણી માટે તથા સાંયોગિક પુરાવાઓ ઉપર જેવા કે, એફ.એસ.એલ.ના પુરાવાઓ ઉપર આધાર રાખેલ છે.

**(૧૪) ચાલુ ટ્રાયલ દરમ્યાન ગુજરી ગયેલ આરોપીઓ અંગે :**

**૧૪.૧** આ કામમાં આરોપી નં.૩ સલીમ ઉર્ફે અઠીયો સુલેમાન હાલા, આરોપી નં. ૭ જાવીદખાન ઉર્ફે જાવલો કાસમખાન અગવાન, આરોપી નં. ૮ નગા લખમણ રાઠોડ, આરોપી નં. ૯ રામા નગા રાઠોડ અને આરોપી નં.૧૧ અવતારસીંગ ઉર્ફે ફેન્સી જોગીન્દરસીંગ લબાના નાઓ ગુજરી ગયેલ છે જેથી તેમની સામેનો કેસ અબેટ થયેલો છે કારણ કે, મેકજીમ છે કે, "**Actio personalis moritur cum persona**" **Meaning : A Personal action dies with the person**."

**Sessions Judge**
**Junagadh**

તેથી ટ્રાયલ દરમ્યાન ગુજરી ગયેલ આરોપીઓ સામેનો કેસ અબેટ થાય છે અને તેથી બાકી રહેતા આપી આરોપી નં.૧ જુસબ ઉર્ફે જુસો અલારખા સાંધ, આરોપી નં.ર સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન હાલા, આરોપી નં.૪ હાજી જુમા સમા ડફેર, આરોપી નં.પ યુસુફ ઉર્ફે ઇસા જુમાભાઇ કેવર ડફેર, આરોપી નં.૬ હારૂન આમદ ગંભીર, આરોપી નં.૧૦ સલીમ ઉર્ફે ભુરીયો હુસેનભાઇ સોઢા નાઓ પુરતો કેસ આગળ ચલાવવાનો રહે છે.

## ( ૧૫ ) ગુજરનારનું મૃત્યુ હત્યામાં પડે તેવુ છે ?

## ૧૫ .૧ પી.એમ. કરનાર તબીબ ડો. પારુલબેન રમેશભાઈ વાઘેલાના પુરાવા અંગે :

ઉપરોકત તબીબે પી.ડબલ્યુ.૪૦ તરીકે આંક–૩૪૫ થી પેરા–૧ થી ૧૪ માં નીચે મુજબનો પુરાવો આપેલ છે.

''(૧) હું તા. ૨૧/૧૨/૧૨ના રોજ મેડીકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ જુનાગઢ ખાતે મારી ફરજ પર હાજર હતી ત્યારે જુનાગઢ તાલુકા પો.સ્ટે. તરફથી મરણજનાર રામાનંદગુરૂ અખંડાનંદ સાધુ ઉવ. આશરે ૩૦ રહે. ઝાંઝરડા રોડ ખેતલીયાદાદના મંદીર વાળાની લાશનું પી.એમ. કરવા માટે પોલીસ યાદી તથા તેની સાથે મરણોતર ફોર્મ અને ઈન્કવેસ્ટ પંચનામાની કાર્બન કોપી અસલ સહી સાથેની અને પોલીસ સ્ટેશન તરફથી અભીપ્રાય માટેનો તેજ તારીખનો પત્ર મળેલા. જે ઉપરોકત કાગળો અમારી હોસ્પીટલના ફાર્મસી વીભાગને મળેલા અને તે બાદ પી.એમ. કરવા માટે અમોને મળેલા. આ લાશ સાંજના ૨૧/૧૨/૧૨ના ૮:૨૦ કલાકે મળેલ હોય લાશનુ પી.એમ. સવારે કરવાનુ હતુ. જે માર્ક–૪૭/૫ થી પી.એમ.ની યાદીની ઓફીસ કોપી રજુ થયેલ છે જે અસલ આજરોજ હુ મારી સાથે લાવેલ છુ **તે અસલ રજુ દાઆંક–૩૪૬**. તેની સાથે મને માર્ક–૪૭/૭ નું ઈન્કવેસ્ટ પંચનામાની અસલ સહી વાળી કાર્બનો કોપી મળેલ જે આ કામે ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૧૪૩ થી રજુ થયેલ છે તેની આ અસલ સહી વાળી કાર્બન કોપી છે. તેની સાથે મને માર્ક–૪૭/૮ નુ અસલ મરણોતર ફોર્મ મળેલુ જે હુ આજે લાવેલ છુ તે રેકર્ડમાંથી રજુ કરુ છુ **જે રજુ દા આંક–૩૪૭.**

(૨) તેની સાથે પોલીસ સ્ટેશનની માર્ક–૪૭/૧૨નો અસલ પત્ર મુજબ પી.એમ. કર્યે તેની સાથે ૧ થી ૬ મુદ્દાનો અભીપ્રાય માંગતો તા. ૨૧/૧૨/૧૨નો આજે હુ લાવેલ છુ જે રેકર્ડમંથી રજુ કરુ છુ **જે રજુ દા આંક–૩૪૮.**

(૩) ત્યાર બાદ મેં અને મારી સાથેના ડો. શ્રી પી.એમ.ઘાબરીયા અને મેં પેનલ ડોકટરથી તા. ૨૨/૧૨/૧૨ના પી.એમ. સવારના ૭:૦૦ કલાકે બન્ને ડોકટરોએ શરુ કરેલ અને ૯:૦૦ કલાકે પુરુ કરેલ.

**Sessions Judge**
**Junagadh**

(૪) શબનુ પરીક્ષણ કરતા નીચે મુજબની સ્થીતી માલુમ પડેલ. લાશ પુરુષ જાતીની, આશરે ૩૦ વર્ષની, લાંબા કાળા વાળ અને મુચ્છ અને દાઢી છે અને ભગવા કલરનો ઝબ્બો અને લુંગી સખત લોહીથી ખરડાયેલા હતા. ભગવા કલરનો દુપ્પટો સખત લોહીથી ખરડાયેલો હતો. હાથમાં એક રુદ્રાક્ષની માળા હતી. ડાબી જાંઘ પર એક મોલ હતો. શરીર ઠંડુ હતુ અને શારીરીક રીતે મજબુત બાંધા વાળુ હતુ. આખા શરીર પર રાઈગર મોર્ટીસ ફુલ્લી ડેવલોપ થયેલ હતુ અને પી.એમ. લીવીડીટી ડીપેન્ડીગ ભાગ પર જોવા મળેલ. શબના દેખાવમા હાથ અને મોઢુ બંધ હતા. દાત ટુટેલા ન હતા. ચહેરા પર સુકાયેલુ લોહી ચોટેલુ હતુ. નાક અને કાનમાંથી લોહી નીકળતુ ન હતુ.

(૫) શરીરની તપાસ કરતા બાહય ઈજાઓ નીચે મુજબ જોવા મળેલી. લાશ સીધી અવસ્થામાં હાથ અને પગ સીધા હતા. જમણા ફોર હેડ(કપાળ) પર એન્ટ્રી વુન્ડ હતો. બીજી કોઈ ઈજા જોવામાં આવેલ નહી.

(૬) એન્ટ્રી વુન્ડની વીગતો.

એક ઓવલ શેપ(આકાર) ગેપીગ વુન્ડ ૩ સેમી × ૨.૫ સેમી પહોળુ અનીયમીત ધાર વાળુ જમણા ફોર હેડ પર જમણી આઈબ્રોની ૧ સેમી ઉપર હતો. એજીસ આર અંદરની સાઈડમાં જતી હતી, કાળી હતી અને બળેલી પણ હતી.

નો ટેટો ઈગં નોટેડ.

ફ્ન્ટલ બોનમાં ગેપ હતો.

કોમ્યુનીકેટ ફ્રેકચર એલોંગ વીથ એજીસ ઓફ ગેપ ફેલ્ટ થતુ હતુ. જે સ્કલના ફ્ન્ટલ બોનના ઈન્ટર ટેબલ સુધી હતુ. ધા માં લોહી જામેલ હતુ.

આ બધી ઈજાઓ એન્ટી મોર્ટમ હતી.

(૭) શબની આંતરીક તપાસ કરતા નીચે મુજબની ઈજા જોવા મળેલ.

ઈજા નં ૧માથામાં સેરેબ્રલ રીજનમાં ગેપ હતો. જેમાં બ્લીડીગ હતુ. જે ગેપ રાઈટ ટેમ્પોરલ બોન સુધી જતો હતો. જે બુલેટનો ટ્રેક હતો.

ઈજા નં ૨ ઈર–રેગ્યુલર લીનીયર ફ્રેકચર જમણા ફ્ન્ટલ બોનમાં હતુ.

ઈજા નં ૩ જમણી સાઈડમાં ગેપ રાઈટ ટેમ્પોરલ બોનથી ઓકસીપટલ બોન સુધી જતો હતો જયા ડીપ્રેશન હતુ. બુલેટ ઓકસીપટલ લોબ માંથી રીકવર કરવામાં આવેલ. ઘણુ બધુ લોહી તેમજ થીજેલુ લોહી બુલેટનો જે પાથ હતો ત્યાં જોવા મળેલ.

(૮) તેમના ફેફસા, મોટુ આતરડુ, યકૃત, પીતાશીય, અન્નાસય, બરોડ, મુત્રપીડો, ફીકકા હતા. છાતીમાં પાસળીમાં ફ્રેકચર ન હતુ. ફેફસાનો પડદો, કંઠેદ્રીય, શ્વાસનળી, ફીકકા હતા. હદયનુ આવરણ ફીકકુ હતુ અને હદય ખાલી હતુ. હદયમાં મોટી રકત વાહીની નોર્મલ હતી. પેટ પરની દીવાલ નોર્મલ હતી. પેટની અંદરની ત્વચાનુ આવરણ ફીકુ હતુ. પેટનુ પોલાણ ખાલી હતુ. મો, દાત, જીભ, કંઠનળીમાં કોઈ ઈજા ન હતી. હોજરીમાં પીળા કલરનુ અર્ધ પચેલો ખોરાક હતો. નાના આતંરડામાં લીલા કલરનુ સેમી સોલીડ પદાર્થ હતુ. મોટા આતરડામાં ફીકલ મેટલ હતુ. હોજરી, નાનુ આતરડુ, મોટુ આતરડુ ફીકકા હતા. પેશાબની કોથળી ખાલી હતી. જનેન્દ્રીય પર કોઈ ઈજા ન હતી.

(૯) લાશ પરથી નીચે મુજબના નમુના લીધેલા જેમાં

૧.કપડા(ત્રણ પીસ તથા રુદ્રાક્ષની માળા)

૨. બ્લડ

૩. બુલેટ

૪. વાળ

૫. ધા ની કીનારી પરથી ધસીને લીધેલ રુનો નમુનો

૬. ધા ની કીનારી પરથી લીધેલી ચામડી.

**Sessions Judge**
**Junagadh**

(૧૦) કરોડ અને કરોડરજુ નોર્મલ હતા.

(૧૧) અમારા અભીપ્રાય પ્રમાણે મરણજનારના મૃત્યુનુ કારણ હદય, ફેફસા, બંધ થઈ જવાથી શોકના કારણે બ્રેઈનમાં ફાયર આર્મ ઈન્જરી થવાથી કાડીયોરેસ્પીટરી શોક ના કારણે મૃત્યુ થયેલ છે.

(૧૨) અમોને આંક–૩૪૮ ના પોલીસે માંગેલ અભીપ્રાય મુજબ

(૧) મરનારને થયેલ ફાયર આર્મ ઈન્જરીનો સીંગલ શોર્ટ હતો.

(૨) એક એન્ટ્રીવુન્ડ હતો અને એકઝીટ વુન્ડ ન હતો.

(૩) મરનારનુ મૃત્યુ તા. ૨૨/૧૨/૧૨ના સવારના સાત કલાક પહેલા અંદાજીત બારથી અઢાર કલાકની અંદર થયેલુ હશે.

(૪) ફાયર શોર્ટની રેન્જ ૩ ફુટની અંતરની હતી.

(૫) એકસ–રે પણ સ્કર્લનો લીધેલો. જે આજરોજ હુ સાથે લાવેલ છુ. જેમાં એકસ–રેની કવોલીટી સારી ન હોય, બુટેલ જોવા મળેલ નથી. જે એકસ–રે પણ હુ રજુ કરુ છુ **જે રજુ દા આંક– ૩૪૯.**

(૧૩) આ અંગેનુ પી.એમ. મેં તથા મારી સાથેના પેનલ ડો.શ્રી પી.એમ.ઘાબરીયાએ સાથે મળીને કરેલુ. જેમાં પી.એમ.નોટમાં હસ્તાક્ષર મારા છે અને મારી તથા ડો.ઘાબરીયાની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જે પી.એમ.નોટ માર્ક–૪૭/૯ થી અસલ રજુ કરેલ છે **જે રજુ દા આંક– ૩૫૦.** અને પી.એમ. કર્યા બાદ મૃત્યુનું કારણ દર્શાવતો રીપોર્ટ માર્ક–૪૭/૧૦ થી રજુ કરેલ છે જેમાં મારી તથા ડો. ઘાબરીયાની સહી છે જે રજુ કરુ છુ **જે રજુ દાઆંક–૩૫૧.**

(૧૪) મે જે ઈજા દર્શાવેલ તે ફાયર આર્મથી થઈ શકે તેવી ઈજા હતી અને તે ઈજા મૃત્યુ પહેલાની હતી. આ ઈજાથી કુદરતના સામાન્ય ક્રમમાં માણસનુ મૃત્યુ થઈ શકે તેવી હતી. આ ઈજા કારમાં બેઠેલી વ્યકિતને નજીકની રેન્જથી ફાયર આર્મસથી કોઈ વ્યકિત ઈજા કરે તો મે કહેલ તેવી ઈજા થઈ શકે અને તેનાથી માણસનુ મૃત્યુ થઈ શકે.''

**૧૫.૨** ઉપરોકત સરતપાસ લક્ષમાં લેતા આ સાહેદે મરણ જનાર રામાનંદ અખંડાનંદ સાધુની લાશનું પી.એમ. કરેલ છે અને પેરા–૫ અને ૭ માં જણાવેલ ઈજાઓ માલુમ પડેલ છે તેવી હકીકત જણાવેલ છે અને પેરા–૧૪ મુજબ આ ઈજાથી કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ થાય તેવી ઈજા હતી તેવુ જણાવેલ છે. ઉપરોકત બાબતે આરોપીઓ તરફે પેરા–૧૬ થી ૧૭ મા નીચે મુજબની હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે.

''(૧૬) એ વાત ખરી છે કે, મે જે ઈજાઓ જોઈ તેમાં એકઝીટ વુંડ જોવા મળેલ નહી. એ વાત ખરી છે કે, સામાન્ય કિસ્સામાં બુલેટની ગતી ધીમી હોય તો તે શરીરની અંદરથી બુલેટ મળી આવે. એ વાત ખરી છે કે, સામાન્ય કિસ્સામાં જો નજીકથી ફાયર કરવામાં આવે તો બુલેટની ગતી વધુ હોવાથી, તેવા કિસ્સામાં બુલેટ શરીરની આરપાર નીકળી જવાની શકયતા નકારી શકાય નહી.

(૧૭) મે બેલાસ્ટીક વિશેનો કોઈ વિશેષ અભ્યાસ કરેલો નથી. અમે ઈજાની આસપાસ ગન પાવડરની હાજરી છે કે કેમ, તે તપાસવા ઈજાવાળી જગ્યાએથી કોર્ટન સ્વોબ મેળવીને એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલેલ. એ વાત ખરી છે કે, દરેક ફાયર આર્મની રેન્જ અલગ –અલગ હોય છે. હું એ વાત સાથે સહમત છું કે, ફાયર આર્મની જે રેન્જ હોય, તેમાં બુલેટ તેની શકિતથી ગતિ કરી શકે. પોસ્ટમોર્ટમ કરતા સમયે મે ફાયર આર્મ જોયેલુ નહી. આ ફાયર આર્મ મે અદાલતમાં મારી જુબાની દરમ્યાન જોયેલુ. હું ન કહી શકુ કે, મે જોયેલુ ફાયર આર્મ કંપની મેડ હતુ. એ વાત ખરી નથી કે, ફાયર આર્મની રેન્જ અંગે હું અભિપ્રાય ન આપી શકુ. હવે હું કહુ છું કે, મે જોયેલા ફાયર આર્મની રેન્જ વિશે હું ન જણાવી શકુ. એ વાત ખરી છે કે, ફાયર આર્મમાં જો કોઈ અવરોધ આવે તો તેની બુલેટ જુદી તરફ જવાની શકયતા નકારી શકાય નહી. ઓકસીપીટલ લો અને ફોરહેડ વચ્ચે કેટલુ અંતર આવેલુ હોય, તે હું ન કહી શકુ. હું એ ન કહી શકુ કે, ઘણા દુરથી ફાયરીંગ કરેલ હોય, તેવા કિસ્સામાં મે પી.એમ.માં જણાવ્યા મુજબના અવયવોમાંથી બુલેટ મળવાની શકયતા નથી. એ વાત ખરી નથી કે, બેલાસ્ટીક અંગેનો ખાસ અભ્યાસ ન હોવાથી મે ફાયર આર્મ્સની રેન્જ અંગે આપેલો અભીપ્રાય ખોટો આપેલો છે. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છું.''

**૧૫.૩** પરંતુ ઉપરોકત ઉલટ તપાસમાં જમણા ફોરહેડ (કપાળ) પર એન્ટીવુન્ડ હતો તેમજ પેરા–૬ અને ૭ ની જે વિગત જણાવેલ છે તેનું ખંડન થયેલ નથી તેમજ લાશ ઉપરથી બુલેટ કબજે કરેલ તે હકીકતનું ખંડન થયેલ નથી અને તે સંજોગોમાં મરણ જનારને થયેલ ઈજાઓના કારણે મૃત્યુ થયેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થયેલ છે. વધુમાં, ઉપરોકત હકીકથી ગુજરનારની હત્યા કરવામાં આવી છે તે હકીકત પણ વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

## (૧૬) આરોપીઓની સંડોવણી અંગે:

આ કામમાં આરોપીઓની સંડોવણી અંગે નીચે મુજબની હકીકત ઉપર અને તપાસ ઉપર ફરીયાદપક્ષે આધાર રાખેલ છે.

(એ) ફરીયાદી પોતે નજરે જોનાર સાહેદ છે,

(બી) ફરીયાદીએ આરોપીઓને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે,

(સી) વાદગ્રસ્ત જગ્યા આરોપીઓએ ભેગા મળી ફરી કબજે આપ્યાના દસ્તાવેજો ઉભા કરી જે જગ્યા ઉપર કબજો કરેલ છે,

(ડી) આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલી છે,

(ઈ) ડીસ્કવરી આરોપીઓ થકી દેશી તમંચાની થયેલી છે અને તેજ ઉપયોગમાં લેવાયેલ છે તેવી હકીકત ઉપર આધાર રાખેલ છે

(એફ) એફ.એસ.એલ. માં આરોપીઓના કપડા અને આરોપીઓના લોહીના નમુના તથા ગુજરનારના લોહીનો નમુનો અને ગુજરનારના શરીર ઉપરથી મળી આવેલ નમુનાઓ એફ.એસ.એલ. માં મોકલાવેલ છે અને આ નમુનાઓ મેળવવા માટે જુદા જુદા પંચનામાઓ કરેલા છે,

આ કામમાં ફરીયાદપક્ષે ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સીધા પુરાવા એટલે કે, ફરીયાદીના પુરાવા ઉપર એટલે કે, ફરીયાદી પોતે નજરે જોનાર સાહેદ છે તે ફરીયાદ ઉપર પણ આધાર રાખેલ છે.

**૧૬.૧ ફરીયાદપક્ષના કેસ મુજબ**

(એ) સૌ પ્રથમ આ વાદગ્રસ્ત જગ્યા જે માટે બનાવ બનેલ છે તે જગ્યા ફરીયાદપક્ષના પ્રવિણભાઈ ટાંક વગેરેએ ખરીદેલી છે અને તે જગ્યાની દેખરેખ ગુજરનાર કરતા હતા.

(બી) આરોપીઓએ ભેગા મળી કાવતરુ કરી આ જગ્યાનો કબજો દસ્તાવેજો બનાવી કરેલ છે.

(સી) કબજો કર્યા પછી ત્યાં સ્થળ ઉપર ઉભેલ દીવાલ વગેરે આરોપીઓ તોડતા હતા

(ડી) તે વખતે ફરીયાદી ત્યાં જતા ફરીયાદીએ આરોપીઓને દીવાલ તોડતા રોકેલા છે

(ઈ) જેથી કાવતરના ભાગરુપે આરોપી જુસબને અન્ય આરોપીઓ બોલાવે છે અને એકબીજાની મદદગારી અને કાવતરા રુપે આ આરોપી જુસબે ગુજરનાર ઉપર તમંચામાંથી ફાયરીંગ કરી મોત નિપજાવેલ છે.

(એફ) ત્યારબાદ તપાસના ભાગરુપે આરોપીઓની ઓળખપરેડ થયેલ છે જેમાં આરોપીઓને ફરીયાદીએ ઓળખી બતાવેલા છે.

(જી) ડીસ્કવરીમાં કારતુસ અને તમંચો શોધી આપેલ છે

**૧૬.૨** ભારતીય પુરાવા ધારાની કલમ–૩ ની સાબીતીની વ્યાખ્યા મુજબ ફરીયાદપક્ષે ઉપરોકત હકીકત સાબીત કરવાની છે અને ઉપરોકત હકીકત ફરીયાદપક્ષ સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી કે કથોપથિત પુરાવાના અપવાદોથી એટલે કે, આ તમામ હકીકત સબસ્ટન્શીયલ પુરાવાથી સાબીત કરવાની છે.

**૧૬.૩ ફરીયાદ અંગે :**

આ કામમાં ફરીયાદ પક્ષની તપાસની થીયરી મુજબ એટલે કે તપાસે એજન્સી ની તપાસની વિગત મુજબ ફરીયાદી પોતે બનાવના નજરે જોનાર સાહેદ છે એટલે કે ભારતીય પુરાવા ધારા ની કલમ–૬૦ ઉપર આધાર રાખેલ છે. આ કામમાં એ હકીકત બીનતકરારી છે કે ફરીયાદીએ ફરીયાદ આપેલી છે પરંતુ ફરીયાદી અદાલતમાં સોગંદ ઉપર પુરાવો આપે તે પહેલા ગુજરી ગયેલા છે અને તે સંજોગોમાં તેમની સરતપાસ ફરીયાદ પક્ષે થઈ શકેલ નથી.

**૧૬.૪** આ કામમાં ફરીયાદ લેનાર અધિકારી હમીરભાઈ ભાટુને પી.ડબલ્યુ.૬૯ તરીકે આંક–૫૬૧ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસના પેરા–૨ માં અને ૩ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૨) મને ઉપરોકત ડી.ઓ. મળતા તા.૨૧/૧૨/૨૦૧૨ ના રોજ જુનાગઢ સીવીલ હોસ્પીટલ જુનાગઢ ખાતે ગયેલો હતો અને ત્યાં ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુ,ઉ.વ.૨૯,ધંધો–સેવા પુજા,રહે.ખડીયા,મહાકાળી ધામવાળા મળેલા હતા અને તેની મે મારા રૂબરૂ ફરીયાદ આપતા મે તેઓના લખાવ્યા પ્રમાણે ફરીયાદ લખી લીધેલી અને તે ફરીયાદ મે તેમને વાંચી સંભળાવેલ અને ત્યારબાદ ફરીયાદીએ તેમાં સહી કરેલી હતી અને રૂબરૂ તરીકે મે સહી કરેલી હતી.

(૩) આ કામના ફરીયાદીએ મારી રૂબરૂ લીધેલી ફરીયાદમાં એવી હકીકત જાહેર કરેલ હતી કે,'' તેઓ તા.૨૧/૧૨/૨૦૧૨ ના રોજ સવારે આઠેક વાગ્યે ખડીયાથી સમર્થ સ્કુલે ગયેલા ત્યાં તેમના ગુરૂ ભાઈ અને સ્કુલના ભાગીદાર રામાનંદબાપુ હાજર હતા અને તેઓના મહેમાન આવેલ હોય જેમને બપોરના રસોઈ જમાડી તે બાદ તેને મજેવડી ખાતે મુકવા માટે પોતાની વીન્ટો કાર લઈને ગયેલા હતા અને તે દરમ્યાન ત્રણેક વાગ્યે રામાનંદ બાપુનો ફોન મારા ઉપર આવેલો કે,આપણી

જયનગરવાડી જમીનની દીવાલ સીકલો અને તેના ચાર–પાંચ માણસો પાડે છે તો હું જાવ છુ તમે આવો તેમ વાત કરતા હું મારી ફીગો કારમા જીજે–૧૧–એબી–૯૯૧ વાળી લઈને ઝાંઝરડા ચોકડી પાસે જયનગર જમીને ગયેલા ત્યાં રામાનંદબાપુ હાજર હતા અને સીકલો તથા તેના માણસો દીવાલ પાડતા હોય તેને ના પાડતા કહેલ કે, અમારી પાસે કાગળો છે અમોએ આ જમીન લીધેલ છે તો રામાનંદબાપુએ કહેલ કે, જમીન ભલે લીધેલ હોય તમે અહીંથી જતા રહો તો સીકલાએ કહેલ કે, જુસબને મળી લો અને વહીવટ કરી લો તે દરમ્યાન જુબસનો ફોન આવતા તેણે કહેલ કે, વહીવટ પતાવ્યો નથી તો રામબાપુએ શા નો વહીવટ તેમ કહેતા જુસબે જોઈ લેશુ કહી કાગળીયા અમારી પાસે પણ છે અને સીકલો તથા તેની સાથેના માણસ કાગળો લેવા જતા રહેલા અને અમો અમારી બંને ગાડીઓ લઈ ખેતલીયા દાદાના મંદીરે ગયેલા ત્યાંથી રામાનંદબાપુની ગાડીમાં અમો ધીરૂભાઈ પાસે જવા નીકળેલા ત્યારે મે ડ્રાઈવીંગ સંભાળેલુ અને રામાનંદબાપુ બાજુમા બેસી ગયેલા અને અમો ગોલ્ડન સીટીમા ધીરૂભાઈની ઓફીસે ગયેલા ત્યાં પ્રવિણભાઈ ટાંક પણ આવી ગયેલા દરમ્યાન તેઓને આ બનાવ અંગે વાત કરતા તેઓએ પોલીસ ફરીયાદ કરવા કીધેલુ તેમજ પ્રવિણભાઈએ તાલુકા પી.એસ.આઈ.(મને) ફરીયાદ કરવા અંગે ફોન કરેલો દરમ્યાન સીકલાનો રામબાપુ ઉપર ફોન આવેલ કે, કાગળો આવી ગયેલ છે તમે આવો જેથી ત્યાંથી નીકળી ઝાંઝરડા ચોકડી પાસે,જયનગર અમારી જમીન પાસે ઉભેલા ત્યારે બપોરના ચાર–સવા ચાર વાગ્યાનો સમય હતો ત્યારે એક સિલ્વર કલરની સ્વીફ્ટ કાર આવીને અમારી કારની નજીકમા ઉભેલી અને ડાબી સાઈડમાથી જુસલો ઉતરેલો જે જુસલો છે તેવુ રામાનંદબાપુએ બોલતા અમને જાણ થયેલી તે જુસલાએ તેની પાસે હથીયાર હતુ તેમાથી ફાયરીંગ કરતા અમારી ગાડીમાં આગળનો કાચ તોડી ગોળી રામ બાપુના કપાળમા જમણી સાઈડે વાગતા લોહીલુહાણ થઈ ગયેલા અને તે લોકો તેની ગાડીમાં જુસલો,સિકલો તથા ત્રણેક માણસો બીજા તે ગાડી લઈને ભાગી ગયેલા ત્યારે આ જમીન અમોએ લીધેલી તેના મુળ માલીક નગા લખમણને વધુ પૈસા પડાવવાના ઈરાદે આ સિકલાને અને બીજાઓને સાથે રાખી આ બનાવ બનેલો હતો જેમાં રામબાપુને ઈજા તથા હું પ્રથમ ડો.ચીખલીયા સાહેબની હોસ્પીટલમા લઈ ગયેલો અને ત્યાંથી સીવીલ હોસ્પીટલમા લઈ જવા સલાહ મળતા સીવીલ હોસ્પીટલ,જુનાગઢ ખાતે લઈ ગયેલો ત્યાં રામબાપુ મરણ ગયેલા હતા.'' જે અંગે ત્યાં ફરીયાદીએ ફરીયાદ આપેલી હતી. જે અસલ ફરીયાદ આ કામે **માર્ક ૪૭/૦૩ થી રજુ છે જેમા ફરીયાદીએ મારા રૂબરૂ સહી કરેલ હોવાથી તથા મારી રૂબરૂ તરીકે મે સહી કરેલ હોવાથી આ સહીઓ ઓળખુ છુ હાલ પુરતો આ સહીઓ પુરતો રજુ દાખલ આંક–૫૬૨** આપવામા આવે છે.''

**Sessions Judge**
**Junagadh**

**૧૬.૫** ઉપરોકત ફરીયાદ બાબતે ઉલટ તપાસ જોવામાં આવે તો પેરા–૬૭ માં નીચે મુજબની હકીકત આવેલ છે.

''(૬૭) હું સીવીલ હોસ્પીટલે જઈને પ્રથમ આ કામના ફરીયાદીને મળેલો અને તેઓએ બનાવની ફરીયાદ હકીકત જાહેર કરેલી હતી. પ્રથમ અમોએ ફરીયાદ નોંધેલી અને ત્યારબાદ અન્ય કામગીરી કરેલી હતી. એ વાત ખરી છે કે, અમોને જે ફરીયાદ હકીકત મળેલી તેમા આરોપીઓના પુરા નામ કે વિગતો જણાવેલ નહી. મે ફરીયાદ બાદ આ ગુનાની તપાસમા આરોપીઓના પુરા નામ સાહેદોના નિવેદનો તથા ફરીયાદીના વિશેષ નિવેદનમાથી મેળવેલા હતા.''

**૧૬.૬** આમ ઉપરોકત સરતપાસની વિગત અને ઉપર પેરા–૬૭ ની વિગત જોતા અને આરોપી તર્ફે પેરા–૬૭ માં સજેસન રૂપે જે પ્રશ્ન પુછવામાં આવેલ છે તેનાથી પણ ફરીયાદ લીધેલ છે તે હકીકત સાબિત થાય છે કારણકે નામદાર સર્વોચ્ચ અદાલતના **બાલુ સુદામ ખલદે** ના ચુકાદાના સિધ્ધાંતો મુજબ ઉલટ તપાસમાં સજેસન રૂપે કોઈ પ્રશ્ન પુછવામાં આવે અને તેનો જે જવાબ આવે તે પુરાવો બને છે અને તેથી ફરીયાદ આ સાહેદે લીધેલ છે તે હકીકત વ્યાજબી શક થી પર સાબિત થાય છે.

ફકત આ સાહેદે ફરીયાદ લીધેલ છે તેટલી જ હકીકત સાબિત થાય છે અને ફરીયાદની વિગત સાબિત કરવા માટે જે વ્યકિતએ એ ફરીયાદ આપી હોય તેનો પુરાવો અદાલત રૂબરૂ રજુ થવો જરૂરી છે અને આવો પુરાવો એટલે ફરીયાદીનો પુરાવો રેકર્ડ ઉપર ન આવે અને આ ફરીયાદ ભારતીય પુરાવા ધારા ની કલમ–૩૨ માં ન પડતી હોય તો ફરીયાદની વિગતો માત્ર ફરીયાદ લેવામાં આવેલી છે અથવા તો એફ.આઈ.આર. પબ્લીક ડોકયુમેન્ટ છે તેટલા માત્ર થી ફરીયાદની વિગતો સાબિત ન થાય.

**૧૬.૭** અત્રે અદાલતે એ નકકી કરવાનુ છે કે આ ફરીયાદ ભારતીય પુરાવા ધારાની કલમ– ૩૨ માં પડે છે કેમ? અને તે માટે ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે:

**"32. Case in which statement of relevant fact by person who is dead or cannot be found, etc. is relevant :-**

-Statements, written or verbal, of relevant facts made by a person who is dead, or who cannot be found, or who has become incapable of giving evidence, or whose attendance cannot be procured without an amount of delay or expense which, under

the circumstances of the case, appears to the Court unreasonable, are themselves relevant facts in the following cases :

(1) When it relates to cause of death- When the statement is made by a person as to the cause of his death or as to any of the circumstances of the transaction which resulted in his death, in case in which the cause of that persons death comes into question. Such statements are relevant whether the person who made them. was or was not, at the time when they were made, under expectation of death, and whatever may be the nature of the proceeding in which the case of his death comes into question.

(2) Or is made in course of business- When the statement was made by such person in the ordinary course of business, and in particular when it consists of any entry or memorandum made by him books kept in the ordinary course of business, or in the discharge professional duty ; or of an acknowledgment written or signed by him of the receipt of money, goods, securities or property of any kind; or of a document used in commerce written or signed by him, or of the date of a letter or other document usually dated, written or signed by him.

(3) Or against interest of maker- When the statement is against the pecuniary or proprietary interest of the person making it or when, if true, it would expose him or would have exposed him to a criminal prosecution or to a suit for damages.

(4) Or gives opinion as to public right or custom, or matters general interests- When the statement gives the opinion of any such person, as to the existence of any public right or custom or matter of public or general interest, of the existence of which, if it existed, he would have been likely to be aware, and when such statement was made before any controversy as to such right, custom, or matter had arisen.

(5) Or relates to existence of relationship- When the statement relates to the existence of any relationship 1[by block, marriage or adoption] between persons as to whose relationship 1[by blood, marriage, or adoption] the person making the statement had special means of knowledge, and when the statement was made before the question in dispute was raised.

(6) Or is made in will or deed relating to family affairs.- When the statement relates to the existence of any relationship 3 [by blood, marriage or adoption] between persons deceased, and is made in any will or deed relating to the affairs of the family

to which any such deceased person belonged, or in any family pedigree, or upon any tomb stone, family portrait or other thing on which such statements are usually made, and when such statement was made before the question in dispute was raised.
(7) Or in document relating to transaction mentioned in Section 13. Cl. (a).- When the statement is contained in any deed, will or other document which relates to any such transaction as is mentioned in Section 13, Cl. (a).
(8) Or is made by several persons and expresses feelings relevant to matter in question- When the statement was made by a number of persons, and expressed feelings or impressions on their part relevant to the matter in question.
Illustrations (a)The question is, whether A was murdered by B; or A dies of injuries received in a transaction in the course of which she was ravished, The question is whether she was ravished by B: or The question is, whether A was killed by B under such circumstances that 3 a suit would lie against B by As widow,"

**૧૬.૮** ઉપરોકત કલમ ૩૨ ની જોગવાઇઓ જોતા આ ફરીયાદ કલમ–૩૨ ની જોગવાઈઓમાં પડતી નથી તેથી માત્ર આ ફરીયાદ લેવામાં આવેલી છે તેટલી હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે અને સ્થાપીત સિધ્ધાંત મુજબ ફરીયાદ પોતે સબસ્ટન્શીયલ પુરાવો નથી પરંતુ જે લેખીત ફરીયાદ હોય છે તેનો ભારતીય પુરાવા ધારા ની કલમ–૧૫૭ મુજબ થઈ શકે છે અને જો ફરીયાદ ભારતીય પુરાવા ધારા કલમ–૩૨ માં પડતી હોય તો ભલે ફરીયાદ આપનાર અદાલતમાં પુરાવો આપ્યા પહેલા ગુજરી જાય તો પણ આ ફરીયાદ સબસ્ટન્શીયલ પુરાવો ભારતીય પુરાવા ધારા ની કલમ–૩૨ મુજબ થાય છે અને ઉપર ચર્ચા કર્યા મુજબ હાલના કેસની ફરીયાદ ભારતીય પુરાવા ધારા કલમ–૩૨ માં પડતી નથી.

**૧૬.૯ આરોપીઓને ઓળખી બતાવેલ છે તે અંગેના પુરાવા અંગે:**

**૧૬.૯.૧ આરોપી જુસબ ઉર્ફે જુસો અલારખાની ઓળખ પરેડના પંચનામા અંગે :**

**૧૬.૯.૨** ઉપરોકત પંચનામુ પંચ મહેબુબ ઓસમાણભાઈ ખુમાણ, કલ્પેશ વિનોદભાઈ સાંગાણીની રુબરુ કરવામાં આવેલ છે અને મહેબુબભાઈને પી.ડબલ્યુ.૨૬ થી અને કલ્પેશભાઈને પી.ડબલ્યુ.૩૪ થી અનુક્રમે આંક–૨૧૪ અને આંક–૨૭૭ થી

તપાસવામાં આવેલા છે. આ સાહેદ મહેબુબભાઈ એ ફરીયાદપક્ષને સરતપાસ અને સરકારી વકીલશ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં આરોપી જુસબને ઓળખી બતાવવા અંગે કોઈ સમર્થન આપેલ નથી. જયારે, સોહદ કલ્પેશભાઈએ પેરા–૫ માં નીચે મુજબની હકીકત સરતપાસમાં જણાવેલી છે.

''(૫) બાપુને મામલતદાર સાહેબે કીધેલ કે આ ઉભેલ માણસોમાં આરોપી હોય તો ઓળખી બતાવો એટલે ફરીયાદી સાહેદ રામકૃષ્ણએ માણસોની લાઈન જે ઉભી હતી તેમાં જોઈને ૪ અને ૫ ની વચ્ચે એક ભાઈને હાથ અડાડીને કહેલ કે આ ભાઈ છે. એટલે મામલતદાર સાહેબે જે ભાઈને ફરીયાદીએ હાથ અડાડી ઓળખેલ તેને લાઈનમાંથી બહાર કાઢી પુછેલ તો ફરીયાદીએ કહેલ કે આ આ જ ભાઈ છે તેમ ઓળખી બતાવેલ. પછી જે વ્યકિતને ઓળખી બતાવેલ તે વ્યકિતને નામઠામ પુછતા તેણે ઉપર મુજબ પોતાનુ નામ જુસબ અલ્લરખા, રવની વાળો હોવાનુ જણાવેલ.''

**૧૬.૯.૩** ઉપરોકત બાબત અંગે પેરા–૧૦ અને ૧૧ મા નીચે મુજબની ઉલટ તપાસ કરેલી છે.

''(૧૦) એ વાત ખરી છે કે, ઓળખ પરેડની કાર્યવાહી પહેલા આરોપી જુસબ અલ્લારખા સાથે મારે કોઈ પરીચય હોય, વાતચીતનો વ્યવહાર હોય કે ઓળખતો હોઉ તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ત્યાર બાદ પણ આ જુસબને મારે કયારેય મળવાનુ થયેલ નથી. એ વાત ખરી છે કે ત્યા હરોળમાં ઉભેલા ઈસમો બતાવી મામલતદાર સાહેબે સાહેદને જણાવેલ કે આ હરોળમાં આરોપી ઉભો હોય તો તેને બહાર કાઢો. એ વાત ખરી છે કે આ સીવાય આરોપી બાબતે મામલતદાર સાહેબે બીજા કોઈ શબ્દો વાપરેલા નથી. મારી સાથેના બીજા પંચનુ નામ હાલ મને યાદ નથી અને જોયે થી પણ ન ઓળખી શકુ. હુ મામલતદાર સાહેબને ઓળખતો નથી. કોઈ લેડીઝ હતા. હુ તેને હાલ ઓળખી શકુ નહી.

(૧૧) એ વાત ખરી નથી કે, ઓળખ પરેડની કાર્યવાહી મારી હાજરીમાં કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, ઓળખ પરેડનુ પંચનામુ જુબાની આપતા પહેલા મને વાચી બતાવવામાં આવેલ હોય તે મુજબ મે સરતપાસની વીગતે જણાવેલ છે. એ વાત ખરી નથી કે તે કારણસર ફરીયાદપક્ષને મદદ કરવા માટે સાહેદે આરોપીને ઓળખી બતાવવાની કાર્યવાહી મારી હાજરીમાં થયેલ હોવાનુ ખોટુ જણાવુ છુ.''

**૧૬.૧૦ આરોપી હારુન, યુસુફ અને હાજીભાઈના ઓળખપરેડના પંચનામા અંગે :**

**Sessions Judge**
**Junagadh**

**૧૬.૧૦.૧** ઉપરોકત પંચનામુ રામભાઈ હર્ષદભાઈ અને માલદેભાઈ ઉગાભાઈ નંદાણીયાની હાજરીમાં કરવામાં આવેલ છે. રામભાઈએ પી.ડબલ્યુ.૨૮ થી આંક–૨૩૧ ના પુરાવામાં ફરીયાદીએ ઉપરોકત ત્રણેય આરોપીઓને ઓળખી બતાવેલા. ઉપરોકત સરતપાસ બાબતે પેરા–૨ માં ઉલટ તપાસમાં નીચે મુજબની વિગત આવે છે.

''(૨) મારુ રહેવાનુ ગામ ધંધુસર છે. રામદાસ બાપુનો આશ્રમ અમારા રસ્તામાં આવતો હોવાથી હું તેને ઓળખતો હતો. બનાવના સમાચાર મેં ટી.વી. દવારા જાણેલા હતાં. મારે મામલતદાર ઓફીસની બાજુમાં કામ હતુ જેથી હું ત્યાં ગયેલો ત્યાંથી મને બોલાવેલો હતો. એ વખતે હું મામલતદાર ઓફીસની બાજુમાં ઝેરોક્ષ કરાવતો હતો. તે વખતે હું ત્યાં એકલો ઝેરોક્ષ કરાવતો હતો. મામલતદાર ઓફીસના પગથીયા ઉતર્યા બાદ દિવાન ચોક તરફ આ ઝેરોક્ષની દુકાન આવેલી હતી. એ વાત ખરી છે કે, મે જયાં ઝેરોક્ષ કરાવેલી તેની આજુબાજુમાં ઘણી ઝેરોક્ષ અને સ્ટેમ્પ વેચનારાઓની બીજી દુકાનો આવેલી હતી. ત્યાં મામલતદાર ઓફીસ હોવાના કારણે ઘણા બધા લોકોની અવર–જવર હતી. મામલતદાર ઓફીસમાંથી જે ભાઈ આવેલા તે હું જયાં ઝેરોક્ષ કરાવતો હતો ત્યાંથી મને બોલાવીને મામલતદાર ઓફીસે લઈ ગયેલા હતા. હું બીજા પંચ માલદેભાઈને ઓળખતો નથી.ત્યારે પંચ તરીકે તેણે એનુ નામ લીધેલુ જેથી મને તેનુ નામ યાદ રહી ગયેલુ. હું જે જગ્યાએ ગયેલો તે ઓફીસ લીમડા ચોકમાં આવેલી હતી. એ વાત ખરી છે કે, લીમડા ચોકમાંથી મામલતદાર ઓફીસે જવુ હોય તો ત્યાં એક ડેલો આવે છે અને ડેલાની બાજુમાં પગથીયા છે તે પગથીયા વાટે મામલતદાર ઓફીસે જવાય. હું જે જગ્યાએ આરોપી અને જે જગ્યાએ ફરીયાદીને બેસાડેલા હોવાનુ જણાવુ છુ તે બંને કચેરીઓ પગથીયા ચડયા બાદ ઉપરના ભાગે આવેલી હતી. એ વાત ખરી છે કે, હું જે પગથીયા ચડીને મામલતદાર કચેરીમાં ગયો તે જગ્યાએ આરોપીને લઈ જવા હોય કે ફરીયાદીને લઈ જવા હોય તો તે જ પગથીયા ચડીને જવુ પડે. હું મામલતદાર સાહેબના કહેવાથી આરોપીને બોલાવવા ગયો તે અગાઉ આરોપીને આ જગ્યાએ કોણ અને કેવી રીતે લઈ આવેલા તેની મને કાંઈ માહિતી નથી. મે જે પંચનામામા સહી કરેલી તે પંચનામુ મામલતદાર સાહેબ લખાવતા હતા અને તેના કલાર્ક તે લખતા હતાં. મને સહી કરવાનુ કહેતા મે આ પંચનામુ વાંચેલુ. મે જે પંચનામુ વાંચેલુ તેમા ઓળખ પરેડની હરોળમા ઉભેલા માણસોને ફરીયાદીએ બહાર કાઢીને ઓળખી બતાવેલા તે ત્રણેય આરોપીઓના ઓળખ કર્યા અંગેના નામ આ પંચનામામાં લખોલા હતાં. જે પંચનામામાં આ નામ લખેલા હતા તેમાં મેં સહી કરેલી હતી. કોઈ પંચનામામાં આ આરોપીઓના નામ લખેલા ન હોય તેવા કોઈ પંચનામામા મે સહી કરેલી ન હતી. એ વાત ખરી નથી કે, મને આ કામમાં પંચમા રહેવા માટે ધંધુસર ગામેથી પોલીસે ખાસ હાજર રખાવેલ અને તે જ રીતે બીજા પંચ જે આહિર જ્ઞાતિના છે તેઓને પણ ખાસ હાજર રખાવેલા. એ વાત ખરી નથી કે, હું જણાવુ છુ તેવી કોઈ ઓળખ અંગેની કાર્યવાહી અમારી હાજરીમાં થયેલી ન હોવા છતાં અને મેં જેમાં સહી કરેલી હોવાનુ

ઓળખી બતાવુ છુ તેવુ કોઈ પંચનામુ મારી હાજરીમાં થયેલુ ન હોવા છતાં થયેલાનુ ફરીયાદ પક્ષને મદદ કરવા માટે ખોટુ જણાવુ છુ.''

**૧૬.૧૦.૨** સાહેદ માલદેભાઈએ પી.ડબલ્યુ.૨૯ તરીકે ઉપરોકત પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૧૬.૧૦.૩** આ કામમાં જેમના રૂબરૂ ઓળખ પરેડ થયેલ છે તે મીતાબેન મનસુખલાલ જોષીને પી.ડબલ્યુ.૭૧ તરીકે આંક–૩૫૮ તપાસેલા છે અને તેઓની સરતપાસ મુજબ હારૂન સામતભાઈ ગંભીર, યુસુફ ઉર્ફે ઈસા જુમા તથા હાજી જુમાભાઈ સમા નુ ઓળખ પરેડનું પંચનામુ આ સાહેદ રૂબરૂમાં કરવામાં આવેલ છે. ઉપરોકત સાહેદે સરતપાસના પેરા–૬ થી ૧૦ માં નીચે મુજબની વિગત જણાવેલી છે:

''(૬) ત્યારબાદ અમારા પટ્ટાવાળા પાસે બે પંચોને બોલાવવાનું કહેતા ઓળખ પરેડમાં પંચનામામાં જણાવ્યા પ્રમાણે (૧) રામભાઈ હરદાસભાઈ દીવરાણીયા (૨) નંદાણીયા માલદેભાઈ ઉગાભાઈને બોલાવી લાવતા, નામ ઠામ, ઉંમર, રહેવાસી વિગેરે વિગત પંચોની પંચનામામાં નોંધેલી અને તેઓને ઉપરોકત આરોપીઓની ઓળખ પરેડની કાર્યવાહીમાં પંચો તરીકે રહેવા સમજ કરેલી.

(૭) ત્યારબાદ અમારા કચેરીના પટ્ટાવાળા મારફત ઓળખ પરેડની લાઈનમાં ઉભા રહેવા માટે કુલ– ૧૮ વ્યકિતઓને હોદ્દા, ઉંમર, ધંધો, રહેવાની સમજ કરી બોલાવવાનુ કહેતા, તે ૧૮ વ્યકિતઓને બોલાવી લાવેલ, તેના ઓળખપરેડના પંચનામામાં જણાવ્યા મુજબ તમામ ૧૮ વ્યકિતઓના નામ, સરનામા અને ધંધાની વિગતો પુછીને નોંધેલી અને તેઓને સમજ કરેલી કે, ''અહીંયા આરોપીઓની ઓળખ પરેડ કરવાની છે એટલે તમારે અહીંયા લાઈનમાં ઉભા રહેવાનું છે અને આરોપીઓ તમારી લાઈનમાં ઉભા રહેશે, તેમાં ફરીયાદી ઓળખ પરેડ કરશે,''એવી સમજ કરેલી.

(૮) ત્યારબાદ ૧૮ વ્યકિતઓ એક જ લાઈનમાં ઉભી ગયા પછી પંચ નં. ૧ રામભાઈ હરદાસભાઈ મારફત ત્રણેય આરોપીઓની ટ્રેઝરી શાખામાં બેસાડેલ, ત્યાંથી બોલાવી લાવવા જણાવેલ, ત્યારે અમોએ કચેરીના બારી – બારણા બંધ કરેલા અને કોઈ પોલીસ સ્ટાફ ચેમ્બરમાં ન હતા. અમારી કચેરીના સ્ટાફ તેજસભાઈ જોષી અને પટ્ટાવાળા અમારી મદદમાં આ કાર્યવાહી દરમ્યાન હાજર હતા. પંચ નં. ૧ રામભાઈ અમારી કચેરીની ટ્રેઝરી શાખામાંથી ત્રણ વ્યકિતઓને બોલાવી લાવેલ અને અમોએ આરોપીઓને તમારી ઓળખ પરેડ કરવાની છે, તમો કપડા બદલવા હોય, કે બીજા કોઈ ફેરફાર કરવા હોય તો કરી શકો છો અને આ ઉભેલ માણસોની લાઈનમાં તમારે જયાં ઉભવુ હોય, ત્યાં ઉભી શકો છો'', તેવી સમજ કરેલી, પછી ત્રણેય આરોપીઓએ કપડા બદલવાની ના પાડેલી અને આરોપી નં. ૨ ક્રમ નં. ૪ અને ૫ ની વચ્ચે તથા આરોપી નં. ૧ ક્રમ નં. ૫ અને ૬ ની વચ્ચે તથા આરોપી નં. ૩ ક્રમ નં. ૯ અને ૧૦ ની વચ્ચે ઉભી ગયેલા.

(૯) ત્યારબાદ મે ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરુ અખંડાનંદ સાધુને પંચ નં. ૨ નંદાણીયા માલદેભાઈને અમારી કચેરીના નીચે આવેલ પુરવઠા શાખામાં ઓળખ પરેડ કરવા માટે બોલાવી લાવવા કહેતા, બોલાવી લાવેલા. એટલે મે ફરીયાદીને સમજ કરેલી કે, ''આ માણસોની લાઈન ઉભી છે, તેમાં કોઈ આરોપીઓને ઓળખી શકતા હોય તો હાથ પકડીને બહાર કાઢીને ઓળખી બતાવવા જણાવેલ''.

(૧૦) ફરીયાદીએ પ્રથમ આરોપી નં. ૨ જે ક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભેલા હતા, ત્યાં તેને હાથ પકડીને આરોપીને બહાર કાઢેલ, આરોપી નં. ૧ જે ક્રમ નં. ૫ અને ૬ ની વચ્ચે ઉભેલા હતા, ત્યાં તેને પણ હાથ પકડીને બહાર

કાઢેલ, આરોપી નં. ૩ જે ક્રમ નં. ૯ અને ૧૦ ની વચ્ચે ઉભેલા હતા, ત્યાં તેને પણ હાથ પકડીને બહાર કાઢેલ, જેની મે ત્રણેય આરોપીઓને પોલીસ યાદી મુજબ તેમાં જણાવેલા નામ પ્રમાણે આરોપીઓ હોય, ખરાઈ કરેલી અને ફરીયાદી અમારી સમક્ષ ત્રણેય આરોપીઓને ઓળખી બતાવેલ છે.''

**૧૬.૧૦.૪** આમ, ઉપરોકત સરતપાસામાં જણાવ્યા મુજબ ફરીયાદીએ ઉપરોકત ત્રણેય આરોપીઓ એટલે કે હારૂનભાઈ, યુસુફભાઈ અને હાજીભાઈની ઓળખ ફરીયાદીએ પંચોની હાજરીમાં કરેલી છે તેવી વિગત જણાવેલી છે.

**૧૬.૧૦.૫** તે જ રીતે બીજા આરોપી જુસબ ઉર્ફે જુસો ની ઓળખ પરેડ પણ આ સાહેદની હાજરીમાં અને પંચ કલ્પેશભાઈ અને મહેબુબભાઈની હાજરીમાં કરવામાં આવેલી છે તેવી વિગત જણાવેલી છે અને ઉપરોકત સાહેદે આ બાબતે પેરા–૧૮ થી ૨૧ માં નીચે મુજબની વિગત જણાવેલી છે.

''(૧૮) ત્યારબાદ અમારા કચેરીના પટ્ટાવાળા મારફત ઓળખ પરેડની લાઈનમાં ઉભા રહેવા માટે કુલ– ૬ વ્યકિતઓને હોદ્દા, ઉમર, ધંધો, રહેવાની સમજ કરી બોલાવવાનુ કહેતા, તે ૬ વ્યકિતઓને બોલાવી લાવેલ, તેના ઓળખપરેડના પંચનામામાં જણાવ્યા મુજબ તમામ ૬ વ્યકિતઓના નામ, સરનામા અને ધંધાની વિગતો પુછીને નોંધેલી અને તેઓને સમજ કરેલી કે, ''અહીંયા આરોપીની ઓળખ પરેડ કરવાની છે એટલે તમારે અહીંયા લાઈનમાં ઉભા રહેવાનું છે અને આરોપી તમારી લાઈનમાં ઉભા રહેશે, તેમાં ફરીયાદી ઓળખ પરેડ કરશે,''એવી સમજ કરેલી.

(૧૯) ત્યારબાદ ૬ વ્યકિતઓ એક જ લાઈનમાં ઉભી ગયા પછી પંચ નં. ૧ કલ્પેશભાઈ મારફત આરોપીની ટ્રેઝરી શાખામાં બેસાડેલ, ત્યાંથી બોલાવી લાવવા જણાવેલ, ત્યારે અમોએ કચેરીના બારી – બારણા બંધ કરેલા અને કોઈ પોલીસ સ્ટાફ ચેમ્બરમાં ન હતા. અમારી કચેરીના સ્ટાફ તેજસભાઈ જોષી અને પટ્ટાવાળા અમારી મદદમાં આ કાર્યવાહી દરમ્યાન હાજર હતા. પંચ નં. ૧ કલ્પેશભાઈ અમારી કચેરીની ટ્રેઝરી શાખામાંથી એક વ્યકિતને બોલાવી લાવેલ અને અમોએ આરોપીને તમારી ઓળખ પરેડ કરવાની છે, તમો કપડા બદલવા હોય, કે બીજા કોઈ ફેરફાર કરવા હોય તો કરી શકો છો અને આ ઉભેલ માણસોની લાઈનમાં તમારે જયાં ઉભવુ હોય, ત્યાં ઉભી શકો છો'', તેવી સમજ કરેલી, પછી આરોપીએ કપડા બદલવાની ના પાડેલી અને આરોપી ક્રમ નં. ૪ અને ૫ ની વચ્ચે ઉભી ગયેલ. જે આરોપી પોલીસ યાદી મુજબના જુસબભાઈ હતા.

(૨૦) ત્યારબાદ મે ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુને પંચ નં. ૨ મહેબુબભાઈ અમારી કચેરીના નીચે આવેલ પુરવઠા શાખામાં ઓળખ પરેડ કરવા માટે બોલાવી લાવવા કહેતા, બોલાવી લાવેલા. એટલે મે ફરીયાદીને સમજ કરેલી કે, ''આ માણસોની લાઈન ઉભી છે, તેમાં કોઈ આરોપીને ઓળખી શકતા હોય તો હાથ પકડીને બહાર કાઢીને ઓળખી બતાવવા જણાવેલ''.

(૨૧) ફરીયાદીએ આરોપી જે ક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભેલા હતા, ત્યાં તેને હાથ પકડીને આરોપીને બહાર કાઢેલ, જેની મે આરોપીને પોલીસ યાદી મુજબ તેમાં જણાવેલા નામ પ્રમાણે આરોપી હોય, ખરાઈ કરેલી અને ફરીયાદી અમારી સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.''

**૧૬.૧૦.૬** ઉપરોકત સાહેદે પેરા–૨૫ ની ઉલટ તપાસમાં નીચે વિગતની હકીકત સ્વીકારેલી છે.

''(૨૫) ઓળખ પરેડના સમયે મામલતદાર કચેરી, જુનાગઢમાં લીમડા ચોક વિસ્તારમાં હતી. એ વાત ખરી છે કે, આ કચેરીમાં જવા આવવા માટેની એક જ સીડી હતી. ટ્રેઝરી શાખા ઉપરના ભાગે અમારી ચેમ્બરની સામેના ભાગે અને પુરવઠા શાખા નીચેના ભાગે બેસતી. સામાન્ય રીતે અમારી કચેરીના પગથીયા ચડીને કોઈ વ્યકિત આવતી હોય તો, પુરવઠા શાખામાંથી તેને જોઈ શકાય. એ વાત ખરી છે કે, પુરવઠા શાખાના બારી દરવાજાઓ બંધ કરેલા હોય, તેવો કોઈ ઉલ્લેખ પંચનામામાં નથી.''

**૧૬.૧૦.૭** વધુમાં આ સાહેદે પેરા–૨૭ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૨૭) બન્ને ઓળખ પરેડ માટે પબ્લીકના પ્રથમ ૧૮ અને બીજા ૬ વ્યકિતઓને બોલાવવામાં આવેલા, તેઓએ પહેરેલ કપડાઓ, કપડાઓના રંગ, દાઢી, મુછ તે અંગેની કોઈ નોંધ કરેલી નથી. એ વાત ખરી છે કે, તે જ રીતે મારી પાસે પ્રથમ ત્રણ અને પછી એક આરોપીને લાવવામાં આવ્યો, તેણે પહેરેલ કપડા કે દાઢી મુછ અંગેની કોઈ નોંધ કરવામાં આવેલ નથી. બન્ને ઓળખ પરેડમાં ફરીયાદીએ પ્રથમ વખત જ હરોળમાંની વ્યકિતઓમાંથી આરોપી તરીકે બહાર કાઢેલા. ફરીયાદીને આ અંગે બીજી વખત તક આપવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે, આરોપીઓને તથા ફરીયાદીને ઓળખ પરેડ માટે હાજર રાખવા માટેની જવાબદારી પોલીસને સોંપવામાં આવેલી. એ વાત ખરી છે કે, મારી ચેમ્બરમાં પ્રથમ આરોપીઓને અને ત્યારબાદ ફરીયાદીને રજુ થયા તેઓને પોલીસ કેવી સ્થિતીમાં લાવેલ, તે હું ન કહી શકુ. હું એવુ ન કહી શકુ કે, મારી ચેમ્બરમાં લાવતા પહેલા પોલીસે આરોપીઓને ફરીયાદીને બતાવેલા હોય તો ઓળખ પરેડ દરમ્યાન ફરીયાદ તે કારણે આરોપીઓને ઓળખી બતાવે, તેવી શકયતા રહેલ છે. હું ઓળખ પરેડ સિવાયની બાબતનો જવાબ આપી શકુ નહી, જેથી ઉપરોકત શકયતાનુ કારણ ન આપી શકુ.''

**૧૬.૧૦.૮** આમ, ઉપરોકત ઉલટ તપાસમાં જે હકીકત સ્વીકારેલી છે તે જોતા આરોપીઓને ફરીયાદી ઓળખ પરેડ પહેલા જોઈ ન શકે તેની તકેદારી રાખવામાં આવેલી હતી તેવી કોઈ વિગત આ સાહેદના પુરાવામાં આવતી નથી. ઉલટાનુ પેરા–૨૭ ની ઉલટ તપાસ જોતાં અદાલત આરોપીઓ તરફેની એ દલીલ સાથે સહમત થાય છે કે ઓળખ પરેડ પહેલા આરોપીઓ અને ફરીયાદીને ભેગા કરવામાં આવેલા હોય તેવી શકયતા નકારી ન શકાય અને ઓળખ પરેડ એ એવી વિગત છે કે જેનાથી બનાવમાં સંડોવાયેલ આરોપીઓને ઓળખી બતાવવામાં આવે છે અને તે માટે અતિ આવશ્યક છે કે ઓળખ પરેડ થાય તે પહેલા આરોપીઓને ફરીયાદી એટલે કે ઓળખ કરનાર ન જુવે તેવી ખાસ તકેદારી રાખવી પડે અને તે સંજોગોમાં આ ઓળખ પરેડ વ્યાજબી શકથી પર ઉપરોકત કારણોસર સાબિત થતી નથી.

**૧૬.૧૧** દલીલ ખાતર એવુ માની લેવામાં આવે કે, ફરીયાદીએ આરોપીઓને ઓળખપરેડમાં ઓળખી બતાવેલા છે તેવુ ઉપરોકત પુરાવાના આધારે માની લેવામાં આવે તો પણ આજ આરોપીઓ આ બનાવમાં સંડોવાયેલા છે તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરવી પડે પરંતુ જે વ્યકિતએ ઓળખી બતાવેલ છે તે ઓળખી બતાવનાર વ્યકિત પોતે અદાલતમાં જુબાની આપ્યા પહેલા અવસાન પામેલ છે અને તેમની ફરીયાદ ઉપર ચર્ચા કરી તે મુજબ

ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતી નથી અને જો આ ફરીયાદ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતી હોત તો ઓળખ પરેડનો ઉપરોકત પુરાવો સાબીત થયેલ છે તેવુ હોત તો ફરીયાદ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતી હોત તો તેનું મહત્વ રહેત.

**૧૬.૧૨ આમ, ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ મુજબ ઉપરના પુરાવાથી આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી તેથી રેકર્ડ ઉપરના સાંયોગિક પુરાવાથી આ હકીકત પુરવાર થાય છે કે કેમ? તે જોવાનું રહે છે.**

**(૧૭) સાંયોગિક પુરાવા અંગે :**

**૧૭.૧** અત્રે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ જેમાં સાબીતીની વ્યાખ્યા આપેલી છે તે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**૧૭.૨** ભારતીય પુરાવા ધારાની કલમ ૩ મુજબ સાબીતીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે.

"proved" .A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

સાબીત:– '' એવી હકીકત સાબીત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા અદાલતને તેનુ અસ્તિત્વ છે તેમ માને અથવા તેવુ અસ્તિત્વ એટલી હદે સંભવીત માને કે એક સમજદાર વ્યકિત જે તે કેસના સંજોગો હેઠળ આવી ધારણાથી વર્તે કે તેવુ અસ્તિત્વ છે. ઉપર ચર્ચા કરી તેમ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શકથી સાબીત કરવાનો હોય છે. જયારે આરોપીપક્ષે તેવી હકિકત પ્રિ કોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે શકયતાની બાહુલ્યતાના ધોરણે કરવાની હોય છે.

**Sessions Judge**
**Junagadh**

ફરીયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી, સાંયોગીક પુરાવાથી કે, આરોપીની કબુલાતથી પણ પુરવાર કરી શકે છે. ભારતીય પુરાવા ધારા કલમ ૫૯ મુજબ દસ્તાવેજની વિગત સિવાય તમામ હકીકતો મૌખીક પુરાવાથી સાબીત કરવાની હોય છે.

**૧૭.3** મૌખીક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારા કલમ ૩ માં નીચે મુજબ આપેલી છે.

"Evidence" ."

Evidence" means and includes(1) all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matter of fact under inquiry:

such statements are called oral evidence;

એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરુરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવો કહેવાય છે. ભારતીય પુરાવા ધારા કલમ ૬૦ મુજબ મૌખીક પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈએ. એટલે કે જ્યારે કોઈ વ્યકિત તેની પાંચ ઈન્દ્રીયોમાંથી કોઈપણ એક ઈન્દ્રીયથી કે વધારે ઈન્દ્રીયથી કોઈ હકીકત અનુભવે તેને પ્રત્યક્ષ પુરાવો કહે છે.

ભારતીય પુરાવા ધારાની જોગવાઈમા આ પ્રત્યક્ષ પુરાવાના કેટલાક અપવાદો આપવામા આવેલા છે અને આવા અપવાદો એટલે કે, રેસ ગેસ્ટેના સિધ્ધાંતમા પડતી કલમ ૬,૭,૮,૯,૧૪ તેમજ કલમ ૧૭ થી ૩૧ની જોગવાઈમા પડતો પુરાવો એટલે કે સ્વીકૃતી કે કબુલાત તેમજ કલમ ૩૨માં પડતો પુરાવો તે પ્રત્યક્ષ પુરાવાના અપવાદો છે અને જો તે પ્રત્યક્ષ પુરાવાના અપવાદથી કોઈ હકીકત સાબીત થાય તો તે પણ સબસ્ટેન્શીયલ એવીડન્સ ગણાય છે. સબસ્ટેન્શીયલ એવીડન્સ એટલે કે જેના આધારે અદાલત કોઈ હકીકત સાબીત થાય છે તેમ માની શકે અને આવા સબસ્ટેન્શીયલ પુરાવાને કોઈના સમર્થનની જરૂરીયાત રહેતી નથી.

**Sessions Judge**
**Junagadh**

કેટલીકવાર સમગ્ર મુદા માંહેની તકરાર માટે સીધો પુરાવો હોય છે અને જયારે આવો સીધો પુરાવો ન હોય ત્યારે તેમા કડીઓ મેળવી સાંયોગીક પુરાવાથી કોઈ હકીકત સાબીત થઈ શકે છે.

સાંયોગીક પુરાવો એક એવો પુરાવો છે કે જેમા કોઈ સાહેદોએ પ્રત્યક્ષપણે કશુ અનુભવ્યુ હોતુ નથી પરંતુ સંજોગો એવા હોય છે કે જે કારણે મુદદા માહેની હકીકત સાબીત થાય છે અને આ સંજોગ એટલે બધા સબળ હોય છે કે તે સંજોગો ઉપર આધાર રાખવા   એટલે કે હકીકત ન માનવા માટે અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી અને અન્ય પ્રકારની હકીકતના અસ્તિત્વ અંગે શંકા રહેતી નથી. સાંયોગીક પુરાવામાં બે ચાર કડી મહત્વની છે પરંતુ તમામ હકીકતની કડીબધ્ધતા અગત્યની બની જાય છે.

હાલનો કેસ સાંયોગીક પુરાવા પર પણ આધારીત છે. અદાલતે કોઈપણ હકીકત અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે હકીકત રજુ થયેલ પુરાવા ઉપરથી નકકી કરવાનુ હોય છે અને અદાલત સમક્ષ ઉપર ચર્ચા કરી તે મુજબ સીધો પુરાવો  પણ આવે છે અને સાંયોગીક પુરાવો પણ આવે છે. હાલના કેસમાં એ હકીકત બીનતકરારી છે કે, બનાવનો નજરે જોનાર સાહેદ નથી અને કોઈ હકીકતનુ અસિત્તવ સાબીત માનવુ કે કોઈ હકીકતનુ બીનઅસ્તિત્વ સાબીત માંનવુ તે વિષય પુરાવાના મુલ્યાંકનનો વિષય છે અને કોઈ હકીકત અસ્તિત્વમાં છે  કે કેમ તેના આધારે અદાલત પક્ષકારોનો અધિકાર, જવાબદારી, ફરજ વિગેરે નકકી કરતી હોય છે. પુરાવો પ્રત્યક્ષ હોય કે સાં યોગીક હોય કે અન્ય રીતે હોય પરંતુ તે પુરાવો કોઈ હકીકતનુ અસિત્તવ અથવા બીનઅસ્તિત્વ માંનવા માટે વિશ્વસનીય છે કે કેમ તે સૌથી અગત્યની બાબત છે અને પુરાવાની વિશ્વસનીયતા રેકર્ડ ઉપર આવેલ સંજોગો અને મૌખીક પુરાવો હોય તો આરોપી અને ભોગબનનાર સાથેના આ સાહેદના સબંધ અને કઈ રીતે પુરાવો આપે છે અને આ સાહેદનો લીટીગેશનમાં કોઈ અંગત રસ છે કે કેમ વિગેરે ઘણી બાબતો

જેવી કે માનવસ્વભાવ, માનવ વ્યવહાર, માનવ વર્તન વિગેરે લક્ષમાં રાખી અદાલત કોઈપણ પુરાવાની વિશ્વસનીયતા નકકી કરે છે.

સાંયોગીક પુરાવાની કોઈ વ્યાખ્યા ભારતીય પુરાવા ધારામાં નથી પરંતુ પુરાવો રજુ થાય અને જે ઘટના બને તેના ઉપરથી નકકી થાય છે કે પુરાવો સાંયોગીક છે કે કેમ. વિશ્વમાં દરેક ઘટના ભુતકાળની ઘટના સાથે જોડાયેલી હોય છે અને ભુતકાળની ઘટના હોય તોજ ભુતકાળની ઘટનાને આધારીત વર્તમાનની કે ભવિષ્યની ઘટના ઘટતી હોય છે અને એક ઘટના ઘટે અને પછી બીજી ઘટના ઘટે અને પછી ત્રીજી ઘટના ઘટે અને આ દરેક ઘટના માટે જે પુરાવો આવે તેને સાંયોગીક પુરાવો કહેવામાં આવે છે અને દરેક ઘટના/સંજોગો પક્ષકારે ભારતીય પુરાવા ધારામાં જણાવેલ એડમીશીબલ એવીડન્સથી જ પુરવાર કરવાની રહે છે એટલે કે એક ઘટના અને તે પછીની ઘટનાઓ પુરવાર કરવા માટે અદાલત સમક્ષ સબસ્ટેન્શીયલ પુરાવો એટલે કે તે પુરાવાથી કોઈ હકીકતનુ અસિત્તવ કે બીનઅસ્તિત્વ અદાલત ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ આધીન નકકી કરી શકે તેવો સબસ્ટેન્શીયલ અને એડમીશીબલ પુરાવો હોવો જોઈએ.

**૧૭.૪** સાંયોગીક પુરાવા અંગેના સિધ્ધાંતો જોવામાં આવે તો,

"(1) the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned must or should and not may be established.

(2) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

(3) the circumstances should be of a conclusive nature and tendency;

(4) they should exclude every possible hypothesis except the one to be proved; and

**Sessions Judge**
**Junagadh**

(5) there must be chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

The Supreme Court also cited a passage in para 13 from Sir Alfred Wills' book "Wills' Circumstantial Evidence" (Chapter VI) containing rules as to evaluation of Circumstantial Evidence as under :

(1) the facts alleged as the basis of any legal inference must be clearly proved and beyond reasonable doubt connected with the factum probandum;

(2) the burden of proof is always on the part who asserts the existence of any fact, which infers legal accountability;

(3) in all cases, whether of direct or circumstantial evidence the best evidence must be adduced which the nature of the case admits;

(4) in order to justify the inference of guilt, the inculpatory facts must be incompatible with the innocence of the accused and incapable of explanation, upon any other reasonable hypothesis than that of his guilt;

(5) if there be any reasonable doubt of the guilt of the accused, he is entitled as of right to be acquitted."

Each and every incriminating circumstance must be clearly established by reliable and clinching evidence and the circumstances so proved must from a chain of events from which the only irresistible conclusion about the guilt of the accused can be safely drawn and no other hypothesis against the guilt is possible. In a case depending largely upon circumstantial evidence, there is always a danger that conjecture or suspicion may take the

place of legal proof. The Court must satisfy itself that various circumstances in the chain of events must be such as to rule out a reasonable likelihood of the innocence of the accused. When the important link goes, the chain of circumstances gets snapped and the other circumstances cannot in any manner, establish the guilt of the accused beyond all reasonable doubts. The Court has to be watchful and avoid the danger of allowing the suspicion to take the place of legal proof, for sometimes unconsciously it may happen to be a short step between moral certainty and legal proof. There is a long mental distance between "may be true" and "must be true" and the same divides conjectures from sure conclusions."

**૧૭.૫** આમ જુદા જુદા સંજોગો અથવા જુદી જુદી ઘટનાઓ મળી એક મોટી ઘટના બને છે જેમ કે ઝાડ માટે બીજ મેળવવુ તે ઘટના છે, ત્યારબાદ તે બીજને વાવવુ તે બીજી ઘટના છે ,ત્યારબાદ તે બીજને પાણી ખાતર આપવા તે ત્રીજી ઘટના છે , અને ત્યારબાદ તેમાંથી મોટુ વટવૃક્ષ થવુ તે પણ એક ઘટના છે. પરંતુ મુખ્ય ઘટના બી માં થી મોટુ ઝાડ થાય છે તે સૌથી મોટી ઘટના છે પરંતુ સ્વતંત્ર રીતે ઝાડ મોટુ વટવૃક્ષ થતુ નથી પરંતુ નાની નાની ઘટનાઓ મળી મોટુ વટવૃક્ષ બનાવે છે અને આમ વટવૃક્ષ બની જવુ તે કોઈ સ્વતંત્ર ઘટના નથી પરંતુ બી મેળવવાથી મોટા વટવૃક્ષ સુધીનુ ઘટનાઓ બને ત્યારે વટવૃક્ષ બને છે એટલે કે કોઈ ઘટના સ્વતંત્ર રીતે બનતી નથી પરંતુ દરેક ઘટના ભુતકાળની ઘટના ઉપર આધારીત હોય છે અને આ સિધ્ધાંતથી જયારે કોઈ સીધો પુરાવો અદાલતમાં ન આવે ત્યારે આવી ઘટનાઓ / સંજોગો મળી જે પરીણામ સુધી પહોચાય અને જે આખી ચેઈન જળવાય તેને પુરાવાની દૃષ્ટિએ સાંયોગીક પુરાવો કહે છે અને દરેક ચેઈન એકબીજા સાથે મળતી હોવી જોઈએ તેમાં એક

પણ ચેઈન મીસીંગ ન હોવી જોઈએ અને તમામ ઘટનાઓ અથવા તો સંજોગો અથવા તો આ ચેઈન છેલ્લે એક જ અનુમાન ઉપર વ્યાજબી શકથી પર અદાલતને દોરી જાય કે આ કૃત્ય આરોપીએ જ કરેલ છે તોજ સાંયોગીક પુરાવો હોય તો પણ આરોપીને કસુરવાન ઠેરવી શકાય પરંતુ કોઈ પણ જુદી જુદી ચેઈન પૈકી અથવા તો ઘટના પૈકી અથવા તો સંજોગો પૈકી કોઈ પણ એક ઘટના, સંજોગ કે ચેઈનમાં આરોપીની સંડોવણી અંગે વ્યાજબી શક ઉત્પન્ન થાય તો સાંયોગીક પુરાવાઓના આધારે આરોપીને કસુરવાન ઠેરવી ન શકાય.

**૧૭.૬** ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં જે પ્રુવ્ડ ની વ્યાખ્યા છે તે મુજબ ફરીયાદપક્ષે હકીકત સાબીત કરવાની છે અને હાલના કેસમાં ફરીયાદપક્ષે તહોમતનામા મુજબની હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરવાની છે. ઉપર ચર્ચા કરી તે મુજબ સીધો પુરાવો જે ગુજરનારનો હતો તે સાબીત થઈ શકેલ નથી અને તેથી જે સંયોગો એટલે કે, સાંયોગિક પુરાવો છે તેનાથી આરોપીઓની સંડોવણી સાબીત થાય છે કે કેમ? તે અદાલતે જોવાનું છે.

## (૧૮) ચુકાદામાં અન્ય મુખ્ય બાબતો નીચેના હેડીંગ નીચે ચર્ચેલી છે.

### (એ) જગ્યાના માલીકી હકક ફેરબદલી તથા જગ્યા ઉપર કબજા તથા તે અંગે કરેલ જુદા જુદા કરારો અને કાવતરા અંગે :

### (બી) અન્ય સંજોગો :

**બી–૧** અન્ય સંજોગોમાં નીચે મુજબની વિગતોની ચર્ચા કરેલ છે.

(૧) બનાવ સ્થળે અમુક આરોપીઓની હાજરી અંગે,

(૨) સળીયાનો ટુકડો લઈ એક આરોપી ઝાંઝરડા તરફ જવા અંગે,

(૩) આરોપી સીકંદરે અમુક કાગળોની ઝેરોક્ષ કરાવેલી તે અંગે,

(૪) અમુક સાહેદે દિવાલ પડેલી જોયેલી તે અંગે,

(૫) બનાવ પહેલા બનાવ સ્થળે પાણીની ગાગર મુકવા જનાર સાહેદ અને તે વખતે દિવાલ પડેલી જોયેલી અને ત્યાં આરોપી સીકલા અને અઠીયાને જોયેલા તે બાબત અંગે,

(૬) બનાવ સ્થળે જે.સી.બી. મશીનથી આરોપી પીઠીયો, અડીયો અને ઓઘા નામનો માણસ દિવાલ પાડતા હતા તે અંગે,

(૭) બનાવ સ્થળે દિવાલ જે.સી.બી. મશીનથી પાડતા હતા અને ત્યાં આરોપી અઠીયો અને સીકંદર હતો તે બાબતો અંગે,

(૮) ફરીયાદપક્ષની થીયરી મુજબ જુસબ અલારખાએ પી.ડબલ્યુ.૫૮, આંક–૪૬૯ ના સાહેદના મોબાઈલથી ફોન કરેલ તે બાબત અંગે,

(૯) લોખંડના ડેલાનું વજન કરેલુ છે તે બાબત અંગે,

(૧૦) ભડાકાનો અવાજ સાંભળ્યા બાદ સોહદે સીલ્વર કલરની સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં બે માણસો આ કારમાં બેસી ઝડપથી ભાગેલા તે અંગે,

DISTRICT & SESSIONS COURT JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

(૧૧) બનાવ વખતે આરોપીઓની ગાડી ચલાવી આરોપીઓને મુકવા જનાર અને રસ્તામાં આરોપી જુસબે કબુલાત કરેલી એટલે કે એકસ્ટ્રા જ્યુડીશ્યલ કન્ફેશન અંગે,

**(સી) એફ.એસ.એલ. :**

**સી–૧** આ હેડીંગ નીચે ગુનાવાળી જગ્યાનું પંચનામુ, બનાવવાળી જગ્યાના નકશા અંગે, ઈન્કવેસ્ટ પંચનામા અંગે, ગુજરનારની કારના પંચનામા અંગે, આરોપી હારૂન, યુસુફ, હાજી જુમા, જાવીદખાન, આરોપી જુસબ ને અટક કરેલાના પંચનામાઓ અંગે, મો.સા.કબજે અંગે, આરોપી હારૂનભાઈના કપડા રજુ થયા તે અંગે, હીરો હોન્ડા જી.જે.૦૩ ઈએસ ૨૧૦૩ મો.સા. કબજે કર્યાના પંચનામા અંગે તથા આરોપીઓના તબીબી નમુનાઓ લીધા તે અંગે, એફ.એસ.એલ. ના એકસપર્ટના પુરાવા અંગેની ચર્ચા આ હેડીંગ નીચે કરેલ છે કારણ કે, આ પંચનામાઓ થકી જે નમુના લેવામાં આવેલા છે તેમનું મોટાભાગનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે તથા ડીસ્કવરી પંચનામાની ચર્ચા પણ ઉપરોકત હેડીંગ નીચે કરેલી છે.

**(ડી) બાકી રહેતા સંજોગો અંગે :**

Sessions Judge
Junagadh

ડી–૧ આરોપી સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન તથા આરોપી સલીમ ઉર્ફે અઠીયો સુલેમાનની ધરપકડ તથા તેની સાથે રહેલ ગાડીમાંથી કબજે કરવામાં આવેલ દસ્તાવેજોના પંચનામા અંગે :

ડી–ર આરોપી સીકંદર ઉર્ફે સીકલાએ જે જગ્યા બતાવી તેના પંચનામા અંગે :

ડી–૩ હરેશકુમાર વિનોદકુમાર સોનીએ રજુ કરેલ ડી.વી.ડી. કબજે કર્યાના પંચનામા અંગે :

ડી–૪ કરશનભાઈ તીલકરામ પટેલે લોખંડના પતરાનો ડેલો રજુ કરેલ તેના પંચનામા અંગે :

ડી–પ આરોપી સીકંદરના ભાઈએ રજુ કરેલ દસ્તાવેજો રજુ કરેલ તે કબજે કર્યાના પંચનામા અંગે :

ડી–૬ આરોપી સીકંદર ઉર્ફે સીકલાએ ગુનાવાળી જગ્યા બતાવી તથા સ્થળ ઉપરથી સ્ટીલની ગાગર તથા સુતરનું દોરડુ કબજે કરેલ તેના પંચનામા અંગે :

**(એ) જગ્યાના માલીકી હકક ફેરબદલી તથા જગ્યા ઉપર કબજા તથા તે અંગે કરેલ જુદા જુદા કરારો અને કાવતરા અંગે : (હેડીંગ)**

**(એ–૧) ઉપરોકત બાબતે રજુ થયેલ મૌખિક પુરાવા અંગે :**

**એ–૧.૧ બનાવ બન્યાના ત્રણેક મહીના પહેલા સાઈટ ડેવલપર્સના ધર્મેન્દ્રભાઈને પ્રવીણભાઈ ટાંક એ જમીન વેચવાની છે તેવી વાત થયેલી તેના સાહેદના પુરાવા અંગે:**

**એ–૧.૨** ઉપરોકત સાહેદ લલીતભાઈ સુવાગીયાને પી.ડબલ્યુ.૪૮ થી આંક–૪૩૦ થી તપાસેલા છે અને સરતપાસમાં મહંત રામભારતીએ ઉપરોકત વાત કરેલી તેટલી હકીકત સાબિત થાય છે અને ઉલટ તપાસથી એ હકીકત પણ સાબિત થાય છે કે ખેતલીયા દાદાના મહંત રામ ભારતીને આ જમીન બાબતે કંઈ લેવા દેવા ન હતુ. આમ, ઉપરોકત પુરાવાથી પણ ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર ગુજરનાર કે પ્રવિણભાઈ ટાંક વગેરેનો કબજો હતો તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી.

**(એ–૨) સાહેદ મુકેશભાઈના દાદા છગનભાઈએ જમીન સીમ સર્વે નં. ૩૫/પૈકી ક્ષેત્ર.હે.આ.રે.ચો.મી.૦–૬૦–૭૦ તથા સર્વે નં. ૩૭ ક્ષેત્ર. હે.આ.રે.ચો.મી. ૦–૫૬–૬૬ વાળી વેચેલી તે અંગેના સાહેદ:**

**એ–૨.૧ ઉપરોકત કરાર કરનાર નોટરી જે. કે. ગગલાણીના પુરાવા અંગે:**

**એ–૨.૨** ઉપરોકત નોટરી એડવોકેટને પી.ડબલ્યુ.૫૦ આંક–૪૮૫ થી તપાસેલા છે અને તેઓએ આંક–૪૩૪ વાળો કરાર થયેલ છે તે હકીકત ને સમર્થન આપેલ છે અને તે હકીકતનું કોઈજ ખંડન ઉલટ તપાસમાં થઈ શકેલ નથી. ઉલટ તપાસમાં અવેજની તપાસ કરેલ નથી, ઓળખ ના પુરાવા સરકારી પુરાવા માંગેલ નથી, અંગુઠાના નીશાનની ઓળખ થયેલ નથી તેવી હકીકત મુકવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ તેનાથી આંક–૪૩૪ વાળો કરેલ નોટરાઈઝડ થયેલ નથી તેવી આરોપી પક્ષ પ્રિપોન્ડન્રન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે સાબીત કરી શકેલ નથી.

**(એ–૩) સાહેદ વિજયકુમારના પ્લોટોનુ કુલ મુખત્યારનામુ પ્રવીણભાઈને આપેલુ તે બાબતે:**

**એ–૩.૧** ઉપરોકત સાહેદ વિજયકુમારને પી.ડબલ્યુ.પર તરીકે આંક–૪૪૭ થી તપાસેલા છે અને તેમાં તેઓએ પ્રવીણભાઈને તેમના પ્લોટોનુ કુલ મુખત્યારનામુ આપેલુ તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે સાબીત થાય છે.

**(એ–૪) બનાવવાળી જગ્યાનો કબ્જો ગુજરનારને સોંપી આપેલ તે અંગેના સાહેદ પી.ડબલ્યુ.૫૫, આંક–૪૫૧ ના પુરાવા અંગે:**

**એ–૪.૧** તપાસ એજન્સીની હકીકત મુજબ બનાવવાળી જગ્યા પ્રવીણભાઈને વેચેલી અને ત્યારબાદ તેનો જ કબ્જો ગુજરનારને આપેલ અને તેના કરાર થયેલા તેના માહીતગાર સાહેદ આ સુરેશભાઈ ગોવીંદભાઈ છે અને આ સુરેશભાઈને પી.ડબલ્યુ.૫૫ તરીકે આંક–૪૫૧ થી તપાસેલા છે અને તેઓએ પ્રવીણભાઈએ આ કરાર કરેલ તે હકીકત ને સમર્થન આપેલ પરંતુ આ કરારવાળી જમીન નો કબ્જો ગુજરનારને આપેલ હોય તેવુ કોઈ સમર્થન આ સાહેદે સરતપાસ કે સરકારી વકીલશ્રી એ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં લેસમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને આપેલ નથી.

**(એ–૫) બનાવાવાળી જગ્યા માટે આરોપી સલીમ ભુરીયા અને અવતાર સીંઘ અને હાજી ડફેર સાથે રૂ.૩૪ લાખમાં વેચાણ કરી આપ્યાની બાબત અંગે પી.ડબલ્યુ.૫૯, આંક–૪૭૪ ના સાહેદના પુરાવા અંગે :**

**એ–૫.૧** ઉપરોકત સાહેદ બાબુભાઈ લખમણભાઈને પી.ડબલ્યુ.૫૯ થી આંક–૪૭૪ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસમાં એ હકીકત જણાવેલી છે કે લખમણભાઈ એટલે કે આ સાહેદના પિતા અને આ સાહેદના કાકા વાળી જમીન વેચેલી પણ કબ્જો આ સાહેદો પાસે હતો અને તેના ઉપર એક મકાન હતુ પરંતુ આ સાહેદે સરતપાસ કે સ્પે. સરકારી વકીલશ્રી એ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને આપેલ નથી કે ઉપરોકત જમીન બાબતે સલીમ ભુરીયા, અવતારસીંઘ સાથે સોદો થયેલ હોય પરંતુ આંક–૪૫૨ આંક–૪૪૮ અને આંક–૪૭૫ માં સહીઓ ઓળખી બતાવેલ છે.

**(એ–૬) બનાવાવાળી જગ્યાનુ પાવર ઓફ અટર્ની ધરાવનાર અને બનાવના દિવસે આ પાવર ઓફ અટર્ની લઈને ગુજરનારે બોલાવેલ તે અંગેના પી.ડબલ્યુ.૬૦, આંક–૪૭૭ ના સાહેદના પુરાવા અંગે:**

**એ–૬.૧** ઉપરોકત સાહેદને પી.ડબલ્યુ.૬૦ તરીકે આંક–૪૭૭ થી તપાસેલા છે અને તેઓએ જણાવેલ છે કે ધમેન્દ્રભાઈએ તેઓને એક સાથે ૫૮ પ્લોટો ની પાવર ઓફ

એટર્ની આ સાહેદ ને આપેલી અને દસ્તાવેજ બાદ આ જગ્યા ગુજરનાર દેખરેખ રાખતા હતા અને બનાવના દિવસે ગુજરનારે પાવર ઓફ એટર્ની આ સાહેદ પાસે મંગાવેલી અને અમુક માણસો દિવાલ તોડી નાખી છે તેવુ ગુજરનારે જણાવેલ તે હકકીત જણાવેલ છે અને આ સાહેદ રાજકોટ થી જેતપુર પહોચ્યા ત્યારે ખબર પડેલી કે ગુજરનારનુ ખુન થયેલુ છે. આમ ગુજરનારે બનાવના દિવસે આ સાહેદને બોલાવવા માટે ફોન કરેલ છે અને અમુક માણસો દિવાલ પાડે છે તે હકીકત આ સાહેદના પુરાવાથી વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

**(એ–૭) આરોપી સલીમ હુસેન સોઢા એ લખમણભાઈ વીરાભાઈના વારસો મેણીબેન વિગેરે પાસેથી કબ્જા સોંપણી અંગેનો કરારનુ નોટરી કરનાર સાહેદ પી.ડબલ્યુ.૬૨, આંક–૪૮૭ ના પુરાવા અંગે:**

**એ–૭.૧** ઉપરોકત સાહેદ જયદેવભાઈ રસીકલાલ જોષીને પી.ડબલ્યુ.૬૨ તરીકે આંક–૪૮૭ થી તપાસેલા છે અને ઉપરોકત કરાર થયેલ છે તેવી હકીકત ઉપરોકત સાહેદના પુરાવાથી સાબીત થાય છે.

**(એ–૮) આરોપી સલીમ ભુરીયા અને અવતાર સીંઘ સાથે બનાવવાળી જગ્યા ના થયેલ કરાર બાબતે પી.ડબલ્યુ.૬૩ આંક–૪૯૩ ના સાહેદના પુરાવા અંગે :**

**એ–૮.૧** ઉપરોકત સાહેદ બહાદુરભાઈ લખમણભાઈ રાઠોડને પી.ડબલ્યુ. ૬૩ તરીકે આંક–૪૯૩ થી તપાસેલા છે અને આંક–૪૫૨, કામચલાઉ આંક–૪૯૪, કામચલાઉ આંક–૪૯૫, આંક–૪૪૮, આંક–૪૮૮ ના કરારમાં સહીઓ છે તેવી હકીકત જણાવેલી છે પરંતુ સલીમ ભુરીયાને વેચવાની હકીકતનુ કોઈ સમર્થન આ સાહેદે સરતપાસ કે સ્પે. સરકારી વકીલશ્રી એ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને આપેલ નથી.

**(એ–૯) પ્રવીણભાઈ અને લખમણભાઈ હીરાના વારસો વચ્ચે થયલ કરારના નોટરી કરનાર સાહેદ પી.ડબલ્યુ.૬૫ આંક–૫૧૪ ના સાહેદના પુરાવા અંગે:**

**એ–૯.૧** ઉપરોકત સાહેદ અશ્વીનભાઈ અમૃતભાઈ મણીયારને પી.ડબલ્યુ. ૬૫ તરીકે આંક–૫૧૪ થી તપાસેલા છે અને તેઓએ ઉપરોકત કરાર તેઓએ નોટરાઈઝડ કરેલ

છે તે હકીકત ને સમર્થન આપેલ છે. આ સાહેદની ઉલટ તપાસના પેરા–૭ માં નીચે મુજબની વિગત આવેલી છે.

''(૭) એ વાત ખરી છે કે, આંક–૪૫૨ વાળો કરાર તૈયાર કરીને મારી પાસે ફકત નોટરાઈઝ કરવા માટે આવેલા હતા. એ વાત ખરી છે કે, આ જે પક્ષકારોએ મારા રજીસ્ટરમા સહીઓ કરેલી છે તેઓનુ કોઈ ઓળખ અંગેનો લેખીત આધાર મેળવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તે વખતે આવો કોઈ લેખીત આધાર મેળવતા ન હતા.''

પરંતુ તેનાથી આંક–૪૫૨ વાળો કરાર નોટરાઈઝડ થયેલ નથી તેવી કોઈ હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે સાબીત થતી નથી.

**એ–૯.૨** ઉપરોકત પુરાવાઓ જોવામાં આવે તો, બે વાર કબજો અલગ અલગ વ્યકિતઓને એટલે કે, પ્રવિણભાઈ ટાંક વગેરેને અને બીજી વાર આરોપી સલીમ ભુરીયા વગેરેને આપેલાની હકીકત આવે છે અને જયારે બે હકીકત રેકર્ડ ઉપર કોઈપણ જાતના રજીસ્ટર્ડ દસ્તાવેજ વગર માત્ર નોટરી રુબરુ કરેલ કરારો છે અને જયારે કબજા બાબતે અલગ અલગ હકીકત રેકર્ડ ઉપર આવતી હોય ત્યારે ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર સાબીત કરવુ પડે કે, ખરેખર કબજો ઉપરોકત જગ્યાનો કોનો હતો અને ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર ચોકકસ આ કબજો આ જગ્યાનો કોનો હતો તે સાબીત કરી શકેલ નથી.

**(એ–૯.૩) બનાવવાળી જગ્યાનો કહેવાતો કબજો આરોપીઓએ કરી લીધા બાબતે અને તે અંગે કરેલ કાવતરા (સાંયોગિક બાબત)અંગે:**

**એ–૯.૩.૧ જયનગર તરીકે ઓળખાતી સર્વે નં. ૩૫ અને ૩૭ જે ઝાંઝરડા ગામમાં આવેલી છે તે જમીન અંગે થયેલ વ્યવહાર અને તે જમીનના કબજા બાબતે :**

Sessions Judge
Junagadh

**એ–૯.૩.૨** ઉપરોકત બાબતે આ કામમાં જે દસ્તાવેજ રજુ થયેલ છે તની વિગત નીચે મુજબ છે.

**એ–૯.૩.૩** ફરીયાદ ની હકીકત મુજબ ગુજરનારે ફરીયાદીને એવુ જણાવેલ કે ઝાં ઝરડા ચોકડી પાસે જયનગર વાળી જમીન ફરીયાદીએ લીધેલ છે.

**એ–૯.૩.૪** આ કામમાં કામચલાઉ આંક–૪૫ર થી કબજાનું કરારખત જે નગાભાઈ લખમણભાઈ અને સીંગલ સુરેશભાઈ ગોવિંદભાઈ વચ્ચે થયેલ છે તે રજુ કરેલ છે અને તેમાં તા.રર–૧ર–ર૦૦૯ છે અને તેમાં ઝાંજરડા ગામના સર્વે નં.૩૭ ની ૧ એકર ૧૬ ગુંઠા જમીન વેચવા માટેનો કરાર છે અને તેમાં એવી હકીકત જણાવેલી છે કે, ''આ જમીનમાં વર્ષો થયા કબજો ધરાવીએ છીએ અને અમે આજરોજ આ જમીન શ્રી સુરેશભાઈ ગોવિંદભાઈ સીંગલ ગામ નરેડી ને રુા. ૩૪ લાખ પુરામાં કબજો આપવાનું નકકી કરેલ છે તે પેટે આજરોજ અમોને રુા. ર લાખ પુરા સુંથી પેટે આપેલ છે.''

**એ–૯.૩.૫** ઉપરોકત આંકથી જ પુર્ણ અવેજની પહોંચ અને કબજા સોંપણીનો કરાર જે નોટરી રૂબરૂ તા.ર૫.૫.ર૦૧૦ ના રોજ થયેલ છે તે છે જેમાં રેવન્યુ સર્વે નં.૩૭ એકર ૧ –૧૬ ગુંઠા ના કબજેદાર લખમણભાઈ હીરાભાઈ ના વારસો છે તેવો ઉલ્લેખ છે અને તેમાં લખાવી લેનાર તરીકે પ્રવિણભાઈ પરસોતમભાઈ ટાંક, વિજયભાઈ ગીરધરભાઈ તન્ના અને સુરેશભાઈ ગોવિંદભાઈ સીંગલ છે અને તેમાં તા.ર.૬.૧૦ ના રોજ ઉપરોકત જમીનનો કબજો લખાવી લેનારાઓને આપવાનો છે તેવી હકીકત છે એટલે કે, આ જે દિવસે કરાર થયેલો છે તે દિવસે કોઈ કબજો એટલે કે ર૫.૫.ર૦૧૦ ના રોજ લખાવી લેનાર પ્રવિણભાઈ કે વિજયભાઈ કે સુરેશભાઈને આપેલ નથી.

**Sessions Judge**
**Junagadh**

**એ–૯.૩.૬**આંક–૪૯૪ થી સર્વે નં.૩૭ માં પહોળાઈ ૨૫ ફુટ લંબાઈ ૪૦ ફુટ ના કબજો મીનાબેનનો હતો તે અંગે રૂ.૩૦,૦૦૦/– મળેલા છે તે બાબતનું છે.

**એ–૯.૩.૭** આંક–૪૫૨ તા.૨૨.૧૨.૨૦૦૯ ના રોજ થયેલ છે અને તેમાં ઉપરોકત જમીનનો વેચાણનો કરાર સુરેશભાઈ ગોવિંદભાઈ સીંઘલને આપેલાની હકીકત છે.

**એ–૯.૩.૮** ઉપરોકત દસ્તાવેજો માં બે વિરોધાભાસી હકીકત બહાર આવે છે કારણ કે, જે કરાર તા.૨૫.૫.૧૦ ના રોજ કરેલ છે તેમાં પણ સુરેશભાઈ ગોવિંદભાઈને તા.૨.૬.૨૦૧૦ ના રોજ અન્ય પ્રવિણભાઈ અને વિજયભાઈ સાથે તા.૨.૬.૨૦૧૦ ના રોજ કબજો સોંપી આપવાનો છે તેવી હકીકત છે જયારે તા.૨૨.૧૨.૨૦૦૯ ના રોજ જે કરાર છે તેમાં પણ સુરેશભાઈ ગોવિંદભાઈનુ નામ છે અને તેમા પણ સુરેશભાઈ ગોવિંદ ભાઈએ રૂ.૨ લાખ આપેલા છે અને કબજો લેવાનો બાકી છે તેવી હકીકત નીકળે છે.

**એ–૯.૩.૯** વધુમાં, આંક–૪૮૮ થી ઉપરોકત જમીન એટલે કે, સર્વે નં. ૩૭ પૈકી એકર ગુંઠા ૧–૧૬ કબજા સાથેનો કરાર દસ્તાવેજ છે જે લખમણભાઈ હિરાભાઈ રાઠોડના વારસોએ આરોપી સલીમભાઈ હુસેનભાઈ સોઢાને સોંપી આપ્યાની વિગત છે.

**એ–૯.૩.૧૦ રે.સર્વે નં.૩૫ પૈકી ક્ષેત્રફળ હેકટર–આરે– ચો.મી. ૦–૬૦–૭૦ તથા સર્વે નં.૩૭ હે.આરે. ચો.મી. ૦–૫૬–૬૬ વાળી જમીન અંગે:**

**એ–૯.૩.૧૧** જમીન અંગે: તા. ૧૨.૫.૧૦ ના રોજ સંતોકબેન ભીખાભાઈ ગોવા, છગનભાઈ ભીખાભાઈ ગોવા અને રૈયાબેન ભીખાભાઈ ગોવાએ ઉપરોકત જમીન

બાબતે પ્રવિણભાઈ પરસોતમભાઈ ટાંકને પુર્ણ અવેજ સાથે કબજા સોંપણીનો કરાર કરેલ છે અને તેમાં કબજો આ પ્રવિણભાઈને સોંપેલાની વિગત છે.

**એ–૯.૩.૧૨** વધુમાં રે.સર્વે નં.૩૫ પૈકી ક્ષેત્રફળ હેકટર–આરે– ચો.મી. ૦–૬૦–૭૦ તથા સર્વે નં.૩૭ હે.આરે. ચો.મી. ૦–૫૬–૬૬ વાળી જમીન ના કબજા સાથે સાટા કરાર તા.૫.૧૧.૧૨ ના રોજ છગનભાઈ ભીખાભાઈ અને રૈયાબેન ભીખાભાઈએ સલીમભાઈ હુસેનભાઈ સોઢા જે આ કામે આરોપી છે તેમની સાથે કરેલ છે અને તેમાં ઉપરોકત જમીન નો કબજો આ કરારથી આપેલ છે તેવી વિગત છે.

**એ–૯.૩.૧૩** આમ, ફરીયાદ પક્ષે ઉપરોકત જમીનનો કબજો ગુજરનારનો હતો તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત કરવાની છે અને કબજા બાબતે અને ટાઈટલ બાબતે કોઈ જ વેચાણ દસ્તાવેજ જે રજીસ્ટર થયો હોય તેવો નથી અને જે કરારો થયેલા છે તે પણ રજીસ્ટર્ડ નથી અને ઉપરોકત કરારો વિરોધાભાસી હકીકત દર્શાવે છે એટલે કે એકવાર પ્રવિણભાઈ વગેરેને કબજા આપ્યાની હકીકત જણાવે છે અને બીજી વાર આરોપી સલીમ હુસેન સોઢા ને કબજો આપ્યાની હકીકત જણાવે છે પરંતુ ફરીયાદ પક્ષ વ્યાજબી શક થી પર ખરેખર બનાવ વખતે કોનો કબજો હતો તે હકીકત સાબિત કરી શકેલ નથી.

**એ–૯.૩.૧૪** વધુમાં ફરીયાદ પક્ષે સ્થળ ઉપર દિવાલ કોને બનાવેલી હતી તે હકીકત પણ વ્યાજબી શકથી પર સાબિત કરી શકેલ નથી.

**Sessions Judge**
**Junagadh**

**(એ–૯.૪) જમીનનો કબજો મેળવવા માટે કાવતરા અંગે કરેલ મીટીંગ અંગે (સાંયોગિક):**

**એ–૯.૪.૧** ફરીયાદપક્ષના કેસ મુજબ પ્રથમ કાવતરુ ઘડવાની મીટીંગ થયેલી છે તે અંગેનો પુરાવો જોવામાં આવે તો,

**એ–૯.૪.૧ સાહેદ હરીજન રામા નગાભાઈ, બાબુભાઈ નગાભાઈ, રવીભાઈ રામભાઈ દલાલને આ સાહેદ કાનદાસભાઈ તેમની રીક્ષામાં બેસાડી ખેતલીયાદાદાના મંદીર પાછળ વાંકળામાં સલીમ ભુરીયો અને હાજી ડફેર સાથે ઉપરોકત સાહેદોએ મીટીંગ કરેલી અને કાગળીયા ઉપરોકત વ્યકિતઓએ જોયેલા તે અંગેના પુરાવા અંગે:**

**એ–૯.૪.૨** ઉપરોકત સાહેદ કાનદાસભાઈને પી.ડબલ્યુ.૪૭ તરીકે આંક–૪૨૬ થી તપાસેલા છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

**એ–૯.૪.૩** આમ, ફરીયાદપક્ષ જમીનનો કબજો મેળાવવા માટે **કાવતરાની હકીકત કે આ જગ્યા ઉપર ગુજરનારનો કબજો હતો તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી.**

## (બી) અન્ય સંજોગો : (હેડીંગ)

**(બી–૧) બનાવ સ્થળે અમુક આરોપીઓની હાજરી અંગે :**

**બી–૧.૧ જે.સી.બી. મશીન એટલે કે અર્થ મુવર મશીન દિવાલ પાડવા માટે નકકી કરનાર અને આરોપી શીકલા સાથે બનાવ સ્થળે જનાર સાહેદના પુરાવા અંગે:**

**Sessions Judge**
**Junagadh**

**બી–૧.૨** ઉપરોકત સાહેદ જસ્મીન ભાઈને પી.ડબલ્યુ.૪૪ થી આંક–૪૧૧ થી તપાસેલા છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

**(બી–૨) બનાવના અરસામાં સાહેદ લલીતભાઈની દુકાનમાંથી એ ઝભ્ભાવાળા માણસે સળીયાનો ટુકડો લઈને સીલ્વર કલરની ગાડીમાં ઝાંઝરડા તરફ ગયેલ તે અંગે ના સાહેદ પી.ડબલ્યુ.૪૫, આંક–૪૧૫ ના પુરાવા અંગે:**

**બી–૨.૧** તપાસ એજન્સીની તપાસ મુજબ સાહેદ લલીભાઈની દુકાન પાસે એક સીલ્વર કલરની ગાડી આવેલી અને તેમાંથી ઝભ્ભાવાળો માણસ નીચે ઉતરેલ અને આ સાહેદની દુકાનમાંથી નાનો સળીયાનો ટુકડો લઈ અને ઉતાવળથી આ સીલ્વર કલરની ગાડી લઈ ઝાંઝરડા ચોકડી તરફ ગયેલા તે હકીકત આ સાહેદે જોયેલી છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

**(બી–૩) આરોપી સીકંદર અમુક કાગળો ઝેરોક્ષ કરાવેલ તે બાબતે:**

**બી–૩.૧** ઉપરોકત બાબતે સાહેદ ચીંતનભાઈને પી.ડબલ્યુ.૪૬ તરીકે આંક–૪૧૯ થી તપાસેલા છે અને આ સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે આરોપી સીકંદર કેટલાક કાગળો આ સાહેદના ત્યાંથી ઝેરોક્ષ કરાવી ગયેલા. અને ઉપરોકત હકીકત નુ કોઈ ખંડન ઉલટ તપાસમાં થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી સીકંદર **તા.૨૧.૧૨.૨૦૧૨** ના રોજ આ સાહેદના ત્યાંથી કેટલાક કાગળો ઝેરોક્ષ કરાવી ગયેલા છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે પરંતુ આ કાગળો કયા હતા તે હકીકત ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર સાબિત થતી નથી.

**(બી–૪) બનાવ વખતે બનાવ સ્થળે પાણીની ગાગર મુકવા જનાર સાહેદ અને તે વખતે દિવાલ પડેલી જોયેલી અને ત્યા આરોપી શીકલા અને અઠીયાને જોનાર સાહેદ અંગે:**

**બી–૪.૧** ઉપરોકત સાહેદ વીરમભાઈને પી.ડબલ્યુ.૫૩ આંક–૪૪૯ થી તપાસેલા છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સરકારી વકીલશ્રી એ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં લેસમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને આપેલ નથી.

**(બી–૫) બનાવ સ્થળે જે.સી.બી. મશીન થી આરોપી પીઠીયો, અઠીઓ અને ઓઘા નામનો માણસ દિવાલ પાડતા હતા તે જોનાર સાહેદ અંગે:**

**બી–૫.૧** ઉપરોકત સાહેદ દીલીપભાઈ બચુભાઈ ને પી.ડબલ્યુ.૫૪ તરીકે આંક–૪૫૦ થી તપાસેલા છે અને આ સાહેદે એક દિવાલ જે.સી.બી. થી પાડતા હતા તેટલી જ વાતને સમર્થન આપેલ છે, બાકીની કોઈ હકીકતને આ સાહેદે સરતપાસ કે સરકારી વકીલશ્રી એ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં લેસમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને આપેલ નથી.

**(બી–૬) બનાવ સ્થળે દિવાલ જે.સી.બી. મશીનથી પાડતા હતા અને ત્યા આરોપી અઠીયો અને સીકંદર હતો અને ત્યાં મજુરીએ જનાર સાહેદ ઓઘડભાઈ, પી.ડબલ્યુ.૫૬, આંક–૪૫૬ ના પુરાવા અંગે.:**

**બી–૬.૧** ઉપરોકત સાહેદે પેરા–૨ થી ૫ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૨) હું આશરે બારેક વર્ષ પહેલા પોલીસે પુછપરછ કરી તેના બારેક દીવસ અગાઉ ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે મજુરી માટે જતો હતો ત્યારે મને અઠીયો મને મળેલો અને મને પુછેલ કે, મજુરીકામે આવવુ છે અને તેને મને બેલાની મજુરીનુ કહેલુ. તેણે મને રૂા.૨૦૦/– મજુરી આપીશ તેવુ કહેલ અને મે હા પાડેલી અને હું મજુરી કામે ગયેલો. હું ત્યાં જમીને મજુરી માટે ગયેલો ત્યારે એક જે.સી.બી.હતુ તે દીવાલ/વંડો પાડતા હતા. ત્યાં બે મજુર હતા જેમા એક ઉમટવાડાના હતા અને એક જાડીયો હતો તેમાથી કોઈના નામ મને આવડતા નથી અને તે લોકો જે.સી.બી.થી દીવાલ પાડતા હતા. ત્યાં સ્થળ પર અઠીયો અને તેનો ભાઈ સિંકદર પણ હતો.

(૩) ત્યાં મે કામગીરીમા દીવાલના બેલા સાઈડમા રાખેલા અને એંગલ કાઢવાના હતા તે કાઢેલા અને ત્યાંથી જે.સી.બી.દીવાલ પાડી જતુ રહેલુ. બાદ ત્યાં એક બાપુ(મહંત)ની ફોરવ્હીલર આવેલી જે ઝાંઝરડાના મહંત હતા. જે જગ્યાની નામ ખેતલીયા દાદા છે અને તેની સાથે બીજા કોઈ ન હતા. ત્યાં આવેલ બાપુ અને અઠીયોને તે લોકો વાતો કરતા હતા. તે લોકો શું વાત કરતા હતા તે મને કાંઈ ખબર નથી. અમે ડેલામા કામ કરતા હતા અને તે લોકો બહાર હતા જેથી તે લોકો શું વાતો

કરતા મને ખબર નથી અને બહાર આવીને પણ મે કાંઈ જાણેલ નહી. મને ખબર નથી કે, સિંકદર અને તેની સાથેના માણસ બહાર ગયેલા હોય.

(૪) અઠીયો નામનો માણસ ગુજરી ગયેલ છે. સિંકદર આજરોજ હાજર નથી.

**(નોંધ:– આજરોજ આ સિંકદરની હાજરી મુકિતની અરજી આપેલી છે.)**

(૫) ત્યારબાદ હું મારા ઘરે જતો રહેલો હતો. બનાવ અંગે ઝાંઝરડાના મહંતના મોત બાબતે મને સાંજે ખબર પડેલી. પોલીસે મારો જવાબ લીધેલો.''

આમ ઉપરોકત સાહેદના પુરાવાથી એક દિવાલ જે.સી.બી. થી પાડતા હતા અને આ સાહેદે તેની મજુરી માટે આરોપી અઠીયો લઈ ગયેલ અને ત્યાં ગુજરનાર આવેલા અને ગુજરનાર અને અઠીયો વાત કરતા હતા તે હકીકત સાબિત થાય છે પરંતુ આ જમીન કોની માલીકીની હતી તે હકીકત આ સાહેદના પુરાવાથી સાબીત થતુ નથી.

**બી–૬.૨** આમ, જયારે એક દીવાલ જે.સી.બી. થી પાડતા હતા ત્યારે ત્યાં ગુજરનાર આરોપી સલીમ ઉર્ફે અઠીયો લઈને ગયેલ તેટલી હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે પરંતુ આ જગ્યા ગુજરનાર કે ગુજરનારને વહીવટ આપનાર વ્યકિતઓની માલીકીની જમીન હતી કે તેના ઉપર તેમનો કબજો હતો તેવી કોઈહ કીકત વ્યાજબી શકથી પર સાબીત થઈ શકેલ નથી અને તેથી માત્ર ગુજરનાર આરોપી સલીમ ઉર્ફે અઠીયો ત્યાં હાજર હતા તેથી આ કૃત્ય આરોપીઓએ કરેલુ છે તેવો બીજો કોઈ પુરાવો નથી તેથી આ પુરાવાથી એવુ અનુમાન ન કરી શકાય કે આ દીવાલ પાડતા હતા તેથી જ આ ગુજરનારનું મૃત્યુ આ તમામ આરોપીઓએ ભેગા મળી કરેલ છે અને તેથી આ પુરાવાથી આરોપીઓની સંડોવણી વ્યાજબી શકથી પર સાબીત થતી નથી.

**(બી–૭) ફરીયાદપક્ષની થીયરી મુજબ જુસબ અલારખાએ પી.ડબલ્યુ.૫૮, આંક–૪૬૯ ના સાહેદના મોબાઈલથી ફોન કરેલ તે બાબત.(સાંયોગિક) :**

**બી–૭.૧** ફરીયાદપક્ષની હકીકત મુજબ ઉપરોકત સાહેદના મોબાઈલથી આરોપી જુસબ અલારખાએ ફોન કરેલ છે.

**બી–૭.૨** ઉપરોકત સાહેદને પી.ડબલ્યુ. ૫૮ થી આંક–૪૬૯ થી તપાસેલા છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સ્પે. સરકારી વકીલશ્રીએ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ

કરેલ ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન ફરીયાદપક્ષને આપેલ નથી કે આ સાહેદના મોબાઈલથી આરોપી જુસબે વાત કરી હોય.

**(બી–૮) લોખંડના ડેલાનુ વજન કરનાર સાહેદ પી.ડબલ્યુ.૫૭, આંક–૪૬૧ ના પુરાવા અંગે:**

**બી–૮.૧** ઉપરોકત બાબતે સાહેદ રાજેશકુમાર મગનભાઈ સોલંકીને પી.ડબલ્યુ. ૫૭ તરીકે આંક–૪૬૧ થી તપાસેલા અને તેમના પુરાવામાં એ હકીકત સાબીત થાય છે કે તેઓએ રીક્ષા સાથે ડેલાનુ વજન કરેલુ છે.

પરંતુ ઉપરોકત હકીકતથી આ કૃત્યમાં આરોપીઓ સંડોવાયેલા છે તે હકીકત સાબીત થતી નથી.

**(બી–૯) ભડાકાનો અવાજ સાંભળ્યા બાદ સાહેદે સિલ્વર કલરની સ્વીફ ડીઝાયર ગાડીમાં બે માણસો આ કારમા બેસી ઝડપથી ભાગેલા તે અંગેના સાહેદ મનસુખભાઈ દેલવાડીયા પી.ડબલ્યુ.૪૩, આંક–૪૧૦ ના પુરાવા અંગે (સાંયોગિક):**

**બી–૯.૧** ઉપરોકત સાહેદ ને પી.ડબલ્યુ.૪૩ તરીકે આંક ૪૧૦ થી તપાસેલા છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

**(બી–૧૦) બનાવ વખતે આરોપીઓની ગાડી ચલાવી આરોપીઓને મુકવા જનાર અને રસ્તામાં આરોપી જુસબે કબુલાત કરેલી હોય કે એક બાવાને તેણે ગોળી મારી દીધેલી છે તે બાબતેના સાહેદ પી.ડબલ્યુ.૬૬, આંક–૫૨૧ ના સાહેદના પુરાવા અંગે (સાંયોગિક) :**

**બી–૧૦.૧** ફરીયાદપક્ષની હકીકત મુજબ આરોપી જુસબે ઉપરોકત સાહેદ રુબરુ ગુજરનારને ગોળી મારેલ છે તેવી કબુલાત કરેલ છે એટલે કે, એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફકેશન કરેલ છે. એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેશન ભારતીય પુરાવા ધારાની કલમ–૨૪ માં પડે છે અને આવા કન્ફેશનનો પુરાવો ભારતીય પુરાવા ધારાના હીયર સે પુરાવાના અપવાદો આપેલા છે તેમાં પડે છે.

**બી–૧૦.૨** ઉપરોકત સાહેબ મહમદભાઈ હાસમભાઈ સીડાને પી.ડબલ્યુ. ૬૬ તરીકે આંક–૫૨૧ થી તપાસેલ છે પરંતુ આ સાહેદે સરતપાસ કે સરકારી વકીલશ્રી એ ભારતીય

પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને આપેલ નથી કે બનાવ વખતે તેઓને આરોપીઓએ બોલાવેલા હોય, આરોપીઓની ગાડી લઈને ગયેલા હોય અને તેઓને મુકી આવેલ હોય.

**(બી–૧૧) પી.એસ.ઓ. ધીરજલાલ ગોરધનભાઈના પુરાવા અંગે:**

**બી–૧૧.૧** ઉપરોકત પી.એસ.ઓ. ને પી.ડબલ્યુ.૬૭ તરીકે આંક–૫૨૬ થી તપાસેલા છે અને તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી છે અને બનાવની તપાસ એચ. આર. ભાટુને સોંપેલી છે તે હકીકત ઉપરોકત સાહેદના પુરાવાથી સાબીત થાય છે.

## (સી) એફ.એસ.એલ. ના પુરાવા અંગે: (હેડીંગ)

**સી–૧** આ અંગે ગુનાવાળી જગ્યાનું પંચનામુ થયેલ છે, ઈન્કવેસ્ટ પંચનામુ થયેલ છે, કાર નં. જી.જે.૧૧ એબી ૨૦૦૮ નું પંચનામુ થયેલ છે, આરોપીઓને અટક કરી તેના નમુનાઓ લેવાના પંચનામા થયેલા છે, મો.સા. નં. જી.જે.૧ બીએ ૫૨૫ કબજે કરેલ છે, મો.સા. હિરો હોન્ડા નં. જી.જે.૩ ઈએસ ૨૧૦૩ કબજે કરેલ છે, આરોપીઓના કપડા કબજે કરેલા છે. આ તમામ કાર્યવાહીમાં મોટાભાગે નમુના લેવામાં આવેલા છે અને નમુના લઈ રવાનગી નોંધથી એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ છે તેથી ઉપરોકત તમામ બાબતો આ હેડ નીચે ચર્ચેલી છે.

**(સી–૨) ગુનાવાળી જગ્યાના પંચનામાં અંગે :–**

કોઈપણ ક્રિમીનલ ટ્રાયલમાં ગુનાવાળી જગ્યા મહત્વની બાબત બને છે કારણ કે તેનાથી ઘણીવાર નકકી થાય છે કે કૃત્ય કઈ જગ્યાએ બનેલું છે. ગુનાવાળી જગ્યાનું પંચનામુ તપાસ એજન્સી કરતી હોય છે અને તેનાથી જે પંચનામું

થાય તેનાથી પણ રેકર્ડ પર કૃત્ય જે તે કહેવાતાં સ્થળે બનેલ છે કે કેમ તે હકીકત ઘણીવાર બહાર આવે છે.

**સી–૨.૧** આ કામમાં ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી રામકૃષ્ણનાથ ગુરૂ અખંડાનંદ સાધુએ ગુનાવાળી જગ્યા બતાવેલી તેનું પંચનામુ પંચ પરબતભાઇ કાનાભાઇ અને પંચ કેશુભાઇ જેરામભાઇની હાજરીમાં અને તપાસ કરનાર અમલદાર એચ.એલ. ભાટુ ની રૂબરૂમાં કરવામાં આવેલ છે. આ કામમાં ઉપરોકત પરબતભાઈને સાહેદ નં. ૩ તરીકે આંક–૧૪૮ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧)મને પોલીસે છએક વર્ષ પહેલા ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે પંચમા બોલાવેલા ત્યારે મારી સાથે બીજા કોઈ કેશુભાઈ પટેલ કરીને હતાં. મને સવારના ૭ થી ૮ વાગ્યાના સમયમાં બોલાવેલા. મને પોલીસે સમજ કરી કે એક કાંઈક મર્ડર (ખુન) બાબતે જગ્યાનું પંચનામુ કરવાનુ જણાવેલુ. આ જગ્યા ત્યાં હાજર રામકૃષ્ણના ગુરુ અખંડાનંદ સાધુએ બતાવેલી. તે જગ્યા ઝાંઝરડા બાયપાસ ચોકડીએ રોડ ઉપર આવેલી. ત્યાં પટેલ ઓટોની એક દુકાન છે તેની સામે જગ્યા હાજર માણસે બતાવેલી. આ જગ્યાની આથમણી બાજુ જી.ઈ.બી.નું ટી.સી. આવેલુ છે. ત્યાંથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલી નથી. આ જગ્યા પાસે જે બાયપાસ રોડ નિકળે છે તે ધોરાજીથી વેરાવળ તરફ જુનાગઢ બાયપાસ રોડ આવેલો છે. આ પટેલ ઓટો કન્સલ્ટન્ટની બાજુમાંથી એક કાચો રસ્તો પ્લોટીંગ તરફ જાય છે. એક સાહેબ બીજા પણ હાજર હતા પણ યાદ નથી. મને માર્ક ૪૭/૪૪ નું પંચનામુ બતાવવામાં આવે છે તેમા પહેલા પંચ તરીકે મારી સહી છે બીજા પંચ કેશુભાઈની અને પોલીસની સહીઓ છે. આ જગ્યા અમો પંચો રુબરુ જોયેલી અને તે મુજબ પંચનામુ થયેલુ અને પંચનામુ થયા બાદ અમોને વાંચી સંભળાવેલુ. **માર્ક ૪૭/૪૪ વાળુ પંચનામુ રજુ દા.આંક ૧૪૯.''**

**સી–૨.૨** ઉપરોકત બાબતે આરોપી નં.૨, ૬ અને ૧૦ તરફે જે ઉલટ તપાસ થયેલ છે તે નીચે મુજબ છે.

**Sessions Judge**
**Junagadh**

''(૨) હું ખડીયા ગામે રહુ છુ અને ખેતીકામ કરુ છુ. અમે ઝાંઝરડા ચોકડીથી નીકળ્યા ત્યારે પોલીસવાળા સાહેબ અને બાપુ ઉભા હતા અને મને બોલાવેલ. હું ખડીયાથી ધોરાજી બાયપાસ જતો હતો. મારી પાસે ત્યારે મોટર સાઈકલ હતુ. સવારના સાત થી સવા સાત વાગ્યાનો સમય હતો. હું બાપુને ૧૦ થી ૧૨ વર્ષથી ઓળખુ છુ. ખડીયા મંદિરમાં આ બાપુ હતા તેની તેમને હું ઓળખુ છુ અને હું સેવક છુ. એ વાત ખરી છે કે, હુ જે જગ્યાએ ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે ગયેલો તે ટ્રાફીકની અવર–જવર વાળો રસ્તો છે અને ત્યાં ૨૪ કલાક આ રોડ ઉપર નાના–મોટા વાહનોની અવર–જવર ચાલુ હોય છે. મને એ વાતનો ખ્યાલ નથી કે, આજુબાજુની દુકાનો ખુલ્લી હતી કે બંધ હતી. એ વાત ખરી છે કે, પંચનામુ લખાયેલુ હતુ અને તેમાં મે સહી કરેલી.''

**સી–૨.૩** તેજ રીતે, આરોપી નં.૮, ૯ તરફે જે ઉલટ તપાસ થયેલ છે તે નીચે મુજબ છે.

''(૩) હું ખડીયા ગામે રહુ છુ અને ખેતીકામ કરુ છુ. અમે ઝાંઝરડા ચોકડીથી નીકળ્યા ત્યારે પોલીસવાળા સાહેબ અને બાપુ ઉભા હતા અને મને બોલાવેલ. હું ખડીયાથી ધોરાજી બાયપાસ જતો હતો. મારી પાસે ત્યારે મોટર સાઈકલ હતુ. સવારના સાત થી સવા સાત વાગ્યાનો સમય હતો. હું બાપુને ૧૦ થી ૧૨ વર્ષથી ઓળખુ છુ. ખડીયા મંદિરમાં આ બાપુ હતા તેની તેમને હું ઓળખુ છુ અને હું સેવક છુ. એ વાત ખરી છે કે, હુ જે જગ્યાએ ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે ગયેલો તે ટ્રાફીકની અવર–જવર વાળો રસ્તો છે અને ત્યાં ૨૪ કલાક આ રોડ ઉપર નાના–મોટા વાહનોની અવર–જવર ચાલુ હોય છે. મને એ વાતનો ખ્યાલ નથી કે, આજુબાજુની દુકાનો ખુલ્લી હતી કે બંધ હતી. એ વાત ખરી છે કે, પંચનામુ લખાયેલુ હતુ અને તેમાં મે સહી કરેલી.''

**સી–૨.૪** આમ, ઉપરોકત સરતપાસમાં જે હકીકત ઉપરોકત સાહેદે જણાવેલ છે કે, આ જગ્યા ફરીયાદીએ બતાવેલી અને આ જગ્યા ઝાંજરડા બાયપાસ ચોકડીના રોડ ઉપર આવેલી અને તેનું જે ખુંટ વર્ણન જણાવેલુ છે તેનું કોઈ ખંડન આરોપીઓ તરફે થયેલ નથી અને ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૪ મુજબ સાહેદોની સંખ્યા મહત્વની નથી પરંતુ જે પુરાવો રજુ થાય તે માટે ઘણા સાહેદો હોય પરંતુ તેમાંથી માત્ર



DISTRICT & SESSIONS COURT JUNAGADH · JUNAGADH DISTRICT

એક સાહેદને તપાસીને પણ કોઈ હકીકત સાબીત કરી શકાય છે અને તે સંજોગોમાં ઉપરોકત સાહેદના પુરાવાથી તે હકીકત સાબીત થાય છે કે, ઉપરોકત પંચનામામા જણાવેલ એટલે કે, આંક–૧૪૯ માં જણાવેલ જગ્યાનું પંચનામુ તપાસ એજન્સી દવારા કરવામાં આવેલ છે.

**(સી–૩) બનાવવાળી જગ્યાના નકશા અંગે:**

**સી–૩.૧** બનાવવાળી જગ્યાનો નકશો બનાવનાર સર્કલ ઓફીસર વૃજલાલભાઈ પરમારને પી.ડબલ્યુ.૩૯ તરીકે આંક–૩૩૭ થી તપાસેલા છે અને તેઓએ પેરા–ર માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૨) સ્થળ પર જઈને અમોએ બે પંચો પરબત કાના અને જીગ્નેશ મેરામણને હાજર રખાવી અને બનાવ વાળી જગ્યા બતાવવા માટે ફરીયાદી પણ હતા. સ્થાનીક જગ્યાના પંચનામાની વીગતે પંચોએ જગ્યાનુ નીરીક્ષણ કરી ફરીયાદી અને પંચો સાથે સ્થળ પર મે નકશો બનાવેલો જેમાં વીવરણ આપેલુ છે જેમાં સબ સ્ટેશનની નીશાની બતાવેલ છે અને બનાવ વાળી જગ્યા પણ બતાવેલ છે. બાયપાસ રોડ ની ચારેય દીશાઓ પણ બતાવેલ છે. તે મુજબ જુનાગઢ શહેર ઝાંઝરડા તરફનો રસ્તો પણ બતાવેલ છે તે મુજબનો નકશો સ્થળ પર કરેલો. ધોરાજી વેરાવળ તરફનો પણ બાયપાસ રોડ બતાવેલી. તે નકશો બનાવી તેમાં બન્ને પંચોએ મારી રુબરુ સહીઓ કરેલી અને મે સર્કલ ઓફીસર તરીકે સહી કરેલી. જે અસલ નકશો હુ લાવેલ છુ **જે રજુ દાઆંક–૩૩૮.**"

**સી–૩.૨** ઉપરોકત બાબતનુ ખંડન કરવા માટે ઉલટ તપાસ જે કરેલી છે તેના પેરા–૩ અને ૪ માં નીચે મુજબની વિગત આવે છે.

''(૩) મેં મામલતદાર સાહેબની મૌખીક સુચના બાદ નકશો બનાવવા માટે હું આ કામના સરકારી વકીલ સાહેબને મળેલો અને તેઓ પાસેથી બનાવ વાળી જગ્યાનું પંચનામુ મેળવેલુ અને તે પંચનામાનો મે અભ્યાસ કરેલો. આ પંચનામું તા. ૨૨/૧૨/૧૨ના રોજનુ તૈયાર કરવામાં આવેલુ. હું મને આદેશ મળતા તા. ૧૫/૧૧/૨૦૨૧ના રોજ નકશો બનાવવા માટે ગયેલો. હું નકશો બનાવવા ગયો ત્યારે પંચનામાને આશરે નવ વર્ષ જેટલો સમય થયેલ હોય જેથી મેં પંચનામાની વીગતે નકશો બનાવેલો. મે બનાવેલ નકશામાં ફરીયાદી મને જગ્યા બતાવેલ હોય તેના સમર્થનમાં અને ફરીયાદીની હાજરી બાબતે નકશામાં ફરીયાદીની સહી લેવામાં આવેલ નહી.

(૪) મને મળેલા પંચનામામાં પંચ સાહેદોના મોબાઈલ નંબર હોવાથી મે તેઓને ફોન કરીને બોલાવેલા. નકશો બનાવતી વખતે તપાસ કરનાર અમલદારને સાથે રાખેલ તેવુ બનેલ નહી. એ વાત ખરી નથી કે મેં બનાવના નવ વર્ષ બાદ બનાવ વાળી જગ્યાનો નકશો બનાવવા મને મામલતદારશ્રીના આદેશથી નકશો બનાવેલ જેથી બનાવ વાળી જગ્યાની વાસ્તવીક સ્થીતી તેમાં દર્શાવી શકાયેલ નથી.''

**સી–૩.૩** આમ, પંચનામુ બનાવવાળી જગ્યાનુ મેળવેલુ તે હકીકત સ્વીકારેલી છે પરંતુ પોલીસે કરેલ પંચનામુ મેળવાથી કે તેનો અભ્યાસ કરવાથી આ સાહેદે સ્થળ ઉપર જઈને નકશો બનાવેલ નથી તે હકીકતનુ ખંડન થતુ નથી અને તે સંજોગોમાં આ સાહેદે જણાવ્યા મુજબ આંક–૩૩૮ મુજબ નો બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે સાબિત થાય છે.

**(સી–૪) ઈન્કવેસ્ટ પંચનામા અંગે :**

**સી–૪.૧** તપાસ એજન્સીએ ઈન્કવેસ્ટ પંચનામુ પંચ જીતેન્દ્રભાઈ હમીરભાઈ અને મહેશભાઈ રામભાઈની હાજરીમાં અને પોલીસ બસ ઈન્સ્પેકટર એચ.એલ.ભાટુ તથા એકિઝ. મેજી. કે.બી.સાંગાણીની રૂબરૂમાં કરવામાં આવેલ છે.

**સી–૪.૨** ઉપરોકત જીતેન્દ્રભાઈને આંક–૧૪૩ થી પી.ડબલ્યુ.૧ તરીકે તપાસેલા છે અને તેઓએ સરતપાસના પેરા–૧ થી ૪ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧) મને પોલીસે તા.૨૧–૧૨–૨૦૧૨ ના રોજ જુનાગઢ સીવીલ હોસ્પીટલના પી.એમ. રુમમાં પંચમા બોલાવેલા. મારી સાથે ત્યારે બીજા પંચ મહેશભાઈ દીવરાણીયા હતા. અમોને પંચમા સાંજના ૭–૧૫ કલાકે બોલાવેલા. ત્યાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને પોલીસ હાજર હતી. ત્યાં રામાનંદ બાપુ ગુરુ અખાડાનં દદાસ બાપુનુ મૃત્યુ થયેલ હોય તેની લાશનું પંચનામુ કરવાનું પોલીસે સમજ કરેલી.

(૨) લાશ પી.એમ. રુમમાં એક ટેબલ ઉપર ચત્તી હાલતમાં હતી. લાશના હાથપગ સીધા હતાં લાશની આંખના જમણી બાજુના કપાળ ઉપર વાગેલુ હતુ. લાશના માથા ઉપર મોટા વાળ હતા, દાઢી લાં

બી હતી ભગવા કપડા કુર્તિ અને ધોતી પહેરેલા હતાં બંને હાથ પૈકી એક હાથમાં રુદ્રાક્ષની માળા હતી અને એક હાથમાં દોરી બાંધેલી હતી. લાશના જમણી બાજુના ઉપરના ભાગે ગોળાઈ આકારનો ઉંડો ઘા હતો અને પુષ્કળ લાશમાંથી લોહી નીકળેલુ હતુ. બાપુની લાશનુ શરીરસ્થીતી જોતા લાશ ઠંડી હતી અને એકદમ લોહી નીકળેલ હોવાથી લોહીવાળી હતી બીજી કોઈ ઈજાના નિશાન જોવામાં આવેલા ન હતાં. આ લાશ મરનારના ગુરુભાઈ ખડીયાવાળા રામકૃષ્ણએ તેના ગુરુભાઈ રામાનંદ ગુરુ અખંડાનંદ સાધુ ખેતલીયાદાદાના ઝાંઝરડા મંદિરવાળા બાપુની આશરે ત્રીસેક વર્ષની ઉંમરની ઓળખી બતાવેલ.

(૩) આ લાશના મૃત્યુનુ કારણ લાશ જોતા ઉપરની ઈજાના કારણે થયેલ હોય તેવુ લાગેલુ પરંતુ ચોકકસ મરણનુ કારણ જાણવા માટે પોલીસે લાશ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ લાશ કબજે લીધેલી.

(૪) આ લાશનુ પંચનામુ પુરુ થતાં પંચનામા ઉપર મેં પંચ તરીકે તથા બીજા પંચ મહેશભાઈએ અને પોલીસે અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબે સહીઓ કરેલી. આ પંચનામુ અમો પંચો અને મેજીસ્ટ્રેટ સાહેબ રુબરુ થયેલુ. જે પંચનામુ માર્ક ૪૭/૭ મને બતાવવામાં આવે છે જેમા મારી બીજા પંચની પોલીસની અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ **જે રજુ દા.આંક ૧૪૪."**

**સી–૪.૩** આમ, ઉપરોકત સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, રામાનંદ ગુરૂ એટલે કે, મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ થયેલ છે, જે લાશ ફરીયાદીએ ઓળખી બતાવેલ છે.

**સી–૪.૪** ઉપરોકત પંચનામા અંગે આરોપી નં. ૧, ૪ તથા ૫ ના તરફે નીચે મુજબની ઉલટ તપાસ કરેલ છે.

''(૫) હું મોતીબાગ, જુનાગઢ મુકામે પ્રાઈવેટ ટયુશન કલાસીઝ ચલાવુ છુ. હું અને ગુજરનાર બાપુ શિક્ષણ સંસ્થામાં ભાગીદાર હતાં. મને આ બનાવની જાણ મીડીયા મારફત થતાં હુ હોસ્પીટલ મારી રીતે પહોંચેલ અને ત્યાંથી મને બોલાવેલો. મને એક પોલીસવાળા આવેલ અને મને બોલાવી ગયેલ. એ વાત ખરી છે કે, હું પંચનામુ પોલીસને લખાવતો હોઉ અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, પોલીસ મને બતાવતી હતી અમો જોતા હતા અને લખતા હતાં.''

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT JUNAGADH सत्यमेव जयते JUNAGADH DISTRICT

**સી–૪.૫** આરોપી નં.૨, ૬ અ ને ૧૦ તરફે નીચે મુજબની ઉલટ તપાસ કરેલ છે.

''(૬) હું વંથલી રોડ ઉપર દિપાંજલી સોસાયટીમાં રહુ છુ. હું ભણાવતો હતો એટલે કે ટીચીંગ કરાવતો હતો ત્યારે મારા બાજુવાળા મીત્ર હિતેષભાઈ દરજીએ કે જેની મને અટક આવડતી નથી તેને દરજીની દુકાન છે તેમાં ટીવી હતુ તેણે મને બોલાવેલો. આ ટીવી મીડીયામાં આશરે પોણા પાંચ જેટલો સમય થયેલો. એ વાત ખરી છે કે, હુ સીધો બનાવના સ્થળ ઉપર ગયેલો નહી. પંચનામુ મે જે તે વખતે વાંચેલુ ત્યારબાદ મેં વાં ચેલુ નહી. પંચનામુ મે સીવીલ હોસ્પીટલમાં વાંચેલુ. અઢીસો થી ત્રણ સો માણસો ત્યાં હતાં. પંચનામુ પોસ્ટમોર્ટમ રુમમાં થયેલુ. તે વખતે પોસ્ટમોર્ટમ રુમમાં ૩ થી ૪ વ્યકિતઓ ત્યાં હાજર હતાં. પોસ્ટમોર્ટમ રુમ બંધ હતો અને તે સમયે ડોકટર ત્યાં હાજર હતાં. હું ગુજરનારના આશ્રમે જતો–આવતો હતો. હું સને ૨૦૦૮ થી આશ્રમે જતો–આવતો હતો. ટી.વી./મીડીયામાંથી સમાચાર જાણ્યા પછી હું પંદરથી સતર મીનીટે હું પહોંચેલો. અમે પહેલા કલાક થી બે કલાક ઉભા રહેલા પછી પોલીસવાળાએ સવા સાત વાગ્યે બોલાવેલા. પોલીસાવાળાએ બોલાવીને કહેલ કે પંચનામામાં સહી કરવાની છે. એ વાત ખરી છે કે, પોલીસવાળાએ મને બોલાવેલા ત્યારે ત્યાં ૨૫૦ થી ૩૦૦ જેટલા માણસો હતાં. એ વાત ખરી છે કે, જેટલા જેટલા બાપુની નજીક હતા તેઓ પોલીસવાળા સાથે ત્યાં વાતચીત કરતા હતાં.''

**સી–૪.૬** આરોપી નં.૮, ૯ તરફે નીચે મુજબની ઉલટ તપાસ થયેલી છે.

''(૭) સમર્થ ઈન્ટરનેશનલ સ્કુલમાં હું અને રામાનંદ બાપુ ભાગીદાર હતાં. સને–૨૦૧૧ થી અમો ભાગીદાર હતાં. હું બાપુને સને–૨૦૦૮ થી ઓળખતો હતો. સમર્થ સ્કુલ મે અને ગુજરનાર રામનંદ બાપુએ ઉભી કરેલી. સમર્થ ઈન્ટરનેશનલ સ્કુલની જગ્યા અમારી ભાગીદારી પેઢીની હતી. એ વાત ખરી છે કે, હું અને ગુજરનાર રામાનંદ બાપુ ભાગીદાર હોવાના નાતે અવાર–નવાર એકબીજાને મળતાં. એ વાત ખરી છે કે, અમારી શાળાના વહિવટ વગેરેના નિર્ણય માટે રામાનંદ બાપુ સંમત થાય તે સાથે મારી સંમતી હોય તો નિર્ણય લેવામાં આવતો. હું પંચમા રહયો ત્યારે મારા ખાનગી ટયુશન કલાસીઝ ચલાવતો હતો. આ કલાસીસમાં છોકરા અને છોકરીઓ ભેગા આવતા હતાં. તે ૧૧–૧૨ ધોરણના સાયન્સના સ્ટુડન્ટસ આવતા હતાં. મેં સને–૨૦૦૧ થી ૨૦૧૫ સુધી ટયુશન કલાસીઝ ચલાવેલા હતાં. હું પંચમા રહયો તે દિવસેઆવેલો ત્યારે મારી પાસે મોબાઈલ હતો પરંતુ મે તે મોબાઈલમાંથી હુ હોસ્પીટલ પહોચ્યો ત્યાં સુધી

કોઈની સાથે મે વાત કરેલી નથી. હું પંચનામા માટે પોસ્ટમોર્ટમ રુમમાં ગયો ત્યારે મારી જ્ઞાતિ સિવાયના કોઈ માણસો સાથે મારે વાતચીત થયેલી હોય તેવુ બનેલુ નથી. હું ગુજરનાર સાથે ભાગીદાર હોવાના નાતે અમારી જ્ઞાતિના ઘણા માણસો સીવીલ હોસ્પીટલ જુનાગઢમાં ભેગા થઈ ગયેલા હતાં. અમારી જ્ઞાતિ સિવાયના અન્ય જ્ઞાતિના કોઈ માણસોને હું મળ્યો હોઉ તેવુ સિવીલ હોસ્પીટલ પંચમા રહયો ત્યારે બનેલ નહી. મે પંચનામાની કાર્યવાહી દરમીયાન પોસ્ટમોર્ટમ રુમમાં લાઈટ ચાલુ છે તેવી વિગત લખાવેલી નથી. સાહેદ જણાવે છે કે લાઈટ ચાલુ હતી. મને યાદ નથી કે, પંચનામામાં કે જેમાં મે સહી કરેલી તેમાં પોસ્ટમોર્ટમ રુમમાં લાઈટ ચાલુ છે તેવી વિગત લખેલી હતી કે કેમ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પંચનામુ ૬ વર્ષ પહેલા વાંચેલુ. પંચનામુ કેટલા વાગે લખવાનુ શરુ થયુ તે સમયની મને ખબર છે અને મને યાદ છે. પંચનામા વખતે હાજર પોલીસ અધિકારી સાથે મારે વાતચીત થયેલી અને તેઓએ તેનુ નામઠામ જણાવેલુ અને મારુ નામઠામ પણ તેઓએ પુછેલુ. એ વાત ખરી છે કે, ગુજરનાર મહંતને હું પંચ તરીકે રહેલ તે પહેલા કેટલા સમયથી ઓળખુ છુ તે પણ કહેલુ. એ વાત ખરી છે કે, મેં પોલીસને ગુજરનાર મહંતને હું શા માટે ઓળખુ છુ તે પણ કહેલુ. એ વાત ખરી છે કે, આ વાત થયા પછી મારી પોલીસે પંચનામામાં સહી લીધેલી હતી."

**સી–૪.૭** આમ, સરતપાસમાં જે હકીકત જણાવેલી છે કે, ગુજરનારનું ઈન્કવેસ્ટ પંચનામુ આ પંચની હાજરીમાં થયેલ છે તે હકીકતનું કોઈ ખંડન ઉપરોકત ઉલટ તપાસમાં થયેલ નથી અને તે સંજોગોમાં ગુજરનાર રામાનંદબાપુનું ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૧૪૪ ના પંચનામા મુજબ થયેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(સી–૫) કાર નં. જી.જે.૧૧ એબી ૨૦૦૮ જેમાં ગુજરનાર હતા તે કારના પંચનામા અંગે :**

**સી–૫.૧** ઉપરોકત કારનું પંચનામુ પંચ અતુલભાઈ દામજીભાઈ અને સંજયભાઈ પુનાભાઈની હાજરીમાં અને ત.ક.અ. ભાટુએ કરેલ છે અને ઉપરોકત

અતુલકુમારને પી.ડબલ્યુ.૨ તરીકે આંક–૧૪૫ થી તપાસેલા છે તેઓએ તેની સરતપાસના પેરા–૧ અને ૨ માં નીચે મુજબની હકીકત જણવોલી છે.

''(૧) મને પોલીસે તા.૨૧–૧૨–૧૨ ના સવા નવ વાગ્યાની આસપાસ જુનાગઢ સરકારી દવાખાનામાં પી.એમ. રુમની સામે બોલાવેલા ત્યારે મારી સાથે બીજા પંચ સંજયભાઈ પુનાભાઈ ધોરાજીયા હતાં. ગુજ. રામાનંદ બાપુ જે કારમાં મરણ પામેલા હતા તે કારનું પંચનામુ કરવાનુ પોલીસે જણાવેલુ.

(૨) તે કાર પોસ્ટમોર્ટમ રુમની આગળ હતી. જે કાર રામકૃષ્ણના ગુરુ અખાડાનંદ સાધુએ બતાવેલી. જે કાર અમે જોયેલી. તે કાર રામાનંદ બાપુની હતી. તે કાર સફેદ કલરની વોકસ વેગનની વેન્ટો કાર નંબર જીજે–૧૧–એબી–૨૦૦૮ નંબર વાળી હતી. આ કારની સ્ટીયરીંગ વ્હીલ બાજુની આગળના કાચ ઉપર એક કાણુ હતુ અને તુટી ગયેલો તીરાડ વાળો આજુબાજુની ચાર ઈંચની ઘેરાવામાં કાચમાં તીરાડો હતી. આ કારના અંદર જોતા ડ્રાઈવર સાઈડની નીચે અને આજુબાજુમાં લોહીવાળુ હતુ અને કારની પાછલી સીટમાં પણ લોહીના છાંટાઓ ઉડેલા હતાં. આ કાણાવાળા કાચના ભાગ ઉપર સફેદ કવર રાખી, ટેપથી પેક કરેલુ. ત્યાં એફ.એસ.એલ.ના હાજર સાહેબે આ હોલમાંથી કોઈ પદાર્થ કે કોઈ વસ્તુ મળી આવે તે માટે તેમના કહેવાથી કરેલુ. જે એફ.એસ.એલ.વાળા સાહેબ બાપોદરા સાહેબ હતાં. આ કારને અમે બતાવતા ગયા અને પોલીસ લખતી ગયેલી. અને પાંચ લાખ કિંમત ગણી પોલીસે કાર કબજે લીધેલી. કાર ઉપર કબજે લીધી ત્યારે કાપલી ઉપર મારી તથા બીજા પંચ સંજયભાઈની સહીવાળી કાપલી લગાવેલી. આ પંચનામુ અમો બંને પંચોની હાજરીમાં થયેલુ. આ પંચનામુ અમોને લખ્યા પછી વંચાવેલુ અને વાંચવા પણ આપેલુ. મને માર્ક ૪૭/૪૩ નું પંચનામુ બતાવવામાં આવે છે જેમા પ્રથમ મારી સહી છે અને બીજી સંજયભાઈની સહી છે અને પોલીસની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ **જે રજુ દા.આંક ૧૪૬."**

**સી–પ.૨** ઉપરોકત પંચનામા અંગે આરોપી નં. ૧, ૪ તથા ૫ ના તરફે નીચે મુજબની ઉલટ તપાસ કરેલ છે.

''(૩) હું ખડીયા મુકામે મહાકાળી ધામ આશ્રમમાં રહુ છુ અને સેવાપુજા કરુ છુ. એ વાત ખરી છે કે, ગુજરનાર બાપુ રામાનંદ બાપુ સાથે મારા ગુરુ રામકૃષ્ણનંદ બંને ગુરુભાઈઓ હતા અને બંનેને સારા સંબંધો હતાં. એ વાત ખરી છે કે, મારે પણ રામકૃષ્ણનંદ સાથે સારા સંબંધ હતાં. બનાવની જાણ મને મીડીયાથી

થયેલી. બનાવની જાણ મને પાંચ વાગ્યાની આસપાસ થયેલી. બનાવની જાણ થયા બાદ હું ૬ વાગ્યે હોસ્પીટલે પહોંચેલો. હોસ્પીટલે ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા હતાં. કોણ પોલીસવાળા મને બોલાવવા માટે આવેલ તે મને ખબર નથી. સાહેદ જણાવે છે કે, ૪ થી ૫ પોલીસવાળા હતાં. એ વાત ખરી છે કે, હું પોલીસને પંચનામુ લખાવતો હોઉ અને પોલીસ લખતી હોય તેવુ બનેલુ નથી.''

**સી–૫.૩** ઉપરોકત પંચનામા અંગે આરોપી નં. ૨, ૬ તથા ૧૦ ના તરફે નીચે મુજબની ઉલટ તપાસ કરેલ છે.

''(૪) મેં જે મોટર જોયેલી તે પોસ્ટમોર્ટમ રુમની આગળ જોયેલી. એ વાત ખરી છે કે, આ મોટર પોલીસે મને હોસ્પીટલમાં કેવી રીતે આવેલી તે કહેલુ નહી. મારા આશ્રમમાં ટી.વી. છે તેમાં મીડીયામાં જોયેલુ. મારી પાસે પોતાનુ મોટર સાઈકલ છે. હું ૬ વાગ્યે હોસ્પીટલે પહોચેલો. હું હોસ્પીટલે પહોંચીને સૌપ્રથમ મારા ગુરૂ રામકૃષ્ણાનંદને મળેલો. હું ઓળખુ છુ તેવા રામાનંદ બાપુના બે–ચાર જણા સમર્થક હાજર હતાં અને પબ્લીકનું ૧૦૦ થી ૧૫૦ જેટલા માણસો હાજર હતાં. આજરોજ કોર્ટમાં અમારા સંપ્રદાય સાથે જોડાયેલા કોઈ માણસો હાજર નથી. ગુજરનાર પાસે એક મોટરકાર હતી અને એક મોટર સાઈકલ હતુ. ગુજરનાર સાથે હુ છેલ્લા પાંચ વર્ષથી સંપર્કમાં હતો. મારી પાસે મોબાઈલ છે અને મોબાઈલ જે તે વખતે પણ હતો. મારા મોબાઈલ ફોન ઉપર બનાવ સંબંધી કોઈનો ફોન આવેલો નહી. એ વાત ખરી નથી કે, મારા ગુરુએ અમોને ભેગા કરીને પંચમા રહેવા કહેલ. સાહેદ જણાવે છે કે, પોલીસે મને કહેલ. એ વાત ખરી નથી કે, જે કાર મે જોયેલી તે ડ્રાઈવીંગ થઈ શકે તેવી સ્થીતીમાં ન હતી. ડ્રાઈવીંગ સીટનો કાચ તુટેલો હતો. કાચના કોઈ કટકા સીટ ઉપર પડેલા જોયેલા નહી. એ વાત ખરી છે કે, આ કાર હોસ્પીટલમાં કેવી રીતે આવી તે મને ખબર નથી.''

**સી–૫.૪** ઉપરોકત પંચનામા અંગે આરોપી નં. ૮ તથા ૯ ના તરફે નીચે મુજબની ઉલટ તપાસ કરેલ છે.

''(૫) હું પંચમા રહેલો તે પહેલાના પાંચેક વર્ષથી મહકાળીધામ આશ્રમમાં રહેતો હતો અને હું તે આશ્રમમાં સેવાપુજાનુ કામ કરતો હતો અને તે આશ્રમના મહંત શ્રી રામકૃષ્ણદાસજી છે અને હાલ પણ તેઓ મહંત તરીકે આશ્રમમાં રહે છે. એ વાત ખરી છે કે, મારા ગુરુ રામકૃષ્ણદાસજી સમર્થ સ્કુલમાં ભાગીદાર છે.

એ વાત ખરી છે કે, ગુજરનાર રામાનંદજી પણ સમર્થ સ્કુલમાં ભાગીદાર હતાં. હું પંચમા રહયો તે તારીખે સાંજના પાંચ થી સવા પાંચ વાગ્યાના અરસ્સામાં ખડીયાથી જુનાગઢ આવવા માટે નિકળેલો. હું હોસ્પીટલમાં પહોચ્યો ત્યારે પોલીસના માણસો હોસ્પીટલમાં હાજર હતાં. હું હોસ્પીટલમાં સાંજે પોણા છ વાગ્યે પહોચ્યા પછી પંચમા રહયો ત્યાં સુધી જુનાગઢ હોસ્પીટલમાં હતો. એ સમય દરમીયાનમાં હું કયાંય ગયેલો નહી. એ વાત ખરી છે કે, મારા ગુરુ રામકૃષ્ણદાસજી મને જુનાગઢ હોસ્પીટલમાં મળેલા. મને રામકૃષ્ણદાસજી મળ્યા ત્યારે પોલીસના માણસો તેની સાથે હતા નહી. મારા ગુરુ પાસે કાર ચલાવવા માટેનુ લાયસન્સ છે. અમોએ હોસ્પીટલની અંદરથી કાર પંચનામા દરમીયાન જોય ત્યારે કોઈ ચપ્પલ મળી આવેલા હોય તેવુ બનેલુ નથી. પંચનામા વાળી કારના કાચ ઉપર જે કવર લગાવવામાં આવેલુ તે લગાવતા પહેલા પંચનામા વાળી કારના કોઈ ફોટોગ્રાફસ લેવામાં આવેલા નથી. મે પંચનામામાં સહી કરી ત્યાં સુધી પણ કારના કોઈ ફોટોગ્રાફસ લેવામાં આવેલા હોય તેવુ બનેલુ નહી. કારના કાચના તુટેલા ભાગ ઉપર પ્લાસ્ટીક સેલોટેપ ચોટાડવામાં આવેલી. તે ભાગ ઉપર મારી સહીવાળી પટ્ટી ચોટાડવામાં આવેલ. સેલોટેપ ચોટાડવાની કાર્યવાહી થઈ તે પહેલા જે ગાડીનુ પંચનામુ કરવામાં આવ્યુ તે હુ હોસ્પીટલે પહોચ્યો એટલે કે સાંજના પોણા છ વાગ્યે પહોચ્યો ત્યારે જુનાગઢ હોસ્પીટલમાં પડેલી હતી. એ વાત ખરી છે કે, પંચનામાની કાર્યવાહી દરમીયાન તે કાર (ગાડી)ના માલીક કોણ છે તે અંગેના કોઈ દસ્તાવેજ કે કાગળો કારની અંદરથી મળેલા નહી. એ વાત ખરી છે કે, પંચનામાની કાર્યવાહી દરમીયાન કોઈ વ્યકિતએ કાગળો કે કારની માલીકી અંગે દસ્તાવેજો રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે પંચનામાની કાર્યવાહી દરમીયાન પંચનામા વાળી કારની ચાવી કબજે કરવામાં આવેલી નથી. પંચનામાવાળી કારમાં કોઈ ફીંગર પ્રીન્ટના નમુના લેવામાં આવેલ હોય કે અમો પંચોએ તેવા નમુના લેવા માટે કહેલ હોય તેવુ બનેલુ નથી. હું સંજયભાઈ પુનાભાઈ નામના માણસને ઓળખુ છુ તેઓ ઝાંઝરડા ગામના રહેવાસી છે હુ તે વ્યકિતને મારા કાળીધામ આશ્રમ તથા ગુજરનારના આશ્રમને કારણે ઓળખુ છુ. તેઓ પણ ગુજરનાર બાપુના સેવક હતાં. સંજયભાઈ મારી જ્ઞાતિના હતાં. હું જુનાગઢ હોસ્પીટલમાં પહોચ્યો ત્યારે મારી સાથેના સંજયભાઈ પુનાભાઈ હોસ્પીટલમાં આવી ગયેલા હતાં. અમો પંચમા રહયા પહેલાના પાંચ વર્ષથી હું મારી સાથેના પંચ સંજયભાઈને હું ઓળખતો હતો. મને એ જાણ નથી કે, પંચનામાની કાર્યવાહી દરમીયાન હાજર એફ.એસ.એલ. અધિકારીશ્રી બાપોદરા પાસે કોઈ બેટરી કે લાઈટ હતી કે કેમ. પંચનામાની કાર્યવાહી દરમીયાન ગાડીની અંદરની લાઈટ ચાલુ કરેલી નહી. પંચનામાવાળી કારના ટાયરની ડીઝાઈન (નકશી) કે તે ટાયર કઈ કંપનીના છે તે અંગેની કોઈ મે કે મારી સાથેના પંચે ચકાસણી કરેલ હોય કે પં

ચનામામાં લખાવેલુ હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી છે કે, હુ હોસ્પીટલમાં પહોચ્યા પછી આશરે સાડા ત્રણ કલાક પછી મને પંચમા રહેવા બોલાવવામાં આવેલ. એ વાત ખરી નથી કે, મારા ગુરૂજી રામકૃષ્ણાનંદ ગુરૂ અખંડાનંદના કહેવાથી મે આંક ૧૪૬ ના પંચનામામાં સહી કરેલી છે. એ વાત ખરી નથી કે, મારી સાથેના પંચ પણ બાપુના સેવક હોવાના કારણે અને કાળીધામ આશ્રમ સાથે જોડાયેલા હોવાના કારણે તેમણે પણ મારા ગુરૂશ્રીના કહેવાથી આંક ૧૪૬ માં સહી કરી આપેલી છે. એ વાત ખરી નથી કે, પંચનામામાં લખેલી વિગત મુજબનુ પંચનામુ કે તેમા લખેલી કારની ચકાસણી મારી હાજરીમાં કે એફ.એસ.એલ.અધિકારીશ્રી બાપોદરાની હાજરીમાં ખરેખર થયેલી નથી. એ વાત ખરી નથી કે, પંચનામામાં જણાવેલા સમયે જુનાગઢ સીવીલ હોસ્પીટલના પોસ્ટમોર્ટમ રૂમ પાસે પંચનામામાં જણાવેલા નંબર વાળી કાર પડેલી હોય કે મે જોયેલી હોય તેવુ બનેલુ નથી.''

**સી—૫.૫** ઉપરોકત ઉલટ તપાસમાં આ સાહેદને ફરીયાદી સાથે સબંધ હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે પરંતુ તેનાથી ઉપરોકત કારનું પંચનામુ જે પંચનામામા સ્થીતી છે તે મુજબ કરવામાં આવેલ હતુ તે હકીકતનું ખંડન પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે આરોપી પક્ષ કરી શકેલ નથી અને કોઈ વ્યકિતનો ફરીયાદી સાથે કે ભોગ બનનાર સાથે સબંધ હોય તેનાથી માત્ર આવુ પંચનામુ થયેલ નથી તેવી હકીકત સાબીત ન થાય પરંતુ આ ઉપરોકત તમામ સંજોગોમાં ઉપરોકત કારનું પંચનામુ આંક—૧૪૬ મુજબ કરવામાં આવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(સી—૬) આરોપી હારૂન આમદભાઈને અટક કર્યાના પંચનામા અંગે :**

**સી—૬.૧** ઉપરોકત પંચનામુ પંચ કમલેશભાઈ મોહનભાઈ વાઢેર અને રમેશભાઈ કાનજીભાઈ ચૌહાણની હાજરીમાં કરવામાં આવેલ છે તે પૈકી

પંચ કમલેશભાઇને પી.ડબલ્યુ.૯ તરીકે આંક–૧૬૩ થી તપાસેલા છે અને તેઓએ તેની સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન કરેલ નથી અને પંચનામુ કરનાર પોલીસ અધિકારી આર.જે.ચૌધરીને આ કામમાં તપાસેલ નથી.

**(સી–૭) આરોપી યુસુફ ઉર્ફે ઈશો જુમા તથા આરોપી હાજી જુમા ડફેર ની અટકનું તથા મો.સા. નં.જી.જે.૧ બી.એન. ૫૨૫ કબજે કર્યા અંગેના પંચનામા અંગે :**

**સી–૭.૧** ઉપરોકત પંચ દિનેશભાઈ માંડણભાઈને પી. ડબલ્યુ. ૮ તરીકે આંક–૧૬૦ થી તપાસેલા છે અને ઉપરોકત પંચે પેરા–૧ માં નીચે મુજબની હકીકત જણવોલી છે.

''(૧) મને છએક વર્ષ પહેલા ક્રાઈમ બ્રાંચ જુનાગઢે પંચમાં બોલાવેલો. મને ત્રણેક વાગ્યાની આસપાસ બોલાવેલો. બીજા પંચ લાલજીભાઈ આહીર કરીને હતા. બે આરોપીની બાતમી મળેલ છે એટલે લેવા જવાના છે એટલે ભેગા ચાલો. તે બાબતનું પહેલા ભાગનું લખાણ પો.સ્ટે. કરેલું. મને માર્ક ૪૭/૪૯ બતાવવામાં આવે છે તેમાં પહેલી મારી સહી છે અને બીજા પંચ લાલજીભાઈ આહીરની સહી છે જે ઓળખી બતાવું છું. અમે ક્રાઈમ બ્રાંચેથી હું બીજો પંચ બે ત્રણ સાહેબો પોલીસની ગાડીમાં બેસીને ઝાંઝરડા ચોકડીએ થઈ ધંધુસરના વોકળા પાસે આવેલા. વોકળા પાસે અમો બધા પંચો સાહેબો નીચે ઉતરેલા વોકડામાં જોયું તો બે આરોપી બાઈક (મોટર સાયકલ) માં ભાગવા જતા જે બન્નેને પોલીસે પકડી લીધેલા. બાઈક યામાહા કંપનીનું હતું નંબર યાદ નથી. સાહેબે બે ઈશમોના નામઠામ પુછતા એકનું નામ ઈશાભાઈ જુમાભાઈ અને બીજા ભાઈ હાજીભાઈ જુમાભાઈ હોવાનું જણાવેલ. મોટર સાયકલ કબજે લીધેલ. આરોપીઓ પાસેથી કાંઈ કબજે લીધેલ નથી. આ બન્ને આરોપીઓને હું આજે ન ઓળખી શકું પણ પંચનામા વખતે હતા નહીં. આ બન્ને આરોપીઓને પોલીસે અટક કરેલા જે અંગેનું પંચનામું ધંધુસરના વોકળા

પાસે અમો પંચોની હાજરીમાં કરેલું. વોકડા પાસે અમો આશરે ચારેક વાગ્યે પહોંચેલા અને ત્યાં ૧૫ થી ૨૦ પંચનામાની વિગતે લખાણ અંગે રોકાયેલા ત્યાં વોકળા આગળ પહેલા પંચ તરીકે મારી સહી છે અને બીજા પંચ લાલજીભાઈની સહી છે જે ઓળખી બતાવું છું જે માર્ક ૪૭/૪૯ રજુ જે **દા.આ.–૧૬૧**.''

**સી–૭.૨** આરોપીઓ તરફે ઉલટ તપાસ નીચે મુજબ કરવામાં આવેલ છે.

''**<u>ઉલટતપાસ : આરોપી નં. ૫ તરફે વિ.વ.શ્રી ડી.એ.યાદવ :–</u>**

(૨) આજરોજ અગાઉ આરોપીની સગવડતા મુજબ અને તેનોની માંગણી મુજબ મંગળવારની તારીખ નાખેલ છે. અગાઉ પણ નિયમીત સમયસર સાક્ષીની ઉલટ તપાસ કરવા અત્રેની અદાલતે તાકીદ કરેલ છે તેમ છતાં આરોપીના વિ.વ.શ્રી ડી.એ.યાદવ હાજર નથી અને તેઓ આ સમયે વંથલી કોર્ટ ખાતે હાજર છે. આ કામના બન્ને સાહેદ સવારે ૧૧ થી હાજર છે અને એક વાગ્યા સુધી પુરતી તક અને સમય આપવા છતાં બચાવપક્ષે ઉલટ તપાસ કરવા કોઈ અસરકારક કામગીરી કરેલ નથી. આ અદાલત ધ્વારા વારંવાર આરોપી નં.૫ મારફતે તેઓને વકીલશ્રી કે અન્ય સહયોગી વકીલશ્રી હાજર થઈ જાય તે માટે જરુરી કામગીરી હાથ ધરતા એક વાગ્યે શ્રી ડી.એ.યાદવ વતી વારંવારની ઉઘરાણી બાદ મુદત અરજી રજુ કરવામાં આવેલ છે જે આ અદાલતે વિગતે કારણો આપી રદ કરેલ છે. આ પરીસ્થિતીમા આરોપી નં.પનાને આ પંચ સાહેદની તેઓ જાતે ઉલટ તપાસ કરવા માંગે છે કે કેમ તે પુછતાં તેઓ ઉલટ તપાસ કરવા માંગતા નથી તેવું જણાવે છે કે, આ સંજોગોમાં આ આરોપી તરફે કોઈ ઉલટ તપાસ નથી.

**<u>ઉલટતપાસ : આરોપી નં. ૨ તથા ૬ અને ૧૦ તરફે વિ.વ.શ્રી આર.ડી.ઠાકર વતી પ્રોક્ષી વ.શ્રી બી.કે. સાંધ :–</u>**

(૩) ઉલટ તપાસ નથી.

**<u>ઉલટતપાસ : આરોપી નં.૪ તરફે વિ.વ.શ્રી જે.આર.જોષી :–</u>**

(૪) આજે હું દિનેશભાઈની સાથે આવેલો. એ વાત ખરી નથી કે, પોલીસે તૈયાર કરેલા પંચનામામાં સહી કરવાનું કહેતા મે સહી કરેલી. હાલ મને યાદ નથી કે, પોલીસે કેટલી સહી કરાવેલી પણ લગભગ બે સહી કરેલી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ વાંધા જનક મુદામાલ પોલીસે કબજે કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મોટર સાયકલ જે મારી રુબરુ કબજે લીધેલ તેના નંબર કે સીરીજ યાદ નથી કે તેનો માલીક કોણ હતો તે પણ મને ખબર નથી.

<u>ઉલટતપાસ : આરોપી નં. ૮ તથા ૯ તરફે વિ.વ.શ્રી આર.કે.બુચ</u> :–

(૫) હું ક્રાઈમ બ્રાંચે ઓફીસેથી નીકળેલો અને સાહેબે મને બોલાવેલો. કયા પોલીસવાળા હતા તેનું નામઠામ મને યાદ નથી. ક્રાઈમ બ્રાંચે હું દશ પંદર મીનીટ રોકાયેલા પછી અમે નીકળેલા. એ વાત ખરી છે કે, આંક–૧૬૧ વાળુ પંચનામું હું લખાવતો ગયો હોવ અને પોલીસ લખતી ગયેલ હોય તેવું ખરેખર બનેલ નથી. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં આરોપી હાજી જુમા તેમજ ઈશા જુમાની ખરેખર કોઈ અટક કરવામાં આવેલ નથી કે મોટર સાયકલ કબજે લેવામાં આવેલ નથી."

**સી–૭.૩** આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસ જોતા ઉપરોકત આરોપીઓની ધરપકડ કરેલ નથી તેવી હકીકત કે મો.સા. કબજે કરેલ નથી તેવી હકીકતનું ખંડન આરોપીઓ તરફે થઈ શકેલ નથી અને ઉપરોકત પંચનામાને સમર્થન હમીરભાઈ ભાટુએ આંક–૫૬૧ થી જે જુબાની આપી છે તેમાં આ પંચનામા અંગે લેશમાત્ર હકીકત જણાવેલ નથી તે સંજોગોમાં ફકત ઉપરોકત આરોપીઓની અટક કરવામાં આવી છે પરંતુ તે પંચનામામા જણાવેલ મોટર સાયકલ કબજે કરવામાં આવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી.

**(સી–૮) સાહેદ ઈન્દ્રીશ આમદભાઈએ આરોપી હારૂનભાઈના કપડા રજુ કર્યા અને પોલીસે કબજે કર્યા તે અંગેના પંચનામા અંગે :**

**સી–૮.૧** ઉપરોકત પંચનામુ પંચ લખમણભાઈ પ્રેમજીભાઈ અને પંચ નાથાભાઈ રવજીભાઈની હાજરીમાં કરેલ છે. લખમણભાઈએ આંક–૧૬૫ ના પુરાવામાં પી.ડબલ્યુ.૧૦ તરીકે નીચે મુજબની હકીકત પેરા–૧ માં જણાવેલી છે.

Sessions Judge
Junagadh

''મને છએક વર્ષ પહેલા પોલીસે પંચમાં બોલાવેલ હતો. કયુ પો.સ્ટે. હતુ તે ઘણો સમય થઈ ગયેલ હોય યાદ નથી. બીજા પંચ ડાયાભાઈ કરીને હતા. મને પોલીસે સાંજના આઠ થી સાડા આઠ વાગ્યા સુધી પંચમાં બોલાવેલો. ત્યાં સાહેબે મને કપડા કબજે લેવાનું કહેલુ. પહેલી વખત કપડા કબજે કરવાનું હતુ તે યાદ નથી. સાહેબે તેનું નામ ઠામ પુછેલ પણ તે મને યાદ નથી. જે આરોપીના કપડા કબજે કરવાના હતા તેનો વર્કવાળો ઝભ્ભો અને પાયજામો પહેરેલ હતો. એ કપડા કોણ લઈ આવેલુ તે યાદ નથી. આ બન્ને કપડા કાપડની બેગીમાં નાખેલા જુદા જુદા અને અમો બન્ને પંચોની સહીવાળી કાપલી કરી એક અંદર રાખી અને એક બહાર ચોટાડી સીવી લઈ શીલ કરી કબજે કરેલ અને સાહેબે સહી કરેલ. પોલીસે અમારા રુબરુ જેનું નામ પુછેલ તે ઈન્દ્રીશ આમદ હતુ. મને આર્ટીકલ જી અને એચ વાળા કપડા વર્કવાળો પઠાણી ઝભ્ભો અને પાયજામો બતાવવામાં આવે છે તે અમારા રુબર કબજે લીધેલ તે જ છે. જે મને બતાવવામાં આવે છે તેજ છે અને કાપલીઓમાં પણ અમારી સહી છે. ઈન્દ્રીશના કપડા ઘરેથી મગાવેલા કોણ ગયુ હતુ તેની મને ખબર નથી. મને માર્ક–૪૭/૫૨ બતાવવામાં આવે છે તેમાં પહેલા પંચ તરીકે મારી સહી છે અને બીજા પંચ તરીકે ડાયા રવજીની સહી છે અને સાહેબની સહી છે જે રજુ દાખલ આંક–૧૬૬. જે પંચનામુ અમોને વાંચી, સંભળાવી પછી સહી લીધેલ.''

**સી–૮.૨** ઉપરોકત હકીકતનું ખંડન ઉલટ તપાસમાં થઈ શકેલ નથી તે સંજોગોમાં ઉપરોકત કપડા રજુ કરવામાં આવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(સી–૯) મો.સા. હિરો હોન્ડા જી.જે. ૩ ઈએસ ૨૧૦૩ કબજે કર્યા અંગેના પંચનામા અંગે :**

**સી–૯.૧** ઉપરોકત પંચનામાના પંચ રાજુભાઈને આંક–૧૬૯ પી.ડબલ્યુ.૧૧ તરીકે તપાસેલા છે અને તેઓએ એક હોન્ડા પો.સ્ટે.માં જોયેલુ તેવી હકીકત જણાવેલ છે પરંતુ બીજી બાબતમાં સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી.

**સી–૯.૨** તેજ રીતે બીજા પંચ અખતરભાઈ મજીદખાને સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી.

**સી–૯.૩** તપાસ કરનાર અમલદાર પી.ડબલ્યુ.૬૯ નાએ આંક–૫૬૧ થી ઉપરોકત બાબતે પેરા–૧૯ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧૯) તા.૨૭/૧૨/૨૦૧૨ ના રોજ પંચ– રાજુભાઈ બાવનભાઈ અને પંચ–અખ્તરભાઈ મજીદખાનની હાજરીમા આરોપી હારૂન ભાઈ આમદભાઈ એ ઉપયોગમા લીધેલ સી.ડી.ડીલક્ષ હોન્ડા મો.સા. તેના ભાઈ ઈદ્રીસભાઈ રજુ કરતા હોય તે પંચનામાની વિગતે કબ્જે લીધેલ હતુ તે પંચનામુ આ કામે આંક–૧૭૦ થી રજુ છે જેમા મારી તથા બંને પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. તેમજ તા.૨૮/૧૨/૨૦૧૨ ના રોજ **માર્ક ૪૭/૨૧** થી ઉપરોકત ગુનાના કામમાં ઈ.પી.કો.કલમ–૩૮૭,૩૪૧ ,૧૨૦(બી),૪૨૭ નો ઉમેરો કરવા એડી.ચીફ જયુડી.મેજી.શ્રી,જુનાગઢને રીપોર્ટ કરેલ હતો જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે **રજુ દાખલ આંક–૫૬૭** આપવામા આવે છે.

**સી–૯.૪** ઉપરોકત બાબતની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેનું કોઈ ખંડન ઉલટ તપાસમાં થયેલ નથી તે સંજોગોમાં ઉપરોકત મો.સા. જે આંક–૧૭૦ ના પંચનામામા જણાવેલ છે તે કબજે કરવામાં આવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT JUNAGADH
JUNAGADH DISTRICT

**(સી–૧૦) આરોપી જાવીદખાન ઉર્ફે જાવલો કાસમખાન અગવાનને અટક કર્યાના પંચનામા અંગે :**

**સી–૧૦.૧** ઉપરોકત પંચનામા અંગે પંચ સરફરાજ હનીફભાઈને પી.ડબલ્યુ.૧૮ થી આંક–૧૯૫ થી અને ચેતનભાઈને પી.ડબલ્યુ.૧૯ થી આંક–૧૯૭ થી તપાસેલા છે પરંતુ આ બંને પંચોએ આંક–૧૯૬ ના પંચનામાની હકીકતને સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

**સી–૧૦.ર** આ અંગે તપાસ કરનાર અમલદાર ભાટુએ પી.ડબલ્યુ.૬૯ આંક–૫૬૧ થી પેરા–૩૧ માં નીચે મુજબની વિગત જણાવેલ છે.

'' ઉપરોકત ચાદીના આધારે તા.૦૮/૦૨/૨૦૧૩ ના રોજ પંચ–સરફરાઝ હનીફભાઈ અને ચેતનભાઈ સુરેશભાઈ ની હાજરીમા આરોપી જાવીદખાન ઉર્ફે જાવલાનો કબ્જો મેળવ્યા બાદ કરેલ અટક પંચનામુ છે જે આ કામે આંક–૧૯૬ થી રજુ છે જેમા મારી તથા બે પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. તે જ તારીખે જેલરશ્રી એચ.એલ.ગમારાનુ નિવેદન લીધેલ હતુ.''

**સી–૧૦.3** ઉપરોકત હકીકતનું કોઈ ખંડન ઉલટ તપાસમાં આરોપી તરફે થઈ શકેલ નથી.

**સી–૧૦.૪** ઉપરોકત સંજોગોમાં આંક–૧૯૬ મુજબના પંચનામાની વિગતે આરોપી જાવીદખાન ઉર્ફે જાવલાને અટક કરેલ તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(સી–૧૧) આરોપી જુસબ ઉર્ફે જુસલો અલારખા સાંઘને અટક કર્યાના પંચનામા અંગે :**

**સી–૧૧.૧** ઉપરોકત પંચનામાના પંચ હિમતભાઈને પી.ડબલ્યુ.૨૧ તરીકે આંક–૨૦૦ થી તથા બીજા પંચ અલારખા પઠાણને પી.ડબલ્યુ.૨૨ તરીકે આંક–૨૦૨ થી તપાસેલા છે. આ બંને પંચોએ આંક–૨૦૧ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપેલ નથી.

**સી–૧૧.૨** ઉપરોકત પંચનામુ કરનાર પોલીસ અધિકારી એચ.બી.વોરાને પી.ડબલ્યુ.૬૮ તરીકે આંક–૫૭૨ થી તપાસેલ છે અને તેઓએ પેરા–૭ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''આ અંગેનો આંક–૫૩૦ થી આરોપી અને કબજે લીધેલ મુદામાલ સહીત પી.એસ.આઈ.શ્રી તાલુકા પો.સ્ટે.,જુનાગઢને રીપોર્ટ અને કરેલ કાગળો સાથે સોંપી આપેલ હતા જેમા મારી સહી છે અને તેમા પી.એસ.ઓ.પણ સંભાળ્યા બદલ તેમણે પણ સહી કરેલ હતી જે હું ઓળખી બતાવુ છુ.''

**સી–૧૧.૩** ઉપરોકત પેરા–૭ અંગેની ઉલટ તપાસ જોવામાં આવે તો તેનું કોઈ ખંડન આરોપી તરફે થઈ શકેલ નથી તે સંજોગોમાં આરોપીની અટક ઉપરોકત પંચનામા આંક–૨૦૧ મુજબ કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(સી–૧૨) આરોપી હાજી જુમા, યુસુફ તથા આરોપી હારુન આમદના તબીબી નમુના લીધા અંગે ના પુરાવા અંગે :**

**સી–૧૨.૧** ઉપરોકત પુરાવા બાબતે તબીબ ડાયાલાલ ભનાભાઈને પી.ડબલ્યુ.૩૭ તરીકે આંક–૩૧૫ થી તપાસેલા છે અને તેઓની સરતપાસ તથા તેની સાથે ઉલટ

તપાસ જોતા ઉપરોકત આરોપીઓના બ્લડ સેમ્પ્લ લીધેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(સી–૧૩) આરોપી સીકંદર, સલીમના તબીબી નમુના લેવા અંગે :**

**સી–૧૩.૧** ઉપરોકત બાબતે તબીબ કમુબેનને પી.ડબલ્યુ.૩૮ તરીકે આંક–૩૧૮ થી તપાસેલા છે અને તેઓની સરતપાસ અને ઉલટ તપાસ જોતા એ હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે કે, ઉપરોકત આરોપીઓના બ્લડ સેમ્પ્લ લેવામાં આવેલ છે.

**(સી–૧૪) ઈન્કવેસ્ટ પંચનામા અંગે.**

**સી–૧૪.૧** કીશોરભાઈ બાબુભાઈ કે જેઓ બનાવ વખતે એકઝીકયુટીવ મેજી. તરીકે ફરજ બજાવતા હતા કે જેઓએ આ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ છે તેઓને પી.ડબલ્યુ.૩૬ તરીકે આંક–૩૦૧ થી તપાસેલ છે અને તેઓ પેરા–૨થી ૫ માં નીચે મુજબની વિગત જણાવેલ છે.

''(૨) ત્યાર બાદ હુ યાદી સાથે જુનાગઢ સૂરકારી દવાખાને પી.એમ. રુમમાં આવેલો. ત્યા મેં બે પંચો જીતેન્દ્રભઈ હમીરભાઈ બામરોટીયા તથા મહેશભાઈ રામભાઈ દીવરાણીયાને પંચમાં બોલાવી સમજ કરેલી કે, મરણ જનારની લાશને ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોય પંચમાં રહેવા સમજ કરતા સ્વખુશી બતાવતા તેઓના નામ સરનામા, ઉમર સહીતની વીગતો પંચનામાં લખેલી.

(૩) ત્યાર બાદ પી.એમ.રુમમાં પી.એમ. સ્ટેન્ડ પર એક પુરુષની ભગવા કપડા પહેરેલી લાશ પડેલ હતી. અને તેને અડી જોતા શરીર ઠંડુ હતુ અને હાથપગ સીધા હતા. આંખો અને મોઢુ બંધ હતુ અને માથે કાળા મોટા વાળની ઝટા અને ડાઢી લાબી હતી અને શરીરે ભગવા કલરનો કુર્તો અને ધોતી પહેરેલા હતા. તેના ડાબા હાથમાં રુદ્રાક્ષની માળા અને જમણા હાથે સુતરનો દોરો બાંધેલ હતો.

(૪) લાશના કપાળમાં જમણી આંખના નેણ પર એક ઉડો અને એંક ઈચ ગોળાઈનો ઘા ની ઈજા થયેલ જોવામાં આવેલી જેમાંથી પુષ્કળ લોહી નીકળતુ હતુ અને કપડા લોહીથી ખરડાઈ ગયેલા હતા. આ સીવાય બીજી કોઈ ઈજાઓ જોવામાં આવેલ નહી. ગુપ્ત ભાગે તપાસ કરતા પણ કોઈ ઈજા જોવામાં આવેલ નહી. લાશ પરથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી.

આ લાશ તેની બાજુમાં ઉભેલા સાધુ પોતાનુ નામ રામકૃષ્ણ ગુરુ અખંડાનંદ રહે. ખડીયા વાળા તે લાશ પોતાના ગુરુભાઈ રામાનંદગુરુ અખંડાનંદ સાધુ ઉવ. ૩૦, રહે. ઝાંઝરડા ખેતલીયા દાદાના મંદીર વાળી હોવાનુ જણાવેલ.

(૫) અમો તથા પંચોના જોયા મુજબ મરણ જનારનુ મૃત્યુ ઉપરોકત ઈજાથી થયેલા હોવાનું માનવુ છે પરંતુ મોતનુ ચોકકસ કારણ જાણવા પી.એમ. કરવા માટે લાશને પોલીસ હવાલે લેવામાં આવેલ છે. આ મુજબનુ પંચનામું પંચોની હાજરીમાં અને પી.એસ.આઈ.ની હાજરીમાં કરવામાં આવેલ. પંચોને વાંચી સંભળાવેલ અને ત્યાર બાદ મારી રુબરુ તરીકેનીઅને મારી રુબરુમાં બન્ને પંચોએ અને પી.એસ.આઈ. જુનાગઢ તાલુકાએ સહીઓ કરેલી. જે આંક–૧૪૪ના પંચનામુ કરવામાં આવેલ જે મને બતાવામાં આવેલ છે જે તે જ છે. આ સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. કરેલ પંચનામુ પોલીસને સોપી આપેલી. ''

**સી–૧૪.૨** ઉપરોકત બાબત અંગે જે ઉલટ તપાસ થયેલ છે તેના પેરા–૭ માં નીચે મુજબની હકીકત આવે છે.

''(૭) પંચોને મારા કહેવાથી પોલીસ બન્નેને બોલાવી લાવેલ. પંચો કયા ગામના છે તે પંચનામાં લખેલ છે. એ વાત ખરી છે કે પંચનામુ કરેલ ત્યારે શીયાળાની શરુઆત હતી. એ વાત ખરી છે કે ત્યા કોઈ ડોકટર હાજર ન હતા. એ વાત ખરી નથી કે આ પંચનામું પંચોની હાજરીમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે આ પંચનામું તૈયાર કરી પંચોની સહીઓ લઈ લીધેલી. એ વાત ખરી નથીકે કહેવાતા સમયે અમે હોસ્પીટલે હાજર હોય કે સહી કરેલ તેવુ બનેલ નથી.''

**સી–૧૪.૩** આમ ઉપરોકત સરતપાસ તથા ઉલટ તપાસ જોતા સરતપાસમાં જે લાશની સ્થીતી બતાવેલી છે અને આ લાશ રામાનંદ ગુરૂ અખંડાનંદ સાધુની હતી જેની ઓળખ રામકૃષ્ણ ગુરુ એ કરેલ તે હકીકત નુ કોઈ ખંડન ઉલટ તપાસમાં થઈ શકેલ નથી અને તે સંજોગોમાં ગુજરનારની લાશનુ આંક–૩૦૨ મુજબ ઈન્કવેસ્ટ પંચનામુ થયેલ છે તે હકીકત વ્યાજબી શક થી પર ફરીયાદ પક્ષે સાબિત કરેલ છે.

**(સી–૧૫) ઉપરોકત બાબતે જે એફ.એસ.એલ.નો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે અંગે :**

**સી–૧૫.૧** આ કામમાં આંક–૫૦૦ ના એફ.એસ.એલ. ના પુરાવા મુજબ નમુના નં.એન–૧ કે જે એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ ભગવા કેસરી રંગનો ઝભ્ભો

છે જે ગુજરનારની લાશ ઉપરથી કબજે કરવામાં આવેલ છે એન–ર જે ભગવા કેસરી રંગનો લંબ ચોરસ કાપડનો ટુકડો છે જે પી.એમ. વખતે ગુજરનારની લાશ ઉપરથી કબજે કરેલ છે એન–૩ જે ભગવા કેસરી રંગનો લંબ ચોરસ કાપડ નો ટુકડો જે પી.એમ. વખતે ગુજરનારની લાશ ઉપરથી કબજે કરેલ છે એન–૪ જે રૂદ્રાક્ષની માળા અને તે પણ રવાનગી નોંધ મુજબ તે પણ પી.એમ. વખતે કબજે કરેલ છે અને આ બધા નમુનાઓ ઉપર રુધીરની હાજરી મળેલી છે.

**સી–૧૫.ર** નમુનો – ઓ જે પી.એમ. વખતે મરનારના શરીર પર થી બલેટ છે તેના ઉપર પણ રુધીર ની હાજરી મળી આવેલ છે.

**સી–૧૫.૩** નમુનો – પી જે ગુજરનારના માથાના વાળના નમુના છે જેના પર પણ રુધીરની હાજરી મળેલ છે.

**સી–૧૫.૪** નમુના નં.–આર જે રવાનગી નોંધ મુજબ મરનારને થયેલ ઈજાના ભાગેથી ઘસીને કબજે લીધેલ લોહી વાળુ કોટન છે.

**સી–૧૫.૫** નમુના નં.એસ: મરનારને થયેલ ઈજા વાળી જગ્યા ની ચામડીના નમુના છે.

**સી–૧૫.૬** આમ ઉપરોકત તમામ નમુના ગુજરનાર ના છે અને તેના ઉપર રુધીર ની હાજરી મળેલ છે.

**(સી–૧૬) ગુજરનારનુ લોહીનું ગ્રુપ:**

**સી–૧૬.૧** રવાનગી નોંધ મુજબ ગુજરનારનો લોહીનો નમુનો કયુ છે અને એફ.એસ.એલ. ના રીપોર્ટ મુજબ તેનુ લાહીનુ જુથ બી આવેલ છે.

**સી–૧૬.૨** ઉપરોકત તમામ નમુના ઉપર એટલે કે એન–૧, એન–ર, એન–૩ અને એન–૪, ઓ, પી, કયુ અને આર ઉપર લોહીનુ જુથ બી મળેલ છે.

**સી–૧૬.૩** આરોપીઓ પાસેથી મેળવેલ વસ્તુઓ ઉપર રુધીર મળી આવેલ કે કેમ:

**(સી–૧૭) આરોપી: સીકંદર ઉર્ફે સીકલા પાસેથી મેળવેલ કપડા અંગે:**

**સી–૧૭.૧** રવાનગી નોંધ મુજબ નમુના નં.સી: કાળા કલરની ટ્રેક સુટ નુ પેન્ટ જે આરોપી સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન એ બનાવ વખતે પહેરેલ હતુ તે છે અને તેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**સી–૧૭.૨** રવાનગી નોંધ મુજબ નમુના નં.ડી: મોરપીછ કલરનો સર્ટ જે આરોપી સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન એ બનાવ વખતે પહેરેલ હતુ તે છે અને તેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**(સી–૧૮) આરોપી: સલીમ ઉર્ફે અઠીયો**

**સી–૧૮.૧** રવાનગી નોંધ મુજબ નમુના નં.ઈ: લાલ કલરનો ચોકડાવાળો સર્ટ જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**સી–૧૮.૨** રવાનગી નોંધ મુજબ નમુના નં.એફ: વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**(સી–૧૯) આરોપી: હારૂન આમદ**

**સી–૧૯.૧** રવાનગી નોંધ મુજબ નમુના નં.જી: સફેદ વર્કવાળો ઝભ્ભો જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**સી–૧૯.૨** રવાનગી નોંધ મુજબ નમુના નં.એચ: સફેદ કલરનો પાઈજામો જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**(સી–૨૦) આરોપી: હાજી જુમા**

**સી–૨૦.૧** રવાનગી નોંધ મુજબ નમુના નં.આઈ: આછા બદામી કલરનો લાઈનીં ગવાળો શર્ટ જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**સી–૨૦.૨** રવાનગી નોંધ મુજબ નમુના નં.જે: કાળા કલરનુ જીન્સનુ પેન્ટ જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**(સી–૨૧) આરોપી: યુસુફ જુમા**

**સી–૨૧.૧** રવાનગી નોંધ મુજબ નમુના નં.કે: કોફી કલરનો ચોકડાવાળો શર્ટ જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**સી–૨૧.૨** રવાનગી નોંધ મુજબ નમુના નં.એલ: આછા પીળા કલરનુ પેન્ટ જેના ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી.

**(સી–૨૨) ગુજરનારની કાર ઉપરથી મળી આવેલ લોહીનુ જુથ:**

**સી–૨૨.૧** એફ.એસ.એલ. ના રીપોર્ટ પ્રમાણે બે કાર કબજે કરવામાં આવેલી છે (૧) વોક્ષ વેગન કંપનીની વેન્ટો ટી.ડી.આઈ. મોડેલ જી.જે.૧૧.એ.બી. ૨૦૦૮ ઉપરથી જે લોહી મળેલ છે તેનુ જુથ પણ બી છે.

DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**(સી–૨૩) કહેવાતી કાર જે આરોપીઓ પાસે હતી તે અંગે:**

**સી–૨૩.૧** ઉપરોકત કાર સ્વીફ્ટ ડીઝાયર જી.જે. ૨૪ એ ૪૮૪૯ ની હતી પરંતુ એફ.એસ.એલ. ના રીપોર્ટ ઉપરથી આ કાર ઉપરથી કોઈ રુધીર મળી આવેલ નથી.

**(સી–૨૪) ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન :**

**સી–૨૪.૧** આમ, ઉપર ચર્ચા કરી તે મુજબ એફ.એસ.એલ. માટે જે નમુનાઓ સ્થળ ઉપરથી, ગુજરનારના શરીર ઉપરથી, આરોપીઓના કપડા અને કપડા ઉપરથી અને વાહનો ઉપરથી લેવામાં આવેલા છે તે તમામ યોગ્ય રીતે લેવામાં આવેલાલ છે અને આ લેવામાં આવેલ પધ્ધતિ સાબીત થયેલ છે તેવુ માનવામાં આવે તો પણ એફ.એસ.એલ.ના પુરાવાથી આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી.

**(સી–૨૫) ડીસ્કવરી પંચનામાઓ અંગે :**

**(સી–૨૫.૧) આરોપી જુસબ ઉર્ફે જુસલો અલારખા સાંધે ફુટેલ કારતીસનું ખોખુ શોધી બતાવેલ તેના ડીસ્કવરી પંચનામા અંગે :**

**સી–૨૫.૧.૧** ઉપરોકત પંચનામાના પંચ જયેશભાઈ મેરામભાઈ જલુ તથા યાજ્ઞિક નરેન્દભાઈ પુરોહિતને અનુક્રમે પી.ડબલ્યુ.૨૩ અને ૨૪ થી અનુક્રમે આંક–૨૦૪ અને ૨૦૬ થી તપાસેલા છે પરંતુ આ બંને પંચોએ આંક–૨૦૫ ના પંચનામાની હકીકતને સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને કોઈ સમર્થન આપેલ નથી.

**Sessions Judge**
**Junagadh**

**સી–૨૫.૧.૨** આ અંગે તપાસ કરનાર અમલદારે પી.ડબલ્યુ. ૬૯ તરીકે આંક–૫૬૧ ના પેરા–૨૯ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''તા.૧૦/૦૧/૨૦૧૩ ના રોજ ડીસ્કવરી પંચનામાથી જયેશભાઈ મેરામભાઈ અને યાફીકભાઈ નરેન્દ્રભાઈની હાજરીમા આરોપી જુસબ અલ્લારખાએ આર્ટીકલ વાય કાર્ટીઝનુ ખોખુ કાઢી આપતા તે પંચનામાની વિગતે કબ્જે લીધેલ હતુ અને પંચનામામા બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ અને પંચનામાની વિગતે મુદામાલ કબજે કરેલ હતુ જે પંચનામુ આંક–૨૦૫ થી રજુ છે જે હું ઓળખી બતાવુ છુ.''

**(સી–૨૬) આરોપી જુસબે તમંચો શોધી આપેલ તેના ડીસ્કવરી પંચનામા અંગે :**

**સી–૨૬.૧** ઉપરોકત પંચનામુ પંચ કાનાભાઈ નાથાભાઈ અને જુબાદભાઈ હોથીભાઈની હાજરીમા થયેલ છે અને કાનાભાઈને પી.ડબલ્યુ.૩૩ તરીકે આંક–૨૬૬ થી તપાસેલા છે અને ઉપરોકત પંચે સરતપાસ કે સરકારી વકીલશ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**સી–૨૬.૨** અને જુબાદભાઈને પી.ડબલ્યુ.૩૫ તરીકે આંક–૨૯૭ થી તપાસેલા છે અને ઉપરોકત પંચે સરતપાસ કે સરકારી વકીલશ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**સી–૨૬.૩** ઉપરોકત પંચનામુ એચ.આર.ભાટુની હાજરીમાં થયેલ છે અને તેઓએ ઉપરોકત પંચનામાના બાબતે પી.ડબલ્યુ.૬૯ તરીકે આંક–૫૬૧ ના પેરા–૨૫ માં નીચે મુજબનો પુરાવો આપેલ છે.



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

''(૨૫) મને આંક–૨૦૧ વાળુ પંચનામુ જે આરોપી જુસબને અટક કર્યાનુ છે તે મને તપાસના કાગળો સાથે મળેલુ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. ત્યારબાદ તા.૦૭/૦૧/૨૦૧૩ ના રોજ પંચ કાનાભાઈ નાથાભાઈ અને જુબેરભાઈ હોથીભાઈની હાજરીમાં આરોપી જુસબે શોધી આપેલા તમંચો અને ત્રણ કાર્ટીઝ મળી આવેલ તે આ કામે આંક–૨૬૭ થી રજુ છે જે પંચનામુ અમોએ પાદરગઢ ની સીમમાથી મુદામાલ મળી આવેલ જે અંગેનુ પંચનામુ છે જેમા મારી તથા બે પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. મને મુદામાલ આર્ટીકલ નં.–૩૨ વાળો તમંચો અને આર્ટીકલ નં.–૩૩ વાળી કાર્ટીઝો બતાવવામા આવે છે જે મે આ પંચનામાની વિગતે કબ્જે કરેલ હતા તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને **<u>માર્ક ૪૭/૩૦</u>** વાળી યાદી બતાવવામા આવે છે જે પી.એસ.આઈ.ચલાળાને કબજે લીધેલ મુદામાલને રજુ કરી પાવતીમા નોંધ કરવા રજુ કરેલો જેઓએ તે યાદી પાછળ ચલાળા પી.એસ.ઓ.એ મુદામાલ પાવતી આપી નોંધ કરી આપેલ છે તે યાદી **<u>રજુ દાખલ આંક–૫૬૯</u>** આપવામા આવે છે અને અસલ મુ.પાવતીને આંક–૧૨ થી રજુ છે અને તેની ઝેરોક્ષ નકલ આ કામે આંક–૪૦૩ થી રજુ છે જે હું ઓળખી બતાવુ છુ.''

**સી–૨૬.૪** ઉપરોકત બંને પંચનામા ડીસ્કવરી પંચનામા છે અને તેથી ભા.પુ.ધા.ની કલમ–૨૭ ચીત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

''How much of information received from accused may be proved.

27. Provided that, when any fact is deposed to as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police officer, so much of such information, whether it amounts to a confession or not, as relates distinctly to the fact thereby discovered, may be proved."

**Sessions Judge**
**Junagadh**

આ કલમ ૨૭ જોતા તે કલમ ૨૫ અને ૨૬નો અપવાદ હોય તેવુ જણાઈ આવે છે. કારણ કે આ સેકશન પ્રોવાઈડેડ ધેટ તેવા શબ્દોથી શરૂ થાય છે. પોલીસ રુબરુ અને પોલીસ કસ્ટડી દરમ્યાન કરવામાં આવેલી કબુલાત કબુલાત કરનાર વ્યકિતની વિરૂધ્ધ સાબીત કરી શકાતી નથી તે કલમ ૨૫ અને ૨૬નો વિષય છે. પરંતુ આ કલમ ૨૭ મુજબ જો વ્યકિત પોલીસ હવાલામાં હોય અને આવી વ્યકિત આ હવાલામાંથી ગુનાને લગતી કોઈ માહીતી આપે અને તે માહીતીના આધાર પર માહીતી મુજબની હકીકત મળી આવે તો તેવી હકીકત આરોપી વિરૂધ્ધ પુરવાર કરી શકાય છે. ભલે આ માહીતી કબુલાત બનતી હોય કે ન બનતી હોય. મહત્વની બાબત આ કલમમાં એ છે કે કબુલાત કરતા જે માહીતી આપવામાં આવે છે તે માહીતી ઉપરથી મળી આવેલી હકીકત આ કલમ મુજબ મહત્વની છે. વધુમાં મહત્વની બાબત આરોપીએ આપેલી માહીતી પરથી મળી આવેલી હકીકત છે કે જે હકીકત મળી આવી હોય તે હકીકત જુબાની રૂપે રજુ થવી જોઈએ અને આરોપીએ કરેલુ નિવેદન શબ્દશ: રજુ કરવામાં આવે તે હિતાવહ છે.

**સી–૨૬.૫** વધુમાં ભા.પુ.ધા.ની કલમ–૨૭ માં જે ડીસ્કવરી છે તેનું પંચનામુ સ્વતંત્ર પંચોની હાજરીમાં જ કરવુ તેવો કાયદાનો નિયમ નથી પરંતુ આવુ પંચનામુ સ્વતંત્ર પંચોની હાજરીમાં થાય તે હિતાવહ એટલા માટે છે કે, તેનાથી પોલીસની કામગીરીમાં વિશ્વસનીયતા વધે. વધુમાં, આ ડીસ્કવરી પંચનામુ માત્ર પંચો થકી જ સાબીત થાય તેવો કાયદાનો નિયમ નથી પરંતુ જે અધિકારી રુબરુ આ પંચનામુ થયુ હોય તે અધિકારી પણ આ પંચનામા વખતે જે તે સ્થિતિ પોતે સ્વયં ગ્રાહય કરે છે અને તેથી આવા અધિકારીનો પુરાવો પણ વિશ્વસનીય હોય તો તેનાથી આ પંચનામા એટલે કે, ડીસ્કવરી પંચનામુ સાબીત થઈ શકે છે.

**Sessions Judge**
**Junagadh**

**સી–૨૬.૬** ઉપરોકત પુરાવો બંને ડીસ્કવરી પંચનામા અંગે ત.ક.અ.નો લક્ષમા લેતા નામ. સુપ્રિમ કોર્ટે નામ. સુપ્રિમ કોર્ટે રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશનો જે ચુકાદો ૨૦૨૨ લાઈવલો (એસસી) પાના નં. ૮૪૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭ માટે પેરા–૫૪ માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

"54. **The reason why we are not ready or rather reluctant to accept the evidence of discovery is that the investigating officer in his oral evidence has not said about the exact words uttered by the accused at the police station.** The second reason to discard the evidence of discovery is that the investigating officer has failed to prove the contents of the discovery panchnama. The third reason to discard the evidence is that even if the entire oral evidence of the investigating officer is accepted as it is, what is lacking is the authorship of concealment. The fourth reason to discard the evidence of the discovery is that although one of the panch witnesses PW-2, Chhatarpal Raidas was examined by the prosecution in the course of the trial, yet has not said a word that he had also acted as a panch witness for the purpose of discovery of the weapon of offence and the blood stained clothes. The second panch witness namely Pratap though available was not examined by the prosecution for some reason. Therefore, we are now left with the evidence of the investigating officer so far as the discovery of the weapon of offence and the blood stained clothes as one of the incriminating pieces of circumstances is concerned. We are conscious of the position of law that even if the independent witnesses to the discovery panchnama are not examined or if no witness was present at the time of discovery or if no person had agreed to affix his signature on the document, it is difficult to lay down, as a proposition of law, that the document so prepared by the police officer must be treated as tainted and the discovery evidence unreliable. In such circumstances, the Court has to consider the evidence of the investigating

officer who deposed to the fact of discovery based on the statement elicited from the accused on its own worth."

**સી–૨૬.૭** તેજ રીતે પેરા–૫૬ માં નીચે મુજબનું ઓબ્ઝર્વેશન નામ. સુપ્રિમ કોર્ટે કરેલ છે.

"56.The requirement of law that needs to be fulfilled before accepting the evidence of discovery is that by proving the contents of the panchnama. The investigating officer in his deposition is obliged in law to prove the contents of the panchnama and it is only if the investigating officer has successfully proved the contents of the discovery panchnama in accordance with law, then in that case the prosecution may be justified in relying upon such evidence and the trial court may also accept the evidence. In the present case, what we have noticed from the oral evidence of the investigating officer, **PW-7, Yogendra Singh is that he has not proved the contents of the discovery panchnama and all that he has deposed is that as the accused expressed his willingness to point out the weapon of offence the same was discovered under a panchnama.** We have minutely gone through this part of the evidence of the investigating officer and are convinced that by no stretch of imagination it could be said that the investigating officer has proved the contents of the discovery panchnama (Exh.5). **There is a reason why we are laying emphasis on proving the contents of the panchnama at the end of the investigating officer, more particularly when the independent panch witnesses though examined yet have not said a word about such discovery or turned hostile and have not supported the prosecution. In order to enable the Court to safely rely upon the evidence of the investigating officer, it is necessary that the exact words attributed to an accused, as statement made by him, be brought on record and, for this purpose the investigating officer is obliged to depose in his evidence the exact statement and not by merely saying that a discovery**

**panchnama of weapon of offence was drawn as the accused was willing to take it out from a particular place."**

**સી–૨૬.૮** આમ, ત.ક.અ. એ ચોકકસ શું શબ્દો કીધેલા તે શબ્દો તપાસ કરનાર અમલદારે સોગંદ ઉપર જણાવવા પડે અને ઉપરોકત નામ. સુપ્રિમ કોર્ટના કેસમાં પણ પંચો હોસ્ટાઈલ થયેલ હતા અને ત.ક.અ. એ ચોકકસ શબ્દો આરોપીએ કીધેલા તે જુબાનીમાં જણાવેલ ન હતા અને તેથી નામ. સુપ્રિમ કોર્ટે ડીસ્કવરી પંચનામુ સાબીત થયેલ માનેલ ન હતુ અને ઉપરોકત પેરા–૫૪ તથા ૫૬ ની હકીકત અને હાલના ત.ક.અ. ના પુરાવાની ઉપરોકત બંને ડીસ્કવરી પંચનામા અંગે હકીકત સરખી છે તેથી ડીસ્કવરી પંચનામુ ફરીયાદપક્ષ વ્યાજબીશ કથી પર કાયદાની જોગવાઈઓ મુજબ સાબીત કરી શકેલ નથી તેથી ડીસ્કવરી પંચનામાથી પણ આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી.

**સી–૨૬.૯** આ કામમાં સાહેદ હરસુખલાલ ઠાકરલાલ મોદી પી.ડબલ્યુ. ૬૪ તરીકે આંક–૪૯૭ થી તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવામાં પેરા–૧૧ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧૧) નમુનો ઓ એક કાચની બોટલમા શીલબંધ હાલતમાં છે તે બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમા શીલ હટાવી ખોલીને જોતા તેમાથી પી.એમ.વખતે મરનારના શરીરમાથી નીકળેલ એક બુલેટ છે જે મે પરીક્ષણ કરેલ તે જ છે.

**Sessions Judge**
**Junagadh**

(૧૧.૧)નમુનો ઓ એક ફાયર થયેલો તથા ડીફોમ્ડ થયેલો લેડ ધાતુનો એક ટુકડો નમુના એમ/૧ ના તમંચામાથી ફાયર થઈ શકે.

નમુનો–ઓ ઉપરના માર્કસને સ્ટીરીયો માઈક્રોસ્કોપમા તપાસવામા આવ્યા તથા તેનુ નમુનો એમ/૧ માથી ટેસ્ટ ફાયર કરેલ લેડ બોલ ઉપરના બેરલ માર્કસ સાથે કમ્પેરીઝન માઈક્રોસ્કોપમા કમ્પેરીઝન કરવામા આવેલ હતુ.

નમુના ઓ પરના માર્કસ તથા નમુના એમ/૧ માથી ટેસ્ટ ફાયર કરી લેડ બોલ ઉપરના બેરલના માર્કસની લાક્ષણીક ખસીયતો નમુનો–ઓ નો લેડનો ટુકડો અત્યંત વિકૃત થયેલ હોવાથી સરખાવી શકાયેલ નથી જેથી નમુના ઓનો લેડનો ટુકડો નમુના એમ/૧ ના તમંચામાથી ફયાર થયેલ છે કે કેમ? તે બાબતનો અભિપ્રાય આપી શકાયેલ નથી.

નમુનો–ઓ નમુનો–એ/૧ તથા ૧૨ બોર શકિતમાન એકસપ્રેસ શોટગનમા વપરાતા લેડ સ્લગનુ સ્ક્રેનીંગ ઈલેકટ્રોન માઈક્રોસ્કોપમા **E.D.X.R.F.** લેવામા આવ્યા નમુના–ઓ, નમુનો એ/૧ તથા ૧૨ બોર ૧૨ બોર શકિતમાન એકસપ્રેસ શોટગન કારતુસમા વપરાતો લેડ સ્લગનુ એલીમેન્ટલ કોમ્પોઝીશન સરખા માલુમ પડેલા હતા માટે નમુના–ઓ , નમુનો એ/૧ એ ૧૨ બોર ૧૨ બોર શકિતમાન એકસપ્રેસ શોટગન કારતુસમા વપરાતો લેડ સ્લગ હોવાની શકયતા છે.''

પરંતુ આ તમંચો આરોપી જુસબે શોધી આપેલ છે તેવી હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેથી આ અભિપ્રાયથી આરોપી જુસબનની કોઈ સંડોવણી વ્યાજબી શકથી પર સાબીત થતી નથી.

## (ડી) ફરીયાદપક્ષે બીજા સંજોગો રેકર્ડ ઉપર મુકેલા છે તે બાબત :(હેડીંગ)

**Sessions Judge**
**Junagadh**

**(ડી–૧) આરોપી સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન તથા આરોપી સલીમ ઉર્ફે અઠીયો સુલેમાનની ધરપકડ તથા તેની સાથે રહેલ ગાડીમાંથી કબજે કરવામાં આવેલ દસ્તાવેજોના પંચનામા અંગે :**

**ડી–૧.૧** ઉપરોકત પંચનામુ પંચ નાથાભાઈ પરબતભાઈ ઓડેદરા તથા માલદે રાણાભાઈ ચાવડાની હાજરીમાં પોલીસ અધિકારી એચ.બી.વોરા ની હાજરીમાં કરવામાં આવેલ છે.

**ડી–૧.૨** ઉપરોકત પંચ નાથાભાઈને પી.ડબલ્યુ.૪ તરીકે આંક–૧૫૦ થી તથા પં ચ માલદેભાઈને આંક–૧૫ર થી પી.ડબલ્યુ.પ તરીકે પાસેલા છે પરંતુ ઉપરોકત બંને પંચોએ તેમની સરતપાસ કે વિ. સ્પે.પી.પી.શ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન ફરીયાદપક્ષને આપેલ નથી.

**ડી–૧.૩** ઉપરોકત પંચનામુ જે પોલીસ અધિકારીએ કરેલ છે તે હરેશભાઈ બી. વોરાને સાહેદ નં.૬૮ તરીકે આંક–૫૪ર થી તપાસેલા છે અને તેઓએ પેરા–૧ થી ૪ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧) હું તા.ર૩/૧ર/ર૦૧ર ના રોજ ક્રાઈમ બ્રાંચ,જુનાગઢ ખાતે પો.ઈન્સ.તરીકે મારી ફરજ પર હતો ત્યારે તા.ર૧/૧ર/ર૦૧ર ના રોજ જુનાગઢ તાલુકા પો.સ્ટે.ગુ.ર. નં.–ફર્સ્ટ ૧૬૪/ર૦૧ર, ઈ.પી.કો.કલમ–૩૦ર વિગેરેના કામે આરોપીઓ ગુનો કરી ભાગી ગયેલા હોય તેઓને પકડવા માટે પોલીસ અધિક્ષક સાહેબ જુનાગઢનાઓએ આદેશો કરેલા તે અનુસંધાને અમો તથા ક્રાઈમ બ્રાંચના પી.એસ.આઈ.એમ.એસ.ગોહીલ તથા વાહન ડ્રાઈવર સાથે જુનાગઢ,

રવની,તલીયાધર વિગેરે ગામમા પેટ્રોલીંગ કરી અંગત માહિતી બાતમીદારોથી તપાસ ચાલુ હોય દરમ્યાન અમોને આરોપીની બાતમી ધંધુસરથી તલીયાધર જવાના રસ્તે હોવાની મળતા બે પંચો માલદેભાઈ રાણાભાઈ ચાવડા અને બીજા પંચ નાથાભાઈ પરબતભાઈ ઓડેદરાને બોલાવી તેઓની ઉપરોકત ગુના અંગેના આરોપીઓની પકડવાની સમજ કરી શોધવા જવા હોવાનુ પ્રાથમીક પંચનામુ તા.૨૨/૧૨/૨૦૧૨ ના કલાક ૨૧:૦૦ થી કલાક ૨૧:૧૦ નુ કરીને જેમા મારી અને બંને પંચોની સહીઓ છે જે આ કામે આંક-૧૫૧ થી રજુ થયેલ તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ.

(૨) પ્રાથમીક પંચનામુ કર્યા બાદ સરકારી વાહનમા અમો તથા અમારો સ્ટાફ ક્રાઈમ બ્રાંચ ઓફ્સથી ઝાંઝરડા રોડ થઈને ધંધુસર-તલીયાધર જતા રસ્તાની પુર્વ બાજુએ બાવળની ઝાડી આગળ વાહન ઉભુર રાખેલ અને બધા નીચે ઉતરેલા અને સાથે બાવળની વીડીમા આવતા સ્વીફ્ટ ડીઝાયર ગાડી પડેલ હતી તે ગાડીમા પંચો રૂબરૂ તપાસ કરતા તેમા એક વ્યકિત બેઠેલ હતુ જેનુ નામ સિકંદર ઉર્ફે સિકલો સુલેમાન બેઠેલ હોય તેને નીચે ઉતારી પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ સિકંદર ઉર્ફે સિકલો સુલેમાન હાલા,ઉ.વ.૨૪,રહે.જોષીપરાવાળા હોવાનુ જણાવેલ હતુ. આ આરોપીને જોતા તેને કોઈ જોરજુલ્મના નિશાનો જોવામા આવેલ ન હતા અને તેના શરીરે પેન્ટ અને શર્ટ પહેરેલ હતા અને તેના શર્ટના ખિસ્સામાથી રૂા.૫૦૦/-ની નોટ મળેલી તથા એક નોકીયા કંપનીનો તુટેલો મોબાઈલ મળી આવેલ હતો જેની કિં.રૂા.૦૦/૦૦ ગણી પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબ્જે કરેલ હતી અને રૂા.૫૦૦/-ની ચલણી નોટ તેમની પાસે રહેવા દીધેલી હતી.

(૩) સ્વીફ્ટ ડીઝાયર ગાડીમા બેસેલ બીજા વ્યકિતને નીચે ઉતારી પંચો રૂબરૂ તેનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ સલીમ ઉર્ફે અહીયો સુલેમાનભાઈ હાલા,ઉ.વ.૩૫,રહે.ચોબારીવાળા હોવાનુ જણાવેલ હતુ અને તેના શરીર ઉપર પંચો રૂબરૂ તપાસ કરતા જોર જુલ્મ કે ઈજાના નિશાન જોવામા આવેલા નહી અને તેણે શર્ટ અને પેન્ટ પહેરેલ હતા અને મજકુરની

**Sessions Judge**
**Junagadh**

અંગઝડતી કરતા શર્ટના ખિસ્સામાથી બાકસ અને શિવાજી બીડીની ઝુડી મળી આવેલ હતી તે જેમતેમ રહેવા દીધેલ હતી.

(૪) ત્યારબાદ મજકુર આરોપીઓ બેસેલ તે સ્વીફ્ટ ગાડીની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા સિલ્વર કલરની નંબર જોતા જીજે–૨૪–એ–૪૮૪૯ ની હતી અને તેની અંદર ડ્રાઈવર સીટની બાજુમાં આવેલ સીટની બાજુના ડેસ્ક બોર્ડનુ ખાનુ ખોલી પંચો રૂબરૂ જોતા નીચે મુજબના કાગળો મળી આવેલ હતા.

(૪.૧) તા.૨૩/૧૦/૨૦૧૨ ના રોજનો ખરીદાયેલ રૂા.૧૦૦/– નો સ્ટેમ્પ પેપર જે ઉપર કબજા સોંપણી અને રૂપીયા મળ્યાનો કરાર દસ્તાવેજ જે ઝાંઝરડાની ખેતીની જમીન સર્વે નં.–૩૭ પૈકી એકર–૧ અને ૧૬ ગુંઠાનો રૂપીયા ત્રીસ લાખમા વેચાણ આપયાનો કબજા સોંપણી અને રકમ મળ યાનો દસ્તાવેજ હતો જે આ કામે આંક–૪૭૫ થી રજુ છે તે જ છે જે હું ઓળખી બતાવુ છુ અને તેમા બં ને પંચોની અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ.

(૪.૨) મને મુદામાલ આર્ટીકલ નં.–૩૬ જે મે કબજે લીધેલ દસ્તાવેજ મને બતાવવામા આવે છે જેમા મારી તથા બે પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ જેને **પંચો તથા સાહેદની સહી પુરતો રજુ દાખલ આંક– ૫૪૩** આપવામા આવે છે.

(૪.૩) તા.૨૩/૦૧/૨૦૦૪ ના રોજની હકક પત્રક નોંધ નંબર–૨૩૧૬ સર્વે નંબર–૩૫૩૭ ની વિગતના કાગળો મળી આવેલા હતા જે મે પંચો રૂબરૂ કબજે કરેલા હતા જે મુદામાલ આર્ટીકલ નં.–૫ મને બતાવવામા આવે છે તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **પંચોની સહી પુરતો રજુ દાખલ આંક–૫૪૪** આપવામા આવે છે.

(૪.૪) તા.૧૬/૦૮/૨૦૧૨ ના રોજના અરજી નંબર–૧૯૭ ની વિગતના કાગળો મળી આવેલા હતા જે મુદામાલ આર્ટીકલ નં.–૬ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **પંચોની સહી પુરતો રજુ દાખલ આંક–૫૪૫** આપવામા આવે છે.

(૪.૫) તા.૨૬/૦૨/૨૦૦૧ ના રોજની સર્વે નં.-૩૭ ની અરજદાર બહાદુર લખમણ રાઠોડની ખરી નકલ મળવાની અરજી જે મુદામાલ આર્ટીકલ નં.-૭ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **<u>પંચોની સહી પુરતો રજુ દાખલ આંક-૫૪૬</u>** આપવામા આવે છે.

(૪.૬) ઝાંઝરડા ની જંગલ બુકની માપણી તા.૧૭/૦૬/૧૯૨૪ જે મુદામાલ આર્ટીકલ નં.-૯ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **<u>પંચોની સહી પુરતો રજુ દાખલ આંક-૫૪૭</u>** આપવામા આવે છે અને મુદામાલ આર્ટીકલ નં.-૮ જે મુદામાલ આર્ટીકલ નં.-૯ સાથે લીધેલ છે તે જ દસ્તાવેજ છે.

(૪.૭) ઝાંઝરડાના નં.-૩૩૭ ના કબજેદાર સંતોક ભીખા ભુવા વિગેરેની સર્વે નં.- ૩૫-૩૭ થી ૭-૧૨ અને ૮ અ અને સી.ર. નંબર-૮૯૦/૨૦૦૪, જુનાગઢના ઝાંઝરડા ગામમા જેઠા તથા લખમણ હીરાની ચોપડીની નકલ જે મુદામાલ આર્ટીકલ નં.-૧૦ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **<u>પંચોની સહી પુરતો સંયુકત રજુ દાખલ આંક-૫૪૮</u>** આપવામા આવે છે.

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

(૪.૮) હકક પત્રક નમુના નં.-૬ ની નોંધ નં.-૪૭, સર્વે નં.-૩૫ વિગેરેની તા.૨૩/૦૧/૨૦૦૪ ની નોંધ જે મુદામાલ આર્ટીકલ નં.-૧૧ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **<u>પંચોની સહી પુરતો રજુ દાખલ આંક-૫૪૯</u>** આપવામા આવે છે.

(૪.૯) મહાનગરપાલીકા,જુનાગઢની વેરા પહોંચ-૨ સંતોકબેન વિગેરેની જે મુદામાલ આર્ટીકલ નં.-૧૨ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **<u>પંચોની સહી પુરતો રજુ દાખલ આંક-૫૫૦</u>** આપવામા આવે છે.

**Sessions Judge**
**Junagadh**

(૪.૧૦) ભુવા છગન ભીખાભાઈનુ ચુંટણી કાર્ડ નકલ–૨ જે મુદામાલ આર્ટીકલ નં.–૧૩ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, તેમા મારી તથા બંને પંચો ની સહીઓ છે જેને આ સાહેદની તથા **<u>પંચોની સહી પુરતો રજુ દાખલ આંક–૫૫૧</u>** આપવામા આવે છે.

(૪.૧૧) બી ડીવી.જુનાગઢ પ્રોહી ગુ.ર.નં.–૩૯૫/૨૦૧૧ નો એફ.એસ.એલ.નો અભિપ્રાય જે મુદામાલ આર્ટીકલ નં.–૧૪ થી રજુ છે તે જોઈને જણાવુ છુ કે, જેને **સી.આર.પી.સી.કલમ–૨૯૩ મુજબ <u>દાખલ આંક–૫૫૨</u>** આપવામા આવે છે.

ઉપરોકત કાગળો મે પંચનામાની વિગતે સ્વીફટ ડીઝાયર ગાડીમાથી મળી આવતા કબજે લીધેલા હતા તે જ છે જે સિંકદરના હતા અને તે આંક–૧૫૧ ના પંચનામાની વિગતે કરવામા આવેલુ અને મારા રૂબરૂ બંને પંચોએ સહી કરેલી અને રૂબરૂ તરીકે મે સહી કરેલ હતી.''

**ડી–૧.૪** ઉપરોકત બાબત અંગે જે ઉલટ તપાસ પેરા–૧૨ અને ૧૩ માં કરેલ છે તે નીચે મુજબ છે.

''(૧૨) એ વાત ખરી છે કે, આ ગુનાની તપાસમા મદદરૂપ થવા અંગે જીલ્લા પોલીસ વડાએ જાણ કરેલી હતી. એ વાત ખરી નથી કે, બંને વખતે અમોને મળેલ માહીતી અંગે અમોએ આ ગુનાની તપાસ કરનાર અધિકારી કે, જીલ્લા પોલીસ વડાને કાર્યવાહી કરતા પહેલા જાણ કરેલી નહી. એ વાત ખરી છે કે, આ રીતે ટેલીફોનીક જાણ કરેલ હોય તેવુ કોઈ રેકર્ડ તપાસ કરનાર અધિકારીને મે આપેલ નથી.

(૧૩) એ વાત ખરી નથી કે, હું જણાવુ છુ તેવી આંક–૧૫૧ વાળુ પંચનામુ પો.સ્ટે.મા તૈયાર કરી તેમા માત્ર પંચોની સહીઓ લીધેલી છે. એ વાત ખરી નથી કે, પંચનામાની વિગતે જણાવેલા દસ્તાવેજો આરોપીના ગુના સાથે સંડોવવા માટે પંચનામાની હકીકતે ખોટી રીતે કબ્જે બતાવેલા છે.''

**ડી–૧.૫** આમ, ઉપરોકત હકીકત જે સરતપાસમાં જણાવી છે તેનું કોઈ ખંડન આરોપીઓ તરફે ઉપરોકત ઉલટ તપાસ જોતા થયેલ નથી તે સંજોગોમાં ઉપરોકત બંને આરોપીઓની ધરપકડ અને તેની શરીરસ્થીતીનું પંચનામુ તથા તેમાં જણાવેલ દસ્તાવેજો કબજે કરેલા છે તે હકીકત ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર ઉપરોકત સાહેદના પુરાવાથી થાય છે અને જે પંચનામુ છે તે પંચનામાના પંચો સમર્થન આપે તોજ આ પંચનામુ સાબીત થાય તેવો કોઈ પુરાવાનો નિયમ નથી પરંતુ તે પંચનામા વખતે ત્યાં હાજર જે કોઈપણ વ્યકિતએ હકીકત ગ્રાહય કરી હોય તેનાથી સાબીત થઈ શકે અને તે સંજોગોમાં ઉપરોકત પોલીસ અધિકારીથી ઉપરોકત પંચનામાથી સાબીત થાય છે.

**ડી–૧.૬** પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ વિરોધાભાસી દસ્તાવેજો કબજા અંગે છે તે સંજોગોમાં ખરેખર સ્થળ ઉપર ફરીયાદપક્ષનો કબજો હતો તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેથી ઉપરોકત બાબતથી આરોપીઓની સંડોવણી હાલના કેસમાં તહોમતનામા સંદર્ભે પુરવાર થતી નથી.

**(ડી–૨) આરોપી સીકંદર ઉર્ફે સીકલાએ જે જગ્યા બતાવી તેના પંચનામા અંગે :**

**ડી–૨.૧** ઉપરોકત પંચનામુ પંચ નગાભાઈ સવદાસભાઈ અને દિનેશભાઈ કનુભાઈની હાજરીમાં કરવામાં આવેલ છે. નગાભાઈ પી.ડબલ્યુ.૬ તરીકે આંક–૧૫૪ થી અને પંચ દિનેશભાઈએ આંક–૧૫૯ થી પી.ડબલ્યુ. ૭ તરીકે પુરાવો આપેલ છે. પં ચ નગાભાઈએ તેમની સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની

કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં કોઈ સમર્થન ઉપરોકત પંચનામાને આપેલ નથી.

**ડી–૨.૨** બીજા પંચ દિનેશભાઈએ સરતપાસમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧) મને જુનાગઢ તાલુકા પોલીસે પો.સ્ટે.માં ૧૦ થી સવા દશ વાગ્યે પંચમાં બોલાવેલો. બીજા પંચ હતા પણ નામ મને અત્યારે યાદ નથી. મને આરોપી બાબતે પોલીસે કાંઈક મળવાનું હતું તેના અં ગે પોલીસે પંચમાં બોલાવીને સમજ કરેલી. આરોપી પો.સ્ટે. હાજર હતો નામ યાદ નથી પણ ઉમટવાળા ગામની આજુબાજુનો હતો કેવળીક ઉમરનો હતો તેની ખબર નથી. ત્યાં પોલીસ સ્ટે. પ્રાથમીક ભાગનું પંચનામું કરેલું. મને આંક–૧૫૫ નું પંચનામું બતાવવામાં આવે છે તેમાં બીજી સહી મારી છે અને પંચનામું જોઈને જણાવું છું કે બીજો પંચ નગાભાઈ સવદાસભાઈની સહી હોય તે હતા.

(૨) પો.સ્ટે.થી સરકારી વાહનમાં અમે બેઈ પંચો અને આરોપીને બેસાડી ઝાંઝરડા ચોકડીથી આગળ ખેતલીયા દાદાના મંદીરથી થોડેક છેટે ત્યાં જીપ ઉભી રાખી અમો બધા નીચે ઉતર્યા ત્યાં બાવળની કાટમાં મોબાઈલનું સીમ નાખી દીધેલું તે ગોત્યું પણ મળ્યું નહીં.

(૩) ત્યાંથી સરકારી વાહનમાં હાલ્યા ઉમટવાળાથી કુકડા કેન્દ્ર પાસે સરકારી વાહન ઉભુ રખાવેલું અને બધા ત્યાં નીચે ઉતરેલા ત્યાં હાજર આરોપીએ મોબાઈલની બેટરી નાખી દીધેલ જે બાવળની કાટમાં ગોતતા મળેલી નહીં.

(૪) ત્યાથી આગળ બધા જીપમાં બેસી આરોપી સાથે ઉમટવાળા આગળ જઈ એક ગામમાં ગયેલ જે ગામનું નામ આવડતું નથી તે જગ્યાએ કાંઈક હથીયાર નાખી દીધેલું હથીયારનું નામ મને આવડતું નથી પણ તે મળ્યું નહીં.

(૫) ત્યાંથી આગળ હાલ્યા જે ગામનું નામ મને આવડતુ નથી અને સીમ વિસ્તાર પાસે બાવળુ (વાડો) હતો ત્યાં ગયેલા ત્યાં આરોપીએ અમે અહીં રહેતા પણ કાંઈ હતું નહીં ત્યાં એક મોબાઈલનું સીમ નાખી દીધેલું કોનું હતું તે નામ યાદ નથી ગોત્યું પણ મળ્યું નહીં. આ પંચનામું બીજા ભાગનું લખાણ છેલ્લે વાડો હતો ત્યાં કરેલું. પોલીસે વાંચી સંભળાવેલું ત્યાં મે અને બીજા પંચે સહી કરેલી.

ત્યાં લગભગ સવા અગીયાર સાડા અગીયાર વાગ્યે પુરુ થયેલું. જે મને આંક–૧૫૫ ના પંચનામાનો બીજો ભાગ બતાવવામાં આવે છે તે જ છે.''

**ડી–ર.૩** ઉપરોકત સરતપાસ જોતા પ્રાથમીક પંચનામા વખતે શું માહિતી આપેલી અને કયા આરોપીએ આપેલી તેનું નામ ઉપરોકત સાહેદે જણાવેલ નથી અને જેની રૂબરૂ આ પંચનામુ આંક–૧૫૫ નું થયેલ છે તે પોલીસ અધિકારી ભાટુની રુબરુ કરેલ છે તેઓએ પેરા–૧૧ માં આ પંચનામા બાબતે નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧૧) મે મારી તપાસ દરમ્યાન તા.ર૪/૧ર/ર૦૧ર ના રોજ આરોપી સિંકદર ઉર્ફે સિકલાનુ બે પંચો નગા સવદાસ અને દીનેશ કનુભાઈ ને સાથે રાખી પ્રાથમીક પંચનામુ કરી ત્યારબાદ સરકારી વાહનમાં સીમકાર્ડ તથા કારતુસનુ ખાલી ખોખુ વિગેરેની તપાસ કરવા માટે ગયેલા હતા અને તેમા કશું મળી આવેલ નથી જે પંચનામુ આ કામે આંક–૧૫૫ થી રજુ છે જેમા મારી તથા બંને પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. ''

**ડી–ર.૪** આમ, ઉપરોકત સાહેદે પણ પ્રાથમીક પંચનામામા ખરેખર આરોપીએ શું માહિતી આપેલી તેની કોઈ વિગત જણાવેલ નથી અને જો આ સાહેદે આરોપીએ આપેલી માહિતી શબ્દશ: જણાવેલી હોત તો ઉપરોકત પંચનામુ સાબીત થઈ શકત તે સંજોગોમાં ઉપરોકત પંચનામુ ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી.

**ડી–ર.૫** ગુનાવાળી જગ્યા બનાવ બન્યો અને ફરીયાદ આપી ત્યારથી જ તપાસ એજન્સી જાણતી હતી તેથી ઉપરોકત પંચનામુ સાબીત થયેલ માનવામાં આવે તો પણ તેનાથી આરોપીની સંડોવણી પુરવાર થતી નથી.

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**(ડી–૩) હરેશકુમાર વિનોદકુમાર સોનીએ રજુ કરેલ ડી.વી.ડી. કબજે કર્યાના પંચનામા અંગે :**

**ડી–૩.૧** ઉપરોકત પંચ ભરતભાઈ કલ્યાણભાઈ સરધારાને પી.ડબલ્યુ. ૧૩ તરીકે આંક–૧૭૦ થી તથા બીજા પંચ હરીભાઈ પીઠાભાઈને પી.ડબલ્યુ. ૨૦ તરીકે આંક–૧૯૮ થી તપાસેલા છે પરંતુ આ બંને પંચોએ સરતપાસ કે સ્પે.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી.

**ડી–૩.૨** ઉપરોકત કેસેટ બનાવનાર એટલે કે રજુ કરનાર હરેશભાઈ વિનોદભાઈને પી.ડબલ્યુ.૬૨ થી આંક–૪૮૨ થી તપાસેલા છે. ઉપરોકત સાહેદે પેરા–૭ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''ત્યારબાદ તેના બે–ચાર દીવસ પછી પોલીસને આ ડી.વી.ડી.તૈયાર કરીને આપેલી જેનુ પંચનામુ કરેલુ જે આંક–૧૭૭ થી રજુ છે. મને મુદામાલ આર્ટીકલ નં.–૩૧ વાળી ડી.વી.ડી.બતાવવામા આવે છે જે મે વીડીયો શુટીંગ કરેલ તેની ડી.વી.ડી.કેસેટ પોલીસને રજુ કરતા તા.૦૨/૦૧/૨૦૧૨ ના રોજ બે પંચો રૂબરૂ કબ્જે કરેલ તે જ છે.''

**ડી–૩.૩** ઉપરોકત સંજોગોમાં આંક–૧૭૭ મુજબના પંચનામાની વિગતે ડી.વી.ડી. રજુ કરેલી તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે પરંતુ આ હકીકતથી કોઈ ડીસ્કવરી સાબીત થતી નથી અને તેથી આરોપીઓની કોઈ સંડોવણી તહોમતનામા સંદર્ભે આ પુરાવાથી વ્યાજબી શકથી પર સાબીત થતી નથી.

**(ડી–૪) કરશનભાઈ તીલકરામ પટેલે લોખંડના પતરાનો ડેલો રજુ કરેલ તેના પંચનામા અંગે :**

**ડી–૪.૧** ઉપરોકત પંચનામાના પંચ વિમલભાઈને પી.ડબલ્યુ.૧૪ તરીકે આંક–૧૮૩ થી તથા બીજા પંચ જેન્તીભાઈને પી.ડબલ્યુ. ૧૫ તરીકે આંક–૧૮૫ થી તપાસેલા છે પરંતુ બંને પંચોએ ઉપરોકત પંચનામુ જે આંક–૧૮૪ થી રજુ થયેલ છે તેને કોઈ જ સમર્થન આપેલ નથી.

**ડી–૪.૨** આ અંગે ત.ક.અ. હમીરભાઈ ભાટુએ આંક–૫૬૧ ના પુરાવાના પેરા–૨૩ માં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

''(૨૩) તા.૦૨/૦૨/૨૦૧૩ ના રોજ સાહેદ હરેશભાઈનુ નિવેદન નોંઘેલ હતુ. તા.૦૩/૦૨/૨૦૧૩ ના વિમલ ચંદુ અને જયતીભાઈ સવજીભાઈની હાજરીમાં કમ્પાઉનડ દીવાલનો ડેલો કબ્જે કર્યા અંગેનુ પંચનામુ કરેલ હતુ જે આ કામે આંક–૧૮૪ થી રજુ છે જેમા મારી તથા બે પંચોની સહીઓ ઓળખી બતાવુ છુ તેમજ તે જ તારીખે કરણભાઈ તીલકરામ અને રાજેશભાઈ મગનભાઈ ના નિવેદનો નોંઘેલા હતા.''

**ડી–૪.૩** ઉપરોકત સંજોગોમાં આંક–૧૮૪ મુજબના પંચનામાની વિગતે લોખંડનો ડેલો કબજે કરેલ તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ વિરોધાભાસી દસ્તાવેજો કબજા અંગે છે તે સં જોગોમાં ખરેખર સ્થળ ઉપર ફરીયાદપક્ષનો કબજો હતો તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેથી ઉપરોકત બાબતથી આરોપીઓની સંડોવણી



DISTRICT & SESSIONS COURT, JUNAGADH
JUNAGADH DISTRICT

હાલના કેસમાં તહોમતનામા સંદર્ભે પુરવાર થતી નથી. વધુમાં લોખંડનો પતરાનો ડેલો આરોપીઓએ જ લીધેલ છે તેવુ માની લેવામાં આવે તો પણ તેનાથી આ ડેલો ગુજરનારની માલીકીનો હતો અથવા તો ગુજરનારની માલીકીની કબજા વાળી જગ્યાનો હતો તે હકીકત વ્યાજબી શકથી પર ફરકીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી તેથી તેનાથી આરોપીઓની કોઈ સંડોવણી વ્યાજબી શકથી પર સાબીત થતી નથી.

**(ડી–પ) આરોપી સીકંદરના ભાઇએ રજુ કરેલ દસ્તાવેજો રજુ કરેલ તે કબજે કર્યાના પંચનામા અંગે :**

**ડી–પ.૧** ઉપરોકત પંચનામાના પંચ સાગરભાઈ જશવંતભાઈ દવેને પી. ડબલ્યુ.૧૬ તરીકે આંક–૧૯૦ થી તથા હિતેશભાઈ મગનભાઈને પી. ડબલ્યુ. ૧૭ તરીકે આંક–૧૯૨ થી તપાસેલા છે પરંતુ બંને પંચોએ ઉપરોકત પંચનામુ જે આંક–૧૯૧ થી રજુ થયેલ છે તેને કોઈ જ સમર્થન આપેલ નથી.

**ડી–પ.ર** આ અંગે તપાસ કરનાર અમલદાર ભાટુ પી.ડબલ્યુ.૬૯ આંક–પ૬૧ તરીકે પેરા–ર૬ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''પંચ–સાગર જસવંત દવે અને હીતેશભાઈ મગનભાઈ વાછાણી રૂબરૂ સરફરાઝ ઉર્ફે સફલા સુલેમાનએ દસ્તાવેજ રજુ કરેલા તેનુ પંચનામુ જે પંચનામુ આ કામે આંક –૧૯૧ થી રજુ છે જેમા મારી તથા બે પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ જે દસ્તાવેજની નકલ કામે આંક–૪૭૫ અને અસલ દસ્તાવેજ આંક–૪૮૮ થી રજુ છે તે જ છે જે હું ઓળખી બતાવુ છુ અને બીજો દસ્તાવેજની નકલ આ કામે આંક–૫૪૩ થી રજુ છે જે હું ઓળખી બતાવુ છુ.''



SESSIONS COURT DISTRICT & SESSIONS COURT JUNAGADH DISTRICT सत्यमेव जयते

**ડી–પ.૩** આમ, ઉપરોકત દસ્તાવેજો કબજે કરેલ છે તે હકીકતનું ખંડન આરોપી તરફે ઉલટ તપાસમાં થયેલ નથી.

**ડી–પ.૪** ઉપરોકત સંજોગોમાં આંક–૧૯૧ મુજબના પંચનામાની વિગતે દસ્તાવેજો કબજે કરેલ તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ વિરોધાભાસી દસ્તાવેજો કબજા અંગે છે તે સંજોગોમાં ખરેખર સ્થળ ઉપર ફરીયાદપક્ષનો કબજો હતો તે હકીકત વ્યજબી શકથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેથી ઉપરોકત બાબતથી આરોપીઓની સંડોવણી હાલના કેસમાં તહોમતનામા સંદર્ભે પુરવાર થતી નથી.

**(ડી–૬) આરોપી સીકંદર ઉર્ફે સીકલાએ ગુનાવાળી જગ્યા બતાવી તથા સ્થળ ઉપરથી સ્ટીલની ગાગર તથા સુતરનું દોરડુ કબજે કરેલ તેના પંચનામા અંગે :**

**ડી–૬.૧** ઉપરોકત પંચનામાના પંચ વિરમભાઈ હરદાસભાઈને પી.ડબલ્યુ.૨૫ તથા બીજા પંચ હિતેશભાઈ સામતભાઈ વાજાને પી.ડબલ્યુ.૨૭ થી અનુક્રમે આંક–૨૦૮ અને ૨૩૦ થી તપાસેલા છે. ઉપરોકત બંને પંચોએ પંચનામાને સમર્થન આપેલ છે અને આ જગ્યા આરોપીએ બતાવેલી અને સ્થળ ઉપરથી દોરડુ અને ગાગર કબજે કરેલ તેવી હકીકત જણાવેલ છે અને તે હકીકતનું કોઈ ખંડન આરોપીઓ તરફે થયેલ નથી જેથી ઉપરોકત પંચનામુ જે આંક–૨૦૯ થી રજુ થયેલ છે તે પંચનામુ થયેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થયેલ છે.

**(૧૯) પોલીસ સાહેદોના પુરાવા અંગે :**

**Sessions Judge**
**Junagadh**

પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદ થયેલી છે અને ત્યારબાદ જરુરી તપાસ કરેલી છે તેટલી હકીકત વ્યાજબી શકથી પર પુરવાર થાય છે પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ ડીસ્કવરી પંચનામાઓ ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી અને તેની સાથે આ પોલીસ સાહેદો કોઈ નજરે જોનાર સાહેદો નથી તેથી તમેના પુરાવાથી આરોપીઓની સંડોવણી વ્યાજબી શકથી પર સાબીત થતી નથી.

**(૨૦) જી.પી.એકટની કલમ–૧૩૫ અંગે :**

**૨૦.૧** આ કામમાં ફરીયાદપક્ષે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે, જેનાથી એવી હકીકત સાબીત થાય કે, આ જાહેરનામુ જે ઉપરોકત કલમ–૧૩૫ ને આકર્ષે છે તે માટે યોગ્ય જાહેરાત એટલે કે, પ્રોમ્યુલેગેટ થયેલુ હોય અને તે સંજોગોમાં ઉપરોકત કલમ અંગેનું તહોમત આરોપીઓ સામે ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી.

**તારણ :**

આ કામમાં આરોપીઓ ઉપર ઈ.પી.કોડની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, નો આરોપ છે પરંતુ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી હોય તેવો સીધો કે સાંયોગિક પુરાવો કે કબુલાત સ્વરુપનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૪ મુજબનો પણ આક્ષેપ છે પરંતુ તે અંગે પણ આરોપીઓએ આ ખુન કરવા માટે અથવા તો આ ગુનાઓ આચરવા માટે સમાન ઈરાદો ધરાવતા હતા તેવી કોઈ હકીકત સીધા કે સાંયોગિક

કે કબુલાત સ્વરુપના પુરાવાથી સાબીત થયેલ નથી. તેજ રીતે, ભારતીય પુરાવા ધારાની કલમ–૧૨૦(બી) મુજબની પણ કોઈ હકીકત વ્યાજબી શકથી પર આરોપીઓ સામે સાબીત થઈ શકેલ નથી.

આ કામમાં આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૦૨, ૩૮૭, ૪૨૭, ૪૪૭, તેમજ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)એ નું તહોમત છે. આ કામમાં ગુજરનારની હત્યા થયેલી છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થયેલ છે પરંતુ આ હત્યામાં આરોપીઓની સંડોવણી ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી તેમજ કબજામાં લેવામાં આવેલ ફાયર આર્મ તથા જે બુલેટ વગેરે અથવા તો કારતુસ આ બનાવમાં મળી આવેલ છે તે આરોપીઓના કબજામાં હતી અને તેનો ઉપયોગ આરોપી જુસબે તમામ આરોપીઓની મદદગારીમાં કરેલ છે તેવી હકીકત પણ વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી અને તેજ રીતે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું જાહેરનામુ અસ્તીત્વમાં હતુ અને તેની યોગ્ય રીતે જાહેરાત કરવામાં આવેલ હતી તે હકીકત અને તેની સાથે આ જાહેરનામાનો આરોપીઓએ ભંગ કેરલ છે તેવી હકીકત પણ વ્યાજબી શકથી પર આરોપીઓ સામે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ ઈ.પી.કોડની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૩૪, ૩૮૭, ૪૨૭, ૧૨૦(બી) તથા ઈ.પી.કોડની કલમ–૪૪૭ તથા આર્મ્સ એકટની

કલમ–૨૫(૧)(બી)એ નું તહોમત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય મુદા નં. ૯.૧ અને ૯.૨ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**(૨૧) ફરીયાદી તરફે રજુ થયેલ દલીલો અંગે :**

**૨૧.૧** આ કામમાં ફરીયાદી તરફે આંક–૬૧૮ થી લેખિત દલીલ રજુ થયેલ છે જેમાં ફરીયાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદ ડી.ડી. બને છે તેથી ફરીયાદ માનવાની રહે છે.

**ઉપરોકત દલીલનો જવાબ:**

ફરીયાદીના પેરા માં અને ફરીયાદ જે આપી છે તેની ચર્ચા કરતી વખતે ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ રજુ કરેલી છે અને તે સંજોગોમાં અત્રે ફરીયાદીના પોતાના મૃત્યુનો કે જે વ્યવહારના કારણે મૃત્યુ થયેલ છે તે ફરીયાદીનું નથી અને ફરીયાદી સોગંદ ઉપર પુરાવો આપે તે પહેલા ગુજરી ગયેલ છે અને તેથી ક્રિમીનલ ટ્રાયલમાં મહત્વનું અંગ એ છે કે, કોઈપણ પુરાવો ઉલટ તપાસની એરણ ઉપર ખરો ઉતરવો જોઈએ અને જયારે ફરીયાદ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતી નથી ત્યારે અને ફરીયાદની વિગત એ જે રીતના સેલડીડ જેવા દસ્તાવેજ હોય છે તે રીતનો દસ્તાવેજ નથી અને તેથી ક્રિમીનલ ફરીયાદના કેસમાં ફરીયાદી જે અદાલત રુબરુ આવી પુરાવો આપે તે પુરાવો મહત્વનો બનતો હોય છે અને હાલના કેસમાં જયારે ફરીયાદ કલમ–૩૨ માં પડતી નથી ત્યારે માત્ર ફરીયાદ આપી છે તેજ હકીકત સાબીત થઈ શકે છે પરંતુ ફરીયાદની અંદર રહેલ હકીકત જયારે ફરીયાદ ભારતીય પુરાવા ધારાની

કલમ–૩૨ માં પડતી નથી તેથી ફરીયાદ ફકત આપવામાં આવેલી છે તેટલી હકીકત સાબીત થાય છે અને ફરીયાદની વિગત સાબીત થતી નથી જેથી ફરીયાદપક્ષની ઉપરોકત દલીલ ટકવા પાત્ર નથી અથવા તો ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ સંદર્ભે માનવા લાયક નથી.

**૨૧.૨ વધુમાં દલીલ કરેલ છે કે,** ડીસ્કવરી પંચનામાઓ પુરવાર કરેલા છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

પેરા–૧૯.૩૨.૬ અને ૧૯.૩૨.૭ માં નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કઈ રીતે ડીસ્કવરી પંચનામા સાબીત થતા નથી તેની વિગત દર્શાવેલી છે જેથી અત્રે તેની ચર્ચા કરેલ નથી.

**૨૧.૩ વધુમાં દલીલ કરેલ છે કે,** જયારે પંચોએ અને ઓળખપરેડ કરનાર અધિકારીએ સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલા છે તેથી આરોપીઓની સંડોવણી પુરવાર થાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત અધિકારી કે જેની રુબરુ ઓળખપરેડ થયેલ છે તેનાથી માત્ર એટલી હકીકત પુરવાર થાય કે, ફરીયાદીએ ઓળખપરેડમાં હાજર હતા તે વ્યકિતઓને ઓળખી બતાવેલા છે પરંતુ ઓળખપરેડ પંચનામાથી મુળ ફરીયાદની વિગત એટલે કે મુખ્ય બનાવની વિગત સાબીત થતી નથી અને તે અંગે યોગ્ય ચર્ચા યોગ્ય જગ્યાએ કરેલ છે તેથી આ દલીલનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**Sessions Judge**
**Junagadh**

**૨૧.૪ વધુમાં દલીલ કરેલ છે કે,** આ કામમાં મોટીવ પુરવાર થયેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

આ કામમાં ફરીયાદપક્ષ પાસે કોઈ કાયદેસરનો દસ્તાવેજ ટાયટલ અંગે રજુ થયેલ નથી અને વેચાણ જો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૫૪ મુજબનું હોય તોજ તેનાથી વેચાણ સાબીત થઈ શકે છે. અત્રે એકજ વ્યકિતઓએ એટલે કે, કહેવાતા માલીકો કે તેમના વારસોએ વારંવાર કબજા અંગેની હકીકત રેકર્ડ ઉપર મુકેલી છે એટલે કે તે અંગેના નોટરી રુબરુના લખાણ થયેલા છે અને તે સંજોગોમાં ચોકકસ કોનો કબજો છે તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરવાની હતી અને તે કબજાની હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેથી આ ફરીયાદપક્ષે પેરા–૨૧, ૨૨, ૨૩, ૨૪ ની દલીલ ફરીયાદપક્ષને મદદ કર્તા નથી.

**૨૧.૫ વધુમાં દલીલ કરેલ છે કે,** લોખંડનો ડેલો રીક્ષામાં જઈ વજન કરેલુ છે અને તે હકીકત સાબીત થયેલ છે તે અંગે પેરા–૨૬ માં દલીલ કરેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

પરંતુ જયારે સાંયોગિક પુરાવો હોય ત્યચારે તમામ કડી સાબીત કરવી પડે અને માત્ર ડેલોનું વજન કરેલુ છે તેનાથી આરોપીઓની સંડોવણી સાબીત ન થાય તેથી ઉપરોકત દલીલ ટકવા પાત્ર નથી.

**૨૧.૬ વધુમાં દલીલ કરેલ છે કે,** સાહેદ મનસખુભાઈ ગોવિંદભાઈએ ભડાકાનો અવાજ સાંભળેલો તે હકીકતને સમર્થન આપેલ છે.



DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**ઉપરોકત દલીલનો જવાબ :**

પરંતુ ઉપરોકત ભડાકામાં હાલના આરોપીઓ સંડોવાયેલા છે તેવી કોઈ હકીકત સાબીત થયેલ નથી અને તેથી કોઈ ગાડીમાં કોઈ લોકો જતા હોય તેનાથી આજ લોકો સંડોવાયેલા છે તેવુ માનવુ તેવો કાયદાનો નિયમ નથી તેથી ઉપરોકત દલીલનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**૨૧.૭ વધુમાં દલીલ કરેલ છે કે,** સાહેદ ચિંતન ભરતભાઈ દવેએ આંક–૪૧૯ ના પુરાવામાં ઝેરોક્ષ દસ્તાવેજોની કરી આપેલ તેવી હકીકત જણાવેલ છે તેથી આરોપીઓની સંડોવણી અંગે પેરા–૨૯ માં દલીલ કરેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

અમુક દસ્તાવેજ આરોપી સીકંદરની તરફેણમાં થયેલ છે તે આંક–૪૩૪ થી રજુ થયેલ છે અને કોઈ વ્યકિત કોઈ ઝેરોક્ષ સેન્ટરમાં કોઈ દસ્તાવેજો કોપી કરાવવા જાય તેનાથી તેની સંડોવણી કોઈ કૃત્યમાં સાબીત ન થાય તેથી ઉપરોકત દલીલ ટકવા પાત્ર નથી.

**૨૧.૮ વધુમાં દલીલ કરેલ છે કે,** સાહેદ લલીતભાઈ ભીમજીભાઈ સુવાગીયા આંક–૪૩૦ :– આ સાહેદ લલીતભાઈ સુવાગીયાએ બનાવ ૨૦૧૨ માં બનેલો જે બનાવ ત્રણેક મહીના પહેલા ખેતલીયા દાદાના મંદિરના મહંત રામભારથીએ ફોન કરી જણાવેલ કે ''મુંબઈના એક સેવક આશ્રમ માટે હોસ્પીટલ બનાવવા જમીન લેવા માટે ફોનમાં કહેલ અને જમીન પ્રવિણભાઈ ટાંકની ઝાંઝરડા બાયપાસ ચોકડી



DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

પાસે આવેલ તે લેવાની વાત કરેલ અને કહેલ કે ધીરૂભાઈ ગોહેલ અને પ્રવિણભાઈ ટાંક (બન્નો સાહેદ ગુજરી ગયા છે) બન્નો આવેલ છે ''તમો અહી આવો તેમ વાત કરતા આ સાહેદ ત્યાં ગયેલ તો ત્યાં રામભારથુ બાપુ, ધીરૂભાઈ, પ્રવિણભાઈ ટાંક હાજર હતા અને આ સાહેદને તેઓ કહેલ કે જમીનનું લેવાની વાતચિત થઈ ગયેલ છે, ટાઈટલ કલીયરથી થયા પછી દસ્તાવેજ કરવાનું જણાવેલ આ જમીન મુંબઈનાં સેવક સાંઈ આશા ડેવલોપર્સને લેવાની હતી તે વાત થયા બાદ સાંઈ આશા ડેવલપર્સના વહીવટદાર શ્રી ધર્મેન્દ્રભાઈ જુનાગઢ આવેલા ત્યારે તેમને મળેલ બનાવની જાણ રામબાપુની સાથેના બાપુ ખડીયાના મંહત રામબાપુએ કહેલ કે રામભારથી પર ફાયરીંગ થયેલ છે પછીએ દિવસ પછી જાણવા મળેલ કે આ જે જમીન વેંચાણ લેવાની હતી તે તકરારમાં જુસબ અને તેમના માણસોએ રામબાપુ ઉપર ફાયરીંગ કરેલ તેઓ ગુજરી ગયેલ છે. દસ્તાવેજ થયેલ તે વખતે હું હાજર સાહેદ હાજર ન હતા.

આ સાહેદની જુબાનીથી મુંબઈની સાંઈઆશા ડેવલપર્સ જમીન હોસ્પીટલ બનાવવા માટે લેવાનું નકકી થયેલ જે જમીન તે રહેણાંકના બીનખેડવાણ પ્લોટો છે તે લીધા બાદ ઝાંઝરડા ગામના ગામ નમુના નં.–ર ના ૬ કાગળોમાં કમ પ૬૭ થી સાંઈઆશા ડેવલવર્સના નામે આવેલ છે અને તે જમીન ત્હો. ૮–૯ ની માલીકી ન હોવા છતાં વધુ પૈસા પડાવવા માટે કબજો કરવા માટે જમીનનો વંડો પાડી તેમા લોખંડના દરવાજો લઈ ગયેલા જે આગળની વિગતે મુદામાલમાં કબજે લેવાયેલ છે અને બનાવ પછી તુરંત રામભારથી સાથે હતા તે ફરીયાદી

રામબાપુએ સાહેદને જણાવેલ કે રામભારથી પર ફાયરીંગ થયેલ છે તેવું જણાવેલ જેથી રામભારથી બાપુ પર ફાયરીંગ થયાની તુરંત જ જાણ થયેલ જે ફરીયાદી ગુજરી ગયા છે.

આ સાહેદની ઉલટતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે જમીનનો સોદો મુંબઈના સાંઈ ડેવલપર્સ વાળા ભુપેન્દ્ર જોધીએ પ્રવિણભાઈ ટાંક પાસેથી વેંચાણ લેવાની હતી તે વાત થયેલી અને વેંચાણ થયા બાદ આંક–૫૯૯ ના ગામ નમુના નં.–૨ ના ક્રમ નં. ૫૬૭ ના ૬ કાગળોમાં જણાવેલ જમીનના પ્લોટોનો કબ્જો મરનાર રામભારથી બાપુને દેખભાળ કરવા જણાવેલ હોય તે મુજબ તેઓએ દેખભાળ માટે જમીન વળાંકી વંડો કરી મરનારના કબ્જામાં હતી આમ જમીન ટ્રસ્ટે હોસ્પીટલ માટે ખરીદવાનો સોદો થયાનું સ્પષ્ટ સાબીત ઉલટતપાસમાં થાય છે જમીનનો સહીઓ કરી દસ્તાવેજ થયેલ ત્યારે જમીનનો કોઈ વિવાદ ન હોવાથી ભુપેન્દ્રભાઈ સાથે બીજી કોઈ વાતચીત થયેલ ન હોય સ્વભાવવીક છે આમ આ જમીન વધુ પૈસા પડાવવા માટે ત્હો.એ ડેલો પાડી નાખી લઈ કબજો કરી લેવા માટે બધા ત્હો.એ સાથે મળીને નકકી કરી બનાવ બનેલ સ્પષ્ટ સાબીત થાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

પરંતુ અત્રે બે વિરોધાભાસી દસ્તાવેજો રેકર્ડ ઉપર કબજો આપ્યા અંગેના છે અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ ઉપર ભારણ રહે છે કે, વ્યાજબી શકથી પુરવાર કરવુ પડે કે, બનાવ વખતે ખરેખર કબજો સ્થળ ઉપર કોનો હતો અને તેવી કોઈ હકીકત વ્યાજબી

શકથી પર સાબીત થયેલ નથી તેથી ઉપરોકત દલીલનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**૨૧.૯ વધુમાં દલીલ કરેલ છે કે,** આ સાહેદ દિલીપ બચુ સોલંકી આંક ૪૫૨ વાળા ઝાંઝરડા ચોકડીએ મજુરીકામે ગયેલ ત્યારે જે.સી.બી. થી એક દિવાલ પાડતા હતા તેની બાબત પુરતુ સમર્થન આપેલ. બીજી તમામ બાબતે સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ જેથી દિવાલ જેસીબી થી પાડતા હોવાની હકીકત ફરી. પક્ષને સમર્થન કરતા હોય ઘ્યાને લઈ શકાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

પરંતુ માત્ર દીવાલ પાડવાની હકીકત સાબીત થવાથી આરોપીઓની સંડોવણી સાબીત ન થાય પરંતુ તમામ કડીઓ સંડોવાની વ્યાજબી શકથી પર સાબીત કરવી પડે વજે અત્રે સાબીત થયેલ નથી તેથી ઉપરોકત દલીલનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**૨૧.૧૦ વધુમાં દલીલ કરેલ છે કે,** સાહેદ ઓઘડ લખમણ રાઠોડ આંક ૪૫૬ :-આ સાહેદ ઓઘડ ઝાંઝરડા બાયપાસ પાસે મજુરીએ જતો હતો મને અઠીયો જે ત્હો. નં.-૩ ગુજરનાર સલીમ ઉર્ફે અઠીયો સુલેમાન હલા મળેલ મજુરીએ જતા જોતા એક જે.સી.બી. દિવાલ વંડો પાડતા હતા ત્યાં બે મજુર હતા તે લોકો જે.સી.બી. થી દિવાલ પાડતા અને ત્યાં સ્થળે ત્હો. નં. ૩ અને ત્હો. નં. ૨ સીકંદર આવેલ હતા જે.સી.બી. દિવાલ પાડી જતુ રહેલ અને ત્યાં ફોરવ્હીલમાં

ખેતલીયાદાદા ઝાંઝરડાના મહંત હતા તેઓએ ત્હો. નં.૩ અઠીયો સાથે વાતો કરતા હતા આ બન્નો ત્હો. નં. ૩ અડીયો ગુજરી ગયેલ છે અને ત્હો. નં. ૨ સીકંદર કોર્ટમા હાજર ન હતો જેથી આ સાહેદે ફરી.પક્ષને સમર્થન આપેલ છે બનાવ સ્થળે મજુરીએ ગયેલ ત્હો. નં. ૨,૩ ત્યાં હાજર હતા નં. ૩ ના તેને બોલાવી ગયેલ ત્યાં જતા જે.સી.બી. થી દિવાલ પાડેલી અને સ્થળ ઉપર મરનાર મહંત ત્યાં આવેલ અને ત્હો. નં. ૩ સાથે વાતો કરેલ જે પુરવાથી સ્પષ્ટ સાબીત થાય છે કે બનાવ જમીન વધુ પૈસા પડાવવા દિવાલ પાડી કબજો કરી લેવા માટેનો પુરાવો છે અને ત્યા આ મજુરને બોલાવી ગયેલા અને ગયેલ છે જેમા બનાવને પાર પાડવા માટે બનાવ પહેલાની બધા આરોપીઓએ નકકી કરેલ અને બાદ હાલનો બનાવ બનેલ તે આ પુરાવાથી સ્પષ્ટ સાબીત થાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત સાહેદે પેરા–૨ અને ૩ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૨) હું આશરે બારેક વર્ષ પહેલા પોલીસે પુછપરછ કરી તેના બારેક દીવસ અગાઉ ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે મજુરી માટે જતો હતો ત્યારે મને અઠીયો મને મળેલો અને મને પુછેલ કે, મજુરીકામે આવવુ છે અને તેને મને બેલાની મજુરીનુ કહેલુ. તેણે મને રૂા.૨૦૦/– મજુરી આપીશ તેવુ કહેલ અને મે હા પાડેલી અને હું મજુરી કામે ગયેલો. હું ત્યાં જમીને મજુરી માટે ગયેલો ત્યારે એક જે.સી.બી.હતુ તે દીવાલ/વંડો પાડતા હતા. ત્યાં બે મજુર હતા જેમા એક ઉમટવાડાના હતા અને એક જાડીયો હતો તેમાથી કોઈના નામ મને આવડતા નથી અને તે લોકો જે.સી.બી.થી દીવાલ પાડતા હતા. ત્યાં સ્થળ પર અઠીયો અને તેનો ભાઈ સિંકદર પણ હતો.

(૩) ત્યાં મે કામગીરીમા દીવાલના બેલા સાઈડમા રાખેલા અને એંગલ કાઢવાના હતા તે કાઢેલા અને ત્યાંથી જે.સી.બી.દીવાલ પાડી જતુ રહેલુ. બાદ ત્યાં એક બાપુ(મહંત)ની ફોરવ્હીલર આવેલી જે ઝાંઝરડાના મહંત હતા. જે જગ્યાની નામ ખેતલીયા દાદા છે અને તેની સાથે બીજા કોઈ ન હતા. ત્યાં આવેલ બાપુ અને અઠીયોને તે લોકો વાતો કરતા હતા. તે લોકો શું વાત કરતા હતા તે મને કાંઈ ખબર નથી. અમે ડેલામા કામ કરતા હતા અને તે લોકો બહાર હતા જેથી તે લોકો શું વાતો કરતા મને ખબર નથી અને બહાર આવીને પણ મે કાંઈ જાણેલ નહી. મને ખબર નથી કે, સિંકદર અને તેની સાથેના માણસ બહાર ગયેલા હોય.''

ઉપરોકત પુરાવાથી એટલી હકીકત સાબીત થાય છે કે, ગુજરનાર આરોપી અઠીયો આ સાહેદને મજુરીએ લઈ ગયેલ અને તે વખતે ત્યાં ગુજરનાર આવેલા તેટલી હકીકત સાબીત થાય છે પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ આ જગ્યાની માલીકી અને કબજા બાબતે વ્યાજબી શકથી પરની હકીકત ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી અને તેથી સ્થળ ઉપર અઠીયા અને સીકંદર હાજર હોય અને ત્યાં મહંત આવે તેનાથી આ આરોપીઓએ જ આ મહંતનું ખુન કરેલ છે તેવુ માની ન શકાય કારણ કે, જે ખુન થયુ તેનો બનાવ આ સાહેદે જોયેલ નથી તે સંજોગોમાં ઉપરોકત દલીલ ફરીયાદપક્ષને લાભકર્તા નથી.

**૨૧.૧૧ વધુમાં દલીલ કરેલ છે કે,** સાહેદ પ્રતાપ નારણ કટારીયા આંક–૪૭૭ :– આ સાહેદને આંક ૫૯૯ વાળા ગામ નમુના નં.–૨ ના કુલ ૬ કાગળો ક્રમ નં. ૫૬૭ ની નોંધ શ્રીસાંઈઆશા ડેવલપર્સ કુલ ૫૮ પ્લોટ ઝાંઝરડાના જયનગરની જમીન ના ખરીદવા પેઢીના ભાગીદાર ધમેન્દ્ર ડી. ભાનુશાળી અને કનૈયાલાલ દયારામ તા.

૩૦/૧૦/૧૨ ના આંક ૪૭૮ વાળુ મુખત્યારનામું આ સાહેદ ને મળેલ જે અસલ સોધતા ન મળેલ પણ તે નોટરી કરેલુ છે દસ્તાવેજ મળી ન આવતુ હોય ત્યારે તેવુ દસ્તાવેજ થયાનું અસ્તીત્વ હોવાનું નોટરી થયેલ હોવાનું સીબત થતુ હોય સંપુર્ણ આખરી આંક આપી ઘ્યાને લઈ શકાય અને લેવા અરજ અને ઉલટમાં સ્પષ્ટ જણાવેલ કે જે દિવાલ પાડેલ ને અમારી જમીનમાં પાડેલ હતી તેનું મુખત્યારનામું જુનાગઢ થયેલ અને નોટરી કરેલુ સ્પષ્ટ જણાવે છે જે અસલ તેની પાસે હતુ પણ ખોવાઈ જતા પુરાવા અધિનીયમની કલમ ૬૩ મુજબ સેકન્ડરી પુરાવાનો દસ્તાવેજ તે સંજોગોમાં માની શકાય અને ઘ્યાને લેવા અરજ.

આ સાહેદે સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ કે જમીનનો દસ્તાવેજ થયા બાદ તેની દેખરેખ ખેતલીયા દાદા મંદિરના મહંત રામબાપુ રાખતા હતા, અને બનાવના દિવસે મરનાર રામાનંદબાપુનો ફોન આવેલ કે તમારી પાસે જે પાવર ઓફ એટર્ની જયનગર જમીનની છે તે લઈને તમો જુનાગઢ આવો અમુક માણસોએ દિવાલ તોડી નાખી છે એટલે આપણે તેની સામે એસ.પી.માં ફરીયાદ કરવા જવુ છે. આ સાહેદ આ દસ્તાવેજ લઈને રાજકોટ થી નીકળેલ અને જેતપુર પહોંચતા ત્યાં મને ખબર પડેલ કે રામાનંદબાપુને કોઈએ ગોલી મારી દીધેલ છે. અને મરણ ગયેલ છે અને જે સમાચાર મળેલ તે બાબતે મે તેના ડ્રાઈવરને પુછતા જાણવા મળેલ કે જુસબે ગોળી મારી દીધેલ છે. (આમ મરનાર એસ.પી. જુનાગઢમાં ફરીયાદ કરવા જાય તે પહેલા આ હાલનો

બનાવ બનેલ અને રામબાપુનું મૃત્યુ થયેલ) અને આ બનાવ જમીન વિવાદ ના કારણે બનેલ.

આમ આ સાહેદની જુબાનીથી પણ ત્હો. ૧ થી ૧૧ નાઓએ જમીન માલીક ત્હો. નં. ૮–૯ નાએ જમીન વેચાઈ ગયેલ હોવા છતાં વધુ પૈસા પડાવવા માટે અગાઉ થી ગોઠવણી કરી નકકી કરેલ અને તે ગોઠવણ મુજબ આ બનાવ બનેલ હોય તમામ આરોપીઓ આ આગળની હકીકતે સંડોવાયેલા હોવાનું સ્પષ્ટ પણે સાબીત થાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત દલીલ જોવામાં આવે તો, ઉપરોકત સાહેદના નામે પાવર ઓફ એટર્ની થયેલ છે અને બનાવના દિવસે ગુજરનારનો ફોન આવેલો તેટલી હકીકત સાબીત થાય છે અને આ સાહેદ બરનાવ સ્થળે હાજર ન હતા અને તે સંજોગોમાં ઉપરોકત પુરાવાથી આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી.

**૨૧.૧૨ વધુમાં દલીલ કરેલ છે કે,** આર્મ્સ એકટ મુજબનો ગુનો સાબીત થયેલ છે

**ઉપરોકત દલીલનો જવાબ :**

પરંતુ ચર્ચા કરી તે મુજબ આ ફાયર આર્મ આરોપીના કબજામાં હતુ કે આરોપીએ તેનો ઉપયોગ કરેલ હતો તેવી કોઈ હકીકત ચુકાદામાં ચર્ચા કરી તે મુજબ વ્યાજબી શકથી પર સાબીત થયેલ નથી તે સંજોગોમાં પેરા–૪૦ ની દલીલનો કોઈ લાભ મળી શકે તેમ નથી.

DISTRICT & SESSIONS COURT JUNAGADH.
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**૨૧.૧૩ વધુમાં દલીલ કરેલ છે કે,** આ કામમાં બનાવની વિગત જોતા આરોપીઓએ પ્રથમ થીજ મરનારની દેખભાળ વાળી જમીન પડાવી લેવા કબજો કરવા અને પૈસા પડાવવા માટે ગેરકાયદેસર બધાએ ભેગા થઈ નકકી કરી અને હાલનો બનાવ બનેલ છે સૌ પ્રથમ ત્હો. નં.–૨ સીકલાએ માણસો ધ્વારા જયનગર ની જમીનનો વંડો પાડવા લાગેલ, વંડો પાળીને લોખંડનો દરવાજો કાઢીને લઈ ગયેલ જે આગળની વિગતે પંચનામા મુજબ કબજે કરેલ અને તેનું વજન કાંટા પર વજન પણ કરેલ જે વંડો પાડવાની મરનારને ખબર પડતા ત્યાં સ્થળ પર જઈ ત્હો. નં.–૨ સાથે વાત કરેલ અમારી જમીન નો વંડો શું કામ પાડો છો આરોપી નં.–૨ એ કહેલ જમીન અમારી છે જુસબને મળી લ્યો અને જુસબે પણ મરનારને ફોન પર વાત કરી ધમકી આપેલ અને સીકલાએ ત્હો. નં.–૨ નાએ કહેલ કે જમીન અમારી છે કાગળીયા મારી પાસે છે એટલે મરનારે બતાવવાનું કહેતા લેવા ગયેલ, અને ત્હો. નં.–૨ નાએ કાગળીયા આવી ગયાનું જણાવતા ના મરનાર ગુજરનાર ફરીયાદી સાથે ત્યાં ગયેલા અને ત્હો. નં.–૨ સાથે ત્હો. નં. ૧ અને ત્હો. નં. ૪, ૫, ૬, ના એક સાથે મરનાર ઝાંઝરડા ચોકડીએ ઉભા હતા ત્યાં પાંચેય ત્હોમતદારો એક સાથે કારમાં આવેલ અને મરનારની કાર સામે ત્હો. નં. ૧ ની કાર ઉભી રાખી અને ત્હો. નં. ૧ નાએ કારમાંથી દરવાજો ખોલી નીચે ઉતરતા મરનાર અને સાહેદ જુસબ ઓળખી જતા ભાગવા જતા ત્હો. નં. ૧ નાએ ફાયરીંગ કરી આંક ૫૬૨ ની ફરીયાદ મુજબ મરનારની કારના કાચમાં થઈને મરનારને જમણી બાજુ નેણ ઉપર માથાના

કપાળના ભાગે ઈજા થતા મોત થયેલ અને બધા પાંચેય આરોપીઓ એક સાથે કારમાં નાશી ગયેલ અને ત્હો. નં. ર ના સીકંદર અને ત્હો. ૩ સલીમ ઉર્ફે અઠીયાને આંક–૧ ૫૧ ના પંચનામાથી કાર સાથે પકડતા જે કાર પંચનામાની વિગતે ત્હો. નં.–ર ની હોવાનું જણાવેલ તે કારમાંથી આંક ૫૪૩ થી ૫૫ર ના દસ્તાવેજો વાદવાળી જમીનના મળી આવતા તે મુદામાલ તથા સ્વીફટ ડમ્ડાયર કાર નં. જી.જે.–ર૪–એ–૪ ૮૪૯ સાથે કબર્જે લીધેલ અને તેમાં બન્નો પંચો અને પોલીસની રૂબરૂ તરીકે સહી છે જેમાં કબજા સાટાકરાર ત્હો. નં. ૧૦ ના સલીમ ઉર્ફે ભુરીયો હુશેન સોઢા ના નામનું શ્રી ભીખા અરજણ અને રૈયાબેન ભીખા પાસે કરાવી લીધાનું કબજે લેવાયો જે આંક–૫૪૩ થી રજુ થયેલ છે અને બનાવ બાદ કારમાં આવેલ બધા આરોપીઓ એક સાથે નાશી ગયા આમ મરનાર જમીના મુળ માલીક ગુજરનાર ત્હો. નં.–૮ નગા લખમણ અને ત્હો. નં.–૯ રામા નગાની સાથે મળીને જમીન પડાવવા કબજો કરવા તે દસ્તાવેજ કરેલ આ હકીકતે ગેરકાયદેસર મંડળી સાબીત થાય છે બધા ત્હો. આગળ વિગતે વાતચીત કરી પછી બોલાવી એક સાથે કારમાં પાંચેય ત્હો.એ આવી મરનારની કાર સામે કાર ઉભી રાખી ત્હો. નં. ૧ જુસબે દરવાજો ખોલી નીચે ઉતરી મરનારની કાર ઉપર ઉપરની વિગતે ફાયરીંગ કરી મોત નીપજાવી તમામ પાંચેય આરોપીઓ સાથે કારમાં ભાગી ગયેલા

જે હકીકતે આરોપીઓ સામેઆઈ.પી.સી.કલમ ૧૪૯,૧૪૮,૧૪૭ સ્પષ્ટ પણે સાબીત થાય છે.

**Sessions Judge**
**Junagadh**

**ઉપરોકત દલીલનો જવાબ :**

પરંતુ અત્રે ફરીયાદપક્ષ પાસે કાયદેસરનો વેચાણ દસ્તાવેજ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને તેમજ કબજો પણ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી અને તેથી કોઈ આરોપીના તરફેણમાં કોઈ દસ્તાવેજ થાય તેથી ગેરકાયદેસર મંડળીના તત્વો પુરવાર થઈ જતા નથી અને તે માટે કોઈ ગુનો થયેલ છે કે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવા માટે આ મંડળી રચાઈ છે તેવી હકીકત વ્યાજબી શકથી પર સાબીત કરવી પડે અને ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીઓની સંડોવણી આ કામમાં વ્યાજબી શકથી પર સાબીત થયેલ નથી તેથી ઉપરોકત દલીલનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(૨૨) ફરીયાદપક્ષે રજુ થયેલ ચુકાદાઓ અંગે :**

**(1) HARIVADAN BABUBHAI PATEL V. STATE OF GUJARAT**

(B) Evidence Act, 1872 (1 of 1872) Secs. 8 & 27 Indian Penal Code, 1860 (45 of 1860) Secs. 302 & 201 Held, discovery/recovery of incriminating facts/recovery of dead body etc., admissible under Sec. 8 of Evidence Act, even if panch witnesses have turned hostile.

ઉપરોકત કેસની હકીકત અને હાલના કેસની હકીકત ભીન્ન છે અને નામ. સુપ્રિમ કોર્ટના રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશનો જે ચુકાદો ૨૦૨૨ લાઈવલો (એસસી) પાના નં. ૮૪૩ ના કેસમાં જે રીતે ત.ક.અ.

એ પુરાવો આપેલ તેજ પ્રકારનો પુરાવો ડીસ્કવરી પંચનામા માટે હાલના કેસમાં ત.ક.અ. એ આપેલ છે તે સંજોગોમાં ઉપરોકત નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના સિધ્ધાંત મુજબ આ ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી. વધારામાં બનાવ સ્થળે આરોપી જુસબ હતો અને જુસબે આ તમંચામાંથી ફાયરીંગ કેરલુ છે તેવી કોઇ હકીકત વ્યાજબી શકથી પર પુરવાર થયેલી નથી.

**(2) KHACHAR DIPU 2 DILIPBHAI NAKUBHAI VS. STATE OF GUJARAT**

(B) Indian Penal Code, 1860 (45 of 1860) Sec. 302 of evidence Appreciation Held, evidence of hostile witness cannot be rejected in toto - The Court accepting part of evidence of hostile witness which supports version of prosecution case. (See Paras 17 and 18)

**(3) 2012 CRI.L.J. 1926 (SUPREME COURT) Bhajju alias Karan Singh Vs. State of M.P.**

(B) Evidence Act (1 of 1872), S. 154 -Hostile witness - Reliability - Evidence of hostile witnesses can be relied upon by prosecution to the extent to which it sup-ports prosecution version of incident.

**(7) 2016(3) G.L.H. 214 SUPREME COURT**

**Deveraj Vs. State of Chhatisgarh**

CRIMINAL APPEAL - CRIMINAL TRIAL - Whether test hostil e evidence that has came on record can be relied upon or not -Held the evidence of a witness who has been declared hostile can be relief if there are some other material on the basis of which the such evidence can corroborated So that part

of evidence of a witness as containe examination-in-chief which remains unshaken even after cross-exan ins is fully reliable even though the witness has been declared hostile.

ઉપરોત સિધ્ધાંત માનવા આ અદાલત બંધાયેલી છે પરંતુ જે સમર્થન હોસ્ટાઈલ થયા બાદ જે સાહેદનું મળેલ છે તે સમર્થનમાં આરોપીઓની સંડોવણી પુરવાર કરવા માટે પુરતુ નથી તે સંજોગોમાં આ ચુકાદાઓનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(4) AIR 1996 SUPREME COURT 3035**

**State of Rajasthan Vs. Kishore**

(B) Criminal P. C. (1974), S. 156 - Investiga-tion - Irregularities and illegalities committed by investigating officer - Will not thereby ren-der prosecution case untrustworthy.

Mere fact that the investigating officer commit-ted irregularity or illegality during the course of the investigation would not and does not cast doubt on the prosecution case nor trustworthy and reliable evidence can be cast aside to record acquittal on that account.

DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

આ કામમાં સીધા પુરાવાથી કે હીયર સે પુરાવાના અપવાદથી કે સાંયોગિક પુરાવાથી કે કબુલાતથી આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી અને તપાસક રનાર અમલદારનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭ મુજબ ડીસ્કવરી પંચનામા પુરવાર કરવા માટે પુરતો નથી તે નામ. સુપ્રિમ કોર્ટના રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશનો જે ચુકાદો ૨૦૨૨ લાઈવલો

(એસસી) પાના નં. ૮૪૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે મુજબ સાબીત થતુ નથી તેથી આ ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(5) DILPESH BALCHANDRA PANCHAL V. STATE OF GUJARAT**

CRIMINAL TRIAL

Witnesses Indian Penal Code, 1860 Fact that independent witnesses were not (45 of 1860) Sec. 302 examined would not cast doubt on the prosecution version -- "Independent witnesses are never forthcoming", and hence, prosecution would have to rely on evidence of relatives etc.

કોઈપણ કેસમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૩ મુજબની હકીકત વ્યાજબી શકથી પર આરોપીઓને સંડોવવા માટે ફરીયાદપક્ષે સાબીત કરવી પડે અને તે કઈ રીતે સાબીત થતી નથી તેની ચર્ચા કરેલ છે તેતથી ઉપરોકત ચુકાદાનો લાભ મળી શકે તેમ નથી.

**(6) AIR 1989 SUPREME COURT 754**

**Lalji and Others V. State of U.P.**

Penal Code (1860), S. 149 Uulawiul assembly Member of -Cannot be acquitted for lack or corroboration as to their participation in offence committed by assembly.

આ કામમાં ચર્ચા કરી તે મુજબ આરોપીઓની સંડોવણી સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી કે આરોપીઓની કબુલાતથી કે હીયર સે પુરાવાના

**Sessions Judge**
**Junagadh**

અપવાદોથી કઈ રીતે સાબીત થતી નથી તેની ચર્ચા વિગતવાર કરેલ છે તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(7) (2010)7 Supreme Court**

**Criminal Appeal No. 239 0f 2005**

A. Penal Code, 1860 - Ss. 34 and 302 - Ingredients and applicability of S. 34 Common intention - Proof - Need if any, to establish prior concert or overt act - Principles reiterated - Held, for applicability of S. 34 two or more accused should be present and common intention and participation of accused in crime must be established -- Essence is simultaneous consensus of minds of persons participating in the criminal act and such consensus can be developed on the spot However, not mandatory for prosecution to bring direct evidence of common intention on record and this depends on facts and circumstances of case - Also, not necessary for prosecution to establish, as a matter of fact, that there was S. 34 pre-meeting of minds and planning before crime was committed involves vicarious liability and therefore, if intention is proved but no overt act is committed, the section can still be invoked

In the present case all four accused had gone together armed with three guns and one spear and after shouting, making their minds clear, had fired at deceased Bh causing gun injuries and spear injury on his shoulder which caused his death -- Hence, their conviction under S. 302 r/w S. 34 sustainable

**(9) 2003 Supreme Court CAses (Cri) 1156**

**STATE OF RAJASTHAN V/S. NATHU AND OTHERS**

A. Penal Code, 1860 - Ss. 149 and 302/149, 454, 451 and 148 - Murder - Unlawful assembly - Common object - Vicarious liability - High Court confirming conviction of accused D under S. 302 IPC, but acquitting the other four accused of the offence under Ss. 302/149 on the ground that there was absence of common object and no overt act had been attributed to the said four accused-Long-standing enmity between PW 1 and the accused persons - All the five accused armed with formidable weapons entering into the house of PW 1 by breaking the wall and on finding PW 1 not there, butchering his two_children-Concurrent finding of courts below that the five accused had formed an unlawful assembly - Further, on facts, it was clearly deducible that the accused persons formed the unlawful assembly with a common object of eliminating PW 1 and his family members - Held, once an unlawful assembly comes into existence, each member of the assembly becomes vicariously liable for the criminal act of any other member of the assembly committed in prosecution of the common object of the assembly - Thus, there was no need to record a definite and specific finding as to a which particular accused out of the members of the unlawful assembly caused the fatal injury On facts, S. 149 held to be applicable - High Court's order reversing convictions and sentences recorded by the trial court against the said four accused, set aside

Allowing the appeal preferred by the State, the Supreme Court

આ કામમાં ચર્ચા કરી તે મુજબ આરોપીઓની સંડોવણી સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી કે આરોપીઓની કબુલાતથી કે હીયર સે પુરાવાના

અપવાદોથી કઈ રીતે સાબીત થતી નથી તેની ચર્ચા વિગતવાર કરેલ છે તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(8) STATE OF GUJARAT V. AMRA SAMAT RABARI**

(B) Indian Penal Code, 1860 (45 of 1860) - Secs. 302, 149, 307, 143, 148 & 504 - Dying declaration - F.I.R. given by deceased - Same corded by Police Head Constable Deceased described incident in F.I.R. and named all accused as assailants - Evidence by said Head Constable that deceased was in a conscious state of mind and put his signature on F.I.R. - Held, F.I.R. can be said to be a dying declaration - Further, F.I.R. though not exhibited by trial Court can be read in evidence as same proved by evidence of Head Constable declaration corroborated by medical evidence Dying Dying declaration reliable

અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતી નથી તેથી ઉપરોકત ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

(11) PANDURANG KALU PATIL VS. STATE OF MAHARASHTRA

(A) PRECEDENTS Constitution of India, 1950 -Art. 141

Decisions of Privy Council - So long as Supreme Court does not take a contrary view the decisions of Privy Council are binding on High Courts - Division Bench of Bombay High Court disagreed with the ratio of Privy Council decision although Supreme Court had reiterated the principle laid

DISTRICT & SESSIONS COURT, JUNAGADH DISTRICT
सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

down by the Privy Council - Held, the High Court "erred into the matter of judicial discipline". (See: Paras 1, 2, 4 & 7)

(B) Evidence Act, 1872 (I of 1872) - Sec. 27 - It is fallacious to treat "fact discovered" within the Section as equivalent to the "object produced" Recovery or production of object need not necessarily result in discovery of a fact - Fact can be discovered pursuant to information by accused if such disclosure is followed by a variety of causes one of them being recovery of object - Priniciples stated.

ઉપરોકત કેસની હકીકત અને હાલના કેસની હકીકત ભીન્ન છે અને નામ. સુપ્રિમ કોર્ટના રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશનો જે ચુકાદો ૨૦૨૨ લાઈવલો (એસસી) પાના નં. ૮૪૩ ના કેસમાં જે રીતે ત.ક.અ. એ પુરાવો આપેલ તેજ પ્રકારનો પુરાવો ડીસ્કવરી પંચનામા માટે હાલના કેસમાં ત.ક.અ. એ આપેલ છે તે સંજોગોમાં ઉપરોકત નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના સિધ્ધાંત મુજબ આ ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(12)** 2010 (3) Crimes 201 (SC) Sanatan Naskar & Ant. V/s. State of West Bengal

(a) Indian Evidence Act, 1872 Section 27-No confessional statement made to police relied upon by the Courts below Only the objects recovered, on the basis of statement of the accused while in police custody relied upon to by the Court to complete the chain of events These acts not hit by the mis chief of Section 27.

ઉપરોકત કેસની હકીકત અને હાલના કેસની હકીકત ભીન્ન છે અને નામ. સુપ્રિમ કોર્ટના રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશનો જે ચુકાદો ૨૦૨૨ લાઈવલો (એસસી) પાના નં. ૮૪૩ ના કેસમાં જે રીતે ત.ક.અ. એ પુરાવો આપેલ તેજ પ્રકારનો પુરાવો ડીસ્કવરી પંચનામા માટે હાલના કેસમાં ત.ક.અ. એ આપેલ છે તે સંજોગોમાં ઉપરોકત નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના સિધ્ધાંત મુજબ આ ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

**(13) 2000(4) Crimes 41 (SC)**

**State of Kerala Vs. P. Sugathan & Anr.**

(i) Indian Penal Code, 1860-Sections 302 and 120B-Murder-Criminal conspiracy-Appeal against acquittal-Deceased earlier had secret love affair with A2-A1 paramour of A2 at relevant time-Ai caused death of deceased--Deceased allegedly tried to revive earlier intimacy and Al and A2 conspired together and killed deceased-No evidence to suggest that A2 was averse to revival of intimacy with deceased and shared secret love affair with Al-Circum-stance that deceased was seen in company of Al and A2 not sufficient to held that A2 agreed to kill him-Screaming of her at relevant time suggest her presence and reluctance to share common intention to kill or seeing him being killed-Alleged circumstances to prove existence of conspiracy not proved-Al was rightly acquitted of offence u/s 302 and 120B.

(ii) Indian Penal Code, 1860-Section 120A and 120B-Criminal conspiracy-Proof of offence.

**Sessions Judge**
**Junagadh**

આ કામમાં ઉપરોકત ચુકાદાની હકીકત મુજબ કે સિધ્ધાંત મુજબ દસ્તાવેજી પુરાવાથી કે મૌખિક પુરાવાથી કાવતરાની વિગત ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી અને તેજ રીતે, કોઈ બાબતમાં અલગ અલગ ભીન્ન લખાણ થવાથી કાવતરુ સાબીત ન થાય અને તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાનો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી.

ઉપરોકત સંજોગોમાં તહોમત મુજબનું તહોમતનામુ ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર આરોપીઓ સામે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદા નં.૯.૧ અને ૯.૨ નો નિર્ણય નકારમાં આપી મુદા નં. ૯.૩ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આરોપીઓ (૧) જુસબ ઉર્ફે જુસો અલારખા સાંધ ઉ.વ.૩૭, રહે. ગામ રવની તા. વંથલી (૨) સીકંદર ઉર્ફે સીકલો સુલેમાન હાલા, ઉ.વ.૨૪, રહે. જોષીપરા, આધિત્ય શાક માર્કેટપાસે, જુનાગઢ (૪) હાજી જુમા સમા ડફેર, ઉ.વ.૩૭, રહે. બાલવા, તા. જામ જોધપુર, હાલ નાંદરખી, તા. જુનાગઢ (૫) યુસુફ ઉર્ફે ઈસા જુમાભાઈ કેવર ડફેર, ઉ.વ.૩૩, રહે. શાપુર, તા. વંથલી(૬) હારૂન આમદ ગંભીર, ઉ.વ.૨૩, રહે. સકકરબાગ, રામદેવપરા હુસેની ચોક, જુનાગઢ (૧૦) સલીમ ઉર્ફે ભુરીયો હુસેનભાઈ સોઢા, ઉ.વ.૩૨, રહે. મજેવડી દરવાજા, ભારત મીલના ઢોળા ઉપર, જુનાગઢનાઓને જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ફર્સ્ટ ૧૬૪/૨૦૧૨ થી ઈ.પી.

કોડની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૪,૩૮૭,૪૨૭,૧૨૦(બી),૪૪૭ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી મુકત કરવામાં આવે છે.

**જ્યારે આરોપી નં.૩ સલીમ ઉર્ફે અઠીયો સુલેમાન હાલા, આરોપી નં.૭ જાવીદખાન ઉર્ફે જાવલો કાસમખાન અગવાન, આરોપી નં.૮ નગા લખમણ રાઠોડ, આરોપી નં. ૯ રામા નગા રાઠોડ અને આરોપી નં.૧૧ અવતારસીંગ ઉર્ફે ફેન્સી જોગીન્દરસીંગ લબાના નાઓ ચાલુ ટ્રાયલે મરણ ગયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.**

(૨) સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામમાં મળી આવેલ મુદામાલ આર્ટીકલ નં. ૩૨ તથા ૩૩ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૨૩૪ મુજબ સરકાર ખાતે દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે રાજય પોલીસ મ્યુઝિયમમાં મોકલવા માટે એસ.પી., જુનાગઢનાઓને અપીલ સમય બાદ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ સી.આર.પી.સી. ની કલમ–૪૫૨ મુજબ બીન કિંમતી મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**Sessions Judge**
**Junagadh**

(૫) કિંમતી મુદામાલ અંગે વિ. ચીફ જયુડી.મેજી., જુનાગઢને હુકમ કરવામાં આવે છે કે, સી.આર.પી.સી. ની કલમ–૪૫૨(૩) માં ઠરાવ્યા મુજબ ન્યાયીક નિર્ણય વ્યાજબી સમયમાં કરવો.

(૬) આ કામના આરોપી નં.૧ જુસબ ઉર્ફે જુસો અલારખા સાંઘ, રહે. રવની, તા. વંથલી, જિ. જુનાગઢનાઓ અટકાયતથી લઈને અત્યાર સુધી કાચા કામના કેદી તરીકે જેલમાં રહેલ છે અને હવે તેને આ અદાલતથી નિર્દોષ ઠરાવેલ છે ત્યારે તેને જેલ મુકત કરવા માટે જેલરશ્રી, જુનાગઢને તાત્કાલીક યાદી અને આદેશ કરવામાં આવે છે. જો, હાલના આરોપી નં. ૧ જુસબ ઉર્ફે જુસો અલારખા સાંઘ ની બીજા કોઈ ગુનામાં જરુર ન હોય તો તેને જેલમાંથી મુકત કરવાનો રહેશે.

હુકમ આજ તા.૨૦મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

તા. ૨૦ –૦૪–૨૦૨૬
સ્થળ : જુનાગઢ.

**(ભુપેન્દ્રકુમાર જી.દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જુનાગઢ
(કોડ નં.જીજે૦૦૪૬૯)

**Sessions Judge**
**Junagadh**